બનામે ખુદા.

ડિયાની લોહી

અથવા

ફરજપર ફીદા.

નાટક ત્રણ અંકી.

વિક્ટોરીયા નાટક મંડળીને માટે ખાસ

રચીને જોડનાર—

રતનજી ફરામજી શેઠના

શાહનામુ અને ગુજરાતી સાઇક્લોપિડિયા, બાદશાહ પરીન, ખુદાદાદ, ગુલખુશરો, [illegible], દીલદાર દીના વગેરે નાટકો અને જેપાન અને જેપનીઝ, આઇને અકબરી, લોર્ડ બેકનના નિબંધ, વગેરેના

કર્તા.

મુંબઇ.

જાનેવારી સને ૧૯૧૫.

કિંમત ૫ આના.

બનામે ખુદા.

ક્રિયાની લોહી

અથવા

ફરજ પર ફીદા.

નાટક ત્રણ અંકો.

વિક્ટોરીયા નાટક મંડળીને સારૂ ખાસ

રચીને જોડનાર--

રતનજી ફરામજી શેઠના

[illegible] યાને ગુજરાતી સાઇક્લોપિડિયા, પાકઝાદ પરીન,
[illegible]પ, ગુલખુશરો, યારબાજ, દીનદાર દીના વગેરે નાટકો
અને જેપાન અને જેપાનીઝ, આઇને અકબરી,
લૉર્ડ બેકનના નિબંધ, વગેરેનો

કર્તા.

મુંબઇ.

જાનેવારી સને ૧૯૧૫.

કિંમત ૭ આના.

એક સુચના.

આ "કીયાની લોહી અથવા ફરજપર ફીદા" ખેલ ગુજરાતીમાં ભજવી બતાવવાનો હકક વિકટોરીયા નાટક મં... આપેલો છે. પણ તે મરાઠી યા ઉરદુ ભાષામાં તરજુમો કરવાનો તથા ... પ્રગટ કરવાનો તમામ હક રચનારે પોતાને સ્વાધીન રાખ્યો છે. ... કોઈબી સાહેબે આ ખેલનો કોઇક રીતે ઉપયોગ કરવો હોય તો લખ... રજામંદીથી કામ આરંભવામાં જોખમ નથી.

લા૦ સેવક,

રતનજી ફરામજી શેઠ.

"... ફોર્ટ પ્રીન્ટીંગ પ્રેસ"માં માણેકજી જીવનજી તવરીઆએ છાપ...
નં૦ ૧) પારસી બજાર સ્ટ્રીટ, કોટ, મુંબઇ.
...નજી ફરામજી શેઠનાએ પોતાને માટે છપાવી પ્રગટ કર્યું છે
નં૦ ૮ ધોબીતલાવ સ્ટ્રીટ, મુંબઇ.

કિયાની લોહી.

નાટક પાત્ર.

ગુલબાનુ..........કયકોબાદની બહાદુર ધણીયાની.
તેહેમીના..........રૂસ્તમની અદરાવલી બાનુ. ગુલબાનુની બેહેન.
સરોજીની........ રાયસિંહની એક પુરી બેટી.
દીના.............સોલીશાહની બેટી.
જરાં.......... દીનાની મસીઆઇ બેહેન.
બતીજા } ......બનાવટી ઓરતો.
સોઝા }

મરદ પાત્ર.

રાયસિંહ.........રતનપુરનો દાવાદાર ઠાકોર.
કયકોબાદ.........રતનપુરનો બાહોશ દીવાન.
રૂસ્તમ...........રતનપુરનો પોલીસ સુપ્રિટેનડંટ.
શિયાવક્ષ..........કયકોબાદનો બેટો.
દારાં.............માજી એટરની ફીરોજશાહનો બેટો.
કાલીંદી............રાયસિંહનો કાવત્રાંબાજ સાથી.
બહાદૂર...........રાયસિંહનો એક સાથી.
જૈત્રપાળ...........કાલીંદીનો હમશરીક.
સોલીશાહ............એક ભોળો ભલો ગૃહસ્થ. દીનાના બાવા.
હોમી..............દીનાના હાથનો ઉમેદવાર.
ફરામ...............જરાંના હાથનો ઉમેદવાર.
હીરાજી..............નીમ હકીમ.
એકુ ચોટલો.........એક ચકડોલ જુવાનીયો.
સાપુર સેમ્પલ......૨૦ મી સદીનો અપ ટુ ડેટ સેમ્પલ.

તે શિવાય—

ભીક્ષુકો, સીપાઇ, વારાંગના, પોહેરીગર વગેરે.

રતનજી ફરામજી શેઠના ના

રચેલા ગ્રંથો.

નાં૦	પુસ્તકો.	કિંમત.
૧—જ્ઞાનચક્ર પુસ્તક ૧ લું	... ...	રૂ ૩— ૦— ૦
૨—જ્ઞાનચક્ર ,, ૨ જું	... ...	રૂ ૩— ૪— ૦
૩—જ્ઞાનચક્ર ,, ૩ જું	... ...	રૂ ૩— ૦— ૦
૪—જ્ઞાનચક્ર ,, ૪ થું	... ...	રૂ ૩— ૦— ૦
૫—જ્ઞાનચક્ર ,, ૫ મું	... ..	રૂ ૩— ૦— ૦
૬—જ્ઞાનચક્ર ,, ૬ ઠું	... ...	રૂ ૩— ૦— ૦
૭—જ્ઞાનચક્ર ,, ૭ મું	... ...	રૂ ૩— ૦— ૦
૮—જ્ઞાનચક્ર ,, ૮ મું	... ...	રૂ ૩— ૦— ૦
૯—આઇને અકબરી	... ...	રૂ ૨— ૦— ૦
૧૦—લૉર્ડ બેકનના નિબંધ	... .	રૂ ૧— ૮— ૦
૧૧—પાકજાદ પરીન નાટક	.. ...	રૂ ૦— ૮— ૦
૧૨—ચાઇનીજ ટેલ્સ વાર્તા	... ...	રૂ ૧— ૪— ૦
૧૩—જેપાન અને જેપાનીજ	... ...	રૂ ૧— ૮— ૦
૧૪—જેપાની ભાષા	... ...	રૂ ૧— ૦— ૦
૧૫—જેપાની શિક્ષક (મરાઠીમાં)	...	રૂ ૦—૧૨— ૦
૧૬—પોશાકની ફેશીન	... ...	રૂ ૦—૧૨— ૦
૧૭—ફોટોગ્રાફી	... ...	રૂ ૦—૧૨— ૦
૧૮—કાચ કામનો હુન્નર...	.. ...	રૂ ૦—૧૨— ૦
૧૯—ગુલખુશરો નાટક	... ...	રૂ ૦— ૪— ૦
૨૦—મેરીકોરેલીના નીતિ વચનો...	..	રૂ ૦— ૮— ૦
૨૧—સંજ્ઞા દર્શક કોશ	.. ..	રૂ ૧— ૦— ૦
૨૨—દીનદાર દીના નાટક...	... ...	રૂ ૦— ૮— ૦
૨૩—મેસમરીઝમ ...	... ...	રૂ ૦— ૬— ૦
૨૪—સુંદર હેલન	... ...	રૂ ૦— ૬— ૦
૨૫—સામાન્ય હુન્નર જ્ઞાન	... ...	રૂ ૧— ૦— ૦
૨૬—હકદારનો હક વાર્તા	... ...	રૂ ૧— ૦— ૦
૨૭—કીયની લોહી નાટક ..	... ...	રૂ ૦— ૬— ૦

ઠેકાણું—નાં૦ ૮ ધોબીતલાવ.

બનામે યજદાન.

રતનજી ફરામજી શેઠના કૃત--

ક્રિયાની લોહી

અથવા

ફરજપર ફીદા.

અંક ૧ લો—પ્રવેશ ૧ લો.

સ્થળ—દીવાનખાનું.

દીખાવ—[કિમતી ફરનીચરથી સણગારેલો હૉલ, સ્ટેજની ડાબી તરફ માળપર જવાનો દાદર છે. જમણી તરફના ડાબા કૉરનરમાંથી દાખલ થવાનો રસ્તો. સામી તરફ વચોવચમાં મોટી કાચની બારી ગુલબાનુ બારી ઉઘાડી બહારનો દેખાવ નીહાળતી જણાય છે. શિયાવક્ષ ચોપડીમાંથી ગાયન ગાતો જણાવો.]

ગાયન ૧ લું.

વાલી જગવાલી, તારી ફુલવારી
તારી દોઆથી, સંકટ કર હમ સહુના તું પાર.—
મુરાદ આસાન, કર તું દાતાર
જગમા તું એક પાલન હાર.
ભલું તું જગનુ કર હમ સહુનું.—

[બહાર બંદુકોના બાર થઇ લોકોની બુમરાણ સંભળાય છે, શિયાવક્ષ માયને વળગે છે.]

શિયાવક્ષ--(બારી પાસે દોડી જઇ) ઓ ! મમા ! મમા ! એ વળી શાનું તુફાન જાગીયુંછ ?

ગુલ--(પાસામાં દાબી કોચપર લાવી બેસાડતાં) દીકરા ના બીહી. એ તો મુવો રોજનો ધડક ધુજારો ચાલુ છે. પેલા બહારવટીયા રાયસિંહના માનસોએ વળી આપસ આપસમાં તુફાન જગાડેલું લાગેછ !

શિયાવક્ષ--પણ મમા ! આય બહારવટીયાઓ બધાં લોકોને એમ ઉશકેરી ઘડી ઘડી કાંય તોફાન જગાડતા હોશે ?

ગુલ—દીકરા, રાયસિંહ આપણા રાણાની ગાદીપર પોતાનો દાવો રજુ કરી રાજયનો પોતે હકદાર છે એમ ઠેડવવા માગે છે તેથીજ જયારે ત્યારે આય પ્રમાણે ફીતનો તથા ફીશાદ ઉભો કરી નાસબર લોકોને પોતાની સાથમાં લઇને ઉશકેરે છે, અને તેઓને પોતાના હથીયાર બનાવી રાજને મેહેનત આપે છે.

ફેકોબાદ--કેમ મારાં વ્હાલાંઓ શું વાત ચલાવી રહ્યાંછ ?

શિયાવક્ષ--પપા ! (ભેટે છે) વ્હાલા પપા, તમે આયા ! કેવી ખુશહાલી ?

ગુલ—ફેકી, તમે જલ્દી આયા તો ઠીક થયું. ડીયર ! હુલડખોરોનાં તુફાનને લીધે મને રાત દહાડો તમારા થકી કેટલી બધી ફીકર ઉપજેછ ! (હેતથી ભેટે છે.)

ફેકોબાદ—વ્હાલી ગુલ ! રાયસિંહે જે જબરૂં તોફાન ફરીથી ઉઠાવ્યું છે તે તુફાનને પોંહોંચી વળવાની મારી ફરજ છે, અને એ મારી ફરજ બજાવવામાં મને મોજ મળેછ ! એક સાચ્ચા દેશ ભકત તરીકે હું મારી ફરજને જેટલી વ્હાલી ગણુંછું તેટલુંજ ફરજમાં આવતાં મ્હોતને પણ વ્હાલું ગણુશ.

ગુલ—(સુગઇ વેવરણા લઇ) બાબા ! એમના બોલો ડીયર ! જો તમે તમારા એક ખુદા, એક રાજા અને તમારા દેશને ચાહી, તેના તરફની સાચ્ચી ફરજ બજાવોછ તો પછી તે ખુદા તમુને કેમ ભુલશે ?

(દારાં હાંફતો ધભરાતો દોડી આવેછે.)

દારાં—ફેકોબાદ શેઠ મ્હને માફ કરજો. વગર રજાએ હું અંદર આયોછ?

ફેકોબાદ—ઓહો દારાં ? ભલે આયો, પણ એમ ધભરાયછ શાનો ? બેસ, બેસ, તું થાકેલો લાગેછ.

દારાં—(ઉશકેરાઈ) હું થાકેલો નથી. મારી આવી હાલત પેલા રાયસિંહની ટોલકીથી થઇ ચુકીછ; પણ હવે મારો વારો આયોછ કે હું મારા બાવાજીના ખુનીઓને શોધી કાઢવામાં ફતેહમંદ થયોછ.

ફેકોબાદ—(ઇંતેજારથી) બોલ, બોલ આગળ બોલ. હું સદા તારી તરફ દીલસોજ છેઉં તેવોજ રેહવશ અને તુને મદદ કરસ.

દારાં—ફેકોબાદજી ! તમે જાણોછ તો ખરા કે, મારા બાવા માહારાણા અજીતસિંહના વિશવાસમાં હોવાથી તેવણુને સરકારી વકીલ બનાવ્યા; તેવણુની ફરજ જે પોતાના ધંધાની રૂહે હતી તે તેવણે મોતવેર બજાવી, ને તે ફરજ બજાવતાં તેઓ પ્રપંચી ખુનીઓને હાથે ભોગ થયા. ખુનીઓ એટલાથી નહિ ધરાતાં હમારા મકાન અને કુટુંબપર કેહેર વર્સાવવા લાગા. તેમની હેબતથી બીચારાં માયજી મરણ પામ્યા, ને છેલ્લો ભોગ હું રહ્યો. મને તેઓએ કદી નીરાંતે સુવા દીધો નથી; તેથીજ હું તેમનો જાસુસ બની આ બહારવટીયાઓનું વડું મથક શોધી શક્યોછ.

ફેકોબાદ—ત્યારે તો હું મારા સીપાઇઓને સાથે લઇને તે બદમાશોનાં ગુપ્ત રહેઠાણુપર અચાનક હુમલો કરી, તેમના કરતુકોની સજાએ પોંહચાડશ !

દારાં—(આસપાસ જોઇ તીણે સાધે) તમે ધીમે બોલો! દીવાન સાહેબ આગલા વખત હવે વહી ગીયાં. હવે તો અંહી જયાંબી ઉભા રહીએછ ત્યાંની હવામાંબી વાત કરવામાં ભયછે. આજવેર આપણે જેને મુગી ચીજો સમજતા હતા, તે ચીજો હવે કાનાસોરી કરવા લાગીછે. તમે તમારીપરની વિશ્વાસ ના રાખતા. તમારી જબાન તમુને ફસાવસે! નહિ બોલવાનું તે કહી દેશે. તમારા કાન તમુને દગો દેશે! જયાં સાંભળવાનું હશે ત્યાંજ તે બેહેરા થશે. તમારો સ્વાસ તમુને ઠગશે! જયારે તમુને જીવવાની જરૂર હશે ત્યારે તે દમ રૂંધી નાખશે. બધે પ્રપંચ ફેલાયોછ! હવામાં, આકાશમાં, પ્રકાશમાં જગેજગ જેહાનમાં ફીતુર ફેલાયુંછ! અવિશ્વાસનું રાજ થયુંછ.

ગુલ—દારાં! (પસવારી) ના ઉશંકેરા! અંહી બધા વિશ્વાસુછે, અમસા પોતીકાથી છુપી ખબર ના છુપાવ.

દારાં—જે દિવસે મે મારા બાવાને લોહીના ખાબોચીયામાં પડેલા દીઠા ત્યારથી હું મારા પોતાપર પણ વિશ્વાસ રાખતો નથી, તો કોઇ પર કયાંથી રાખું? કેકોબાદજી તમારા માનસો ઇમાની હશે, હોયબી, પણ મ્હને તેઓપર ઇતબાર નથી. જે નદીનું પાણી ઉપરથી કાચ જેવું નિતળ જણાયછ, ત્યાંજ તેની તળીયે કાદવ વસેછે! જે ગોલાબ ઉપરથી ખુશનુમા જણાયછે ત્યાં તેની તળીયે કાંટા છુપાઇ રહેછે.

કેકોબાદ—ત્યારે તું કેહેવા શું માગેછ? હું ત્હને મદદ કેમ કરૂં? મારી ફરજ કેમ બજાઉં?

દારાં—તમારા શાંત અમલમાં ખલ્લલ કરનારા વરૂઓ પાસેના જંગલમાં વસેછે. ત્હમે જો હિમ્મત કરતા હોવ તો મ્હારી સાથે ચાલો, જાતી તપાસ કરી ખાતરી કરો, ને પછી પ્રપંચીઓને તદબીરથી જેર કરી કયદ કરો.

કેકોબાદ—હું પણ એમજ ધારૂં છું!

ગુલ—ડીયર કેકી? હવે રાત પડવા આવી ત્યારે શું ત્હમે હમુને એકલાં મુકીને જશો? સહવારે નહિ જઇ શકશો?

કેકોબાદ—એમ બનેજ નહિ! વ્હાલી, જહાં ફરજની વાત આવી તહાં આએ નાચીજ દુન્યાની દરેક મ્હોબતને ઠોકરે મારવા હું તૈયાર થવશ. રાણા અજીતસિંહનું મે નીમક ખાધુંછ, અને હું બતાવી આપસ કે પારસી બચ્ચો જેનું નીમક ખાયછ તેનું નીમક વફાદારી અને જાનફેશાનીથી હલાલ કીધા વગર કદી રહેતો નથી. દારાં, ઉપર જઇ મારા હથીયારો લઇ આવ, કે આપણે હવે અંહીથી જઇએ.

(દારાબ માળપર જાય છે.)

ગુલ—મારા બહાદુર ધણી તમે સધાવો ને હસતે મોહને જલ્દી પાછા આવો; ખુદાપર વિશ્વાસ રાખજો.

કેકોબાદ—(શિયાવક્ષને ખોળામાં બેસાડી) બેટા શિયાવક્ષ, તું તારી માય—માસાને હિમ્મત આપજે. કદાચ એમબી બને કે હું પાછો નહિબી ફરૂ, તો તૂં યાદ રાખજે કે, તારો બાપ પોતાના દેશ તરફની ફરજ બજાવતાં મુવોછ, અને તે બાપની યાદને મગરૂરીથી દીપાવવાની કોશેશ કરજે. કેમકે જે પોતાની ફરજ બજાવવામાં મરણ પામેછે; તે મરણ પામીયા છતાંબી કીર્તીવંતરૂપે જીવતો રહેછે.

શિયાવક્ષ—પપા! ખુદા આપુને જલ્દીથી પાછા મેળવશે. તમારા માટે હમો ખુદા પાસે બંદગી કરશું.

કેકોબાદ—જીવતો રેહેજે બેટા (કીસલેછે) અને આપણું કીયાની લોહી દીપાવજે.

(એક ઘેરનું માણસ છુપાતો ભરાતો તેમની વાત સાંભળેછે, ને ભરાઈ જાયછે)

(દારાબ તેહેમીના સાથે હથીયાર લઇ દાખલ થાયછે.)

કેકોબાદ—તેહેમીના? તારી તબીયત સારી નથી તે નીચે કાંય આવી?

તેહેમી—ભઈ કેકોબાદ મને હમણાંજ દારાંએ સઘળી ખબર આપીછ, તેથી હું તમુને દરેક ફતેહ ઇચ્છવા આવીછ. ખુદા પાસે દુવા ચાહુંછ કે તમો તમારી ફરજ બજાવી જલદીથી હસતા પાછા ફરો.

(દારાબ કયકોબાદને હથીયારો પેહેરાવેછે ઉપર ઝબ્બો ઓઢેછે. બને હથીયારબંધ બનેછે. પગમાં રબરના બુટ પેહેરેછે.)

કેકોબાદ—થેંકયુ ! (વ્હાલાંઓને છાતીસે દાબી) મારા વ્હાલાંઓ હું સહવાર સુધીમાં દારા સાથે પાછો આવી મળશ. મારી ગેરહાજરીની ખબર આપણા માણસોને વકીક પડે નહિ તેની ચોકાસી રાખજો.

દારાં—કેકોબાદજી ! આપુને પેહેલાં શિવગઢનાં પુલ પાસે જવું જોઇએ. તેજ જંગલમાં ફીતુરી બહારવટીયાઓનું મથક છે.

કેકોબાદ—ચાલ દારાબ ! વખત ખોવામાં ફાયદો નથી. બહારવટીયાઓનો મળવાનો વખત રાત્રે ૯ વાગા પછીનો હોય છે, માટે આપણુંને તે વખત આગમજ જઇ આવવું જોઇએ. વ્હાલાંઓ સલામ ? ખુદા તમારો નિગેહબાન ?.

ગુલ—સાહેબજી વ્હાલા. ખુદા તમુને જશ આપી ફતેહ સાથે પાછાં ફેરવશે.

શિયાવક્ષ—સાહેબજી પપા ! (કીસ લેછે. કેકોબાદ વીદા થાય છે. સર્વે બારીએથી જોય છે.)

ગુલ—ચાલો, આપણે ખુદા પાસે આપણા વ્હાલા માટે બંદગી કરીએ, કે તેમને ફીતુરીઓની જાલમાથી બચાવી પોતાની ફરજમાં જશ આપી સહીસલામત પાછા લાવે.

તેહેમી
ગુલબાનું } — ગાયન.
શિયાવક્ષ

કર કર કરમ હમપે, જગતવાલી રેહેમાન
જેહાંપે તુજ રહમ કરતા૦—

શાહા હમારો, રાજ હમારૂં
જગત સકલપર કાયમી પામે.
રાજ ભકત બની. નામ પ્રકાવો દેશ ભકિતમાં.
નેક તું આપ, સબુધ્ધિ આપ
ઘડી ઘડી નીસદિન મનમાં૦—

(બંદગી કરીને ગુલ શિયાવક્ષ માળ ઉપર ચઢેછે, તેહેમીના પાછળ પાછળ ઉપર ચઢેછે. તેટલાં રૂસ્તમ દાખલ થતાં તેહેમીને ઝીણી સીસોડી મ્હોને વજાડી ચેતવેછે. તેહેમી રૂસ્તમને જોતાં આવી ભેટેછે.)

તેહેમી--(નીચે દોડી આવી શેકહેંડ કરેછે) વ્હાલા રૂસી !

રૂસ્તમ—ડીયર ! કેમ આજે તમારૂં મ્હોનું ઉતરેલું જણાયછ ?

તેહેમી--હા પણ ડીયર ! કંઇ લાંબે વખતે આજે તેહેમીના યાદ આવી ?

રૂસ્તમ—હું શું કરૂં ? હાલમાં રતનપુરમાં ચાલી રહેલા ગંભીર મામલાને લીધે મારેથી એક જગે ઠરીઠામ પડી રહેવાતું નથી. આજે અંહી તો કાલે કાંહાં સેંકડો માઇલપર ધરપકડ કરવા ફરતાં રહેવું પડેછે. એબી થોડા વખતમાં સમી જશે પછી તું વ્હાલીને રોજ મળશ. (ભેટે છે.)

તેહેમી--મરેરે, અમારાં લગનમાં મુવાં રહીરહીને હમણાંજ કહાંથી વધનો ફુટી નિકળીયાંછ ?

રૂસ્તમ—વ્હાલી (પાસામાં દાબી) એકમેકપર મ્હોબત કરનારાં પ્રેમી જોડાંનાં લગનમાં વધનનો આવવાનાંજ, એ ખુદાના ઘેરનો એક કાયદોછે.

તેહેમી--જો એમજછે વ્હાલા, તો મારે સબુરી રાખવી જોઇએ. સબબ મોહબત સાથે વિચાગ, દુખ અને આશા એતો રેહેવાનાંજ.

રૂસ્તમ—ડીયર તેહેમી, તારા મધુર હલકે એક મધુર ગાનુ ગા, કે મારી આજની જંજાલની થાક ઉતારૂં, મનને શાંત કરૂં, દિલ ખુશહાલ બનાઉં.

ગાયન.

તેહેમીના--મારા સૌહાગ જીવનના આધાર
બક્ષો ખુદા મારો સુખ સંસાર૦—
રૂસ્તમ—તું મુજ વ્હાલી, છે જીંદગાની
સુખની પ્યાલી, તું જાવીદાની
તું વીન ખાલી, આ જીંદગાની

તેહેમીના—મુજ સનમ, તું છે સનમ, સંગ જનમ, સાથ મુજ કરમ૦—

(ગુલબાનું રાત્રે પેહેરવાના કપડામાં હેઠે ઉતરી આવેછે)

ગુલાં—ઓહો રૂસ્તમ, તેહેમીને બેહેકાવવા વળી આયોછ કે ?

તેહેમીના—ગુલાં, એવણુનોતો રોજનો કંટાળો આપવાનો ધારો છે.

રૂસ્તમ—આજે તમોને કંટાળો સાનો ઉપજેછ ? રોજના જેવા આજે તમો હસતા જણાતા નથી તેનો કોઇ સબબ !

(બન્ને હસીને વાત ઉડાવે છે. તેટલાં શિયાવક્ષ સુવાનો કીમાનો પેહેરી દાખલ થાય છે)

શિયાવક્ષ--મમા ! હું આજે જમ્યા વગર સુઇ જાઉંછ.

રૂસ્તમ—ઓહ્નો, શિયાવક્ષ દીકરા (પસવારે છે) કેમ આજે જલ્દી સુઇ જવા માગેછ ? કેમ પપા હજી આયા નથી કે ?

શિયાવક્ષ—(ભોલાઇથી) તેવણુતો હમણાજ હથીયારબંદ થઇ દારાબ સાથે બહાર ગીયાછ !

રૂસ્તમ—(ચોંકી) હેં "હથીયારબંદ થઇ ગીયાછ" ? મને જણાવો, કયકોબાદ કહાં ગીયાછ? કોઇ જ્યાધારે ગંભીર મામલો તો નથી ?

(એક માણુસ કામને મસે ઓરડમાંથી ફરી જતાં કાનાસોરી કરે છે બહારની બારી ધીમેથી ખોલી કોઇને ઇશારત કરેછે)

ગુલાં—રૂસી ધીમે બોલ. એવણુની આજની ગેરહાજરી માણુસોથી પણ છુપી છે. એવણુ કોઇ તેવાજ છુપાં કામ માટે ગીયાછ ?

રૂસ્તમ—મને કેહેવો, ના છુપાવો હાલમાં ચાલી રહેલો મામલો એવો-છે કે અમસાં પોતીકાઓથી છુપાવવો ઘટતો નથી.

તેહેમી—રૂસી તમેતો આજે અમારી પાસે રેહેજો. મરે આજે કંઇ અમુને ફોકટની ધસક લાગ્યા કરેછ.

રૂસી—મને ખુલાસેથી કહો મારાથા ના છુપાવો.

તેહેમી—રૂસી કેકોબાદને હમણાજ દારાબે આવી બહારવટીયા રાયાસિંહ-ના મથકની મળેલી ખબર આપી, તે બતલાવવા શિવગઢના પુલ તરફ તેવણુ ગીયાછ.

રૂસ્તમ—મને એમાં દાવપેચ લાગેછ, કોઇની બિછાવેલી જાલ લાગેછ. દારાબને કૈકોબાદ રખે તે જાલમાં ફસી પડે. હું હમણાજ એ લોકની પાછળ જાઉંછ.

તેહેમી—રૂસી તુંબી શું જે ? પોતે ધભરાઇ બીજાને ધભરાવી મારેછ. રૂસી હમુને કંઇ આજે બિહીક લાગ્યા કરેછ. આજની રાત તું અંહીજ રેહેજે.

રૂસ્તમ—હું એક પળ પણુ થોભશ નહિ.

શિયાવક્ષ—(વચમાં ધસી) મમા ! માસીજી ! એવણુને જવા દેવો. જશે તો સારૂં થશે, મનેબી બાવાજી માટે બિહીક લાગેછ.

ગુલાં—(પાસામાં દાબી) દીકરા એમ કાંય બોલેછ ? તું એમાં શું સમજે !

શિયાવક્ષ—મમા ! મને ધાસતી લાગેછ, કેમ જે મે ગઇ રાતે ઘણોજ ખરાબ સપનો જોયોછ ! (ડરેછે)

ગુલા—શું કેહેછ દીકરા ! મને જલદી કહીદે !

શિયાવક્ષ—ગઇ કાલે રાત્રે (આંખો વીંચી યાદ કરતો, ઉભો થઇ દૃઢ અવાજે) મે એક સ્વપનું જોયું કે, જાણે બાવા આપણા માહારાણાજીને મળવા ગીયાછ ; આપણા મહારાણાજીનો મેહેલ માઇલો સુધી અંધકારથી ઘેરાયલા જંગલમાંછે.

બધે ચંદ્રમા ને તારાનો પ્રકાશ ફેલાઇ રહયોછ. બાવા ચાંદરણામાંથી રસ્તો કાપી આગળ ચાલવા લાગા તેટલામાં એક ધુવડનો અવાજ સંભળાયો, ચારે દીશા કમકમી ઉઠી! પવન ફુકાવા લાગો! ઝાડોના પાંદડા અફલાઇને ખરવા લાગ્યાં! પગે પાંદડાં કચડાવા લાગ્યા! એકપછી એક સેતારા ઝાંખા થવા માંડયા ને આખરે ચંદ્રમાં વાદળાં તળે છુપાયો! અંધકાર ફેલાયો, કે તુરત વરસાદ વરસ્યો! બાવા આગળ વધ્યા, કે કોઇએ તમને ઘેર્યા, પકડયા અને તેવણ જખમી થઇ પડયા (ગુલ ચીસ પાડેછે, બધા બિહેછે) તેટલાં અચાનક ચંદ્રમા પ્રકાશ્યો, તેવોજ એક ફરેસ્તો નાગી તલવાર સાથે ધસી આયો! બાવાને છોડવ્યા! પણ તે પોતે કેદ થયો નજરથી ગુમ થયો! તે એજ રૂસ્તમ!

ગુલ—(ચીસ પાડી) ઓ ખુદા એ શુ ભેદ?

તેહેમી—નિર્દોશ બચાંના સ્વપનાં કદી ખોટા પડતા નથી.

રૂસ્તમ—ખુદા જાણે મે જયારથી કયકોબાદના જવાની વાત સાંભળીછ, ત્યારથી મ્હારૂં મન મને એમજ કહેછ કે મારે તેમની પાછળ જવું.

શિયાવક્ષ—રૂસ્તમ ખુદા ખાતર તમે જાવો. મારા પપાને મદદ કરો.

રૂસ્તમ—હું જવશ તમો લોક ડરતા ના. આપણા માનસોને હોશીયાર રહેવા કહી હમણા જાઉંછ. મારી ફરજ બજાઉંછ, ચાલો સાહેબજી.

ગુલ—ઓ રૂસી તમે કેવા મેહેરબાન છેવ? (શેકહેંડ કરે છે) જાવો ભલે સધાવો. ખુદા તમારો ને મારા ધણીનો નિગેહબાન થાવો.)

(શિયાવક્ષ ને તેહેમી ઉપર જાય છે)

શિયાવક્ષ--સાહેબજી રૂસ્તમજી.

૫૩૬૨
૯

રૂસ્તમ--(તેહેમીને બાજુ લઇ હાથ પકડી) વ્હાલી તેહેમી, આય મારી વીંટી તારા આંગળાને કેવી શોભા આપેછ તે જો, કેમકે તેજ પ્રમાણે મારા નામુરાદ અંતઃકરણને તારૂં જીગર ઢાંકી રાખેછ. વીંટી સાથે આય જીગર પણ તારી પાસે રાખજે, એ બન્ને તારાંજ છે. હવે આય તારા સેવકને તારી પાસે એક બક્ષીસ મેળવવાનો હકક છે. એટલે આય ગુલામનું હમેશનું સુખ તુંજ કાયમ કરી નાખશે.

(કીસ લે છે, તેહેમી ઓવરણા લે છે)

તેહેમી--વ્હાલા હું તમારે માટે બંદગી કરસ ! તમો બન્નેપર ખુદાની રેહેમ ઉતારવા અરજ કરસ ! .

(રૂસ્તમ તેહેમીને ભેટી જાયછે । તેહેમી બારણાને કળ દેછે; બતી ધીમી કરી ઉપર જાયછે. થોડા વખતમાં અંધકાર ફેલાતાં બારી બહારથી અજવાળું જણાયછે. કાચ ભાંજી મ્હો છુપાવેલા જાસુસો બારીમાંથી દાખલ થઇ માળ ઉપર તેહેમી પાછળ જાયછ, તેહેમીને એક જણ ઘસડી લાવેછે. તેણી છુટવાની તદબીર કરેછે.)

૧ ભેદી--(ખંજર બતાવી) ખબરદાર ! સેહેજબી અવાજ નહિ થાય !

તેહેમી--(ધ્રુજતી ધીમે) તમે કોણ છો ? બાઇ માણસથી શું માગોછ ! ગમે તો હમારૂં સઘળું લુટો પણ મને ના મારો.

૨ ભેદી--હમુને કશું જોઇતું નથી. દીવાનજી કયાં ગીયાછે તેની અમુને ખબર આપ.

૧ ભેદી--ખરૂં બોલ ? જુઠું બોલીશ તો પ્રાણ ખોઇશ.

તેહેમી--હું જાણતી નથી. મને ખબર નથી.

૧ ભેદી--તું એમ નહિ બોલશે ? ત્હારૂં ગળું દબાશે, જીવ નિકળશે ત્યારેજ તું બોલશે.

(ગુંગળાવેછે તે ચીસ પાડેછે. ગુલાં દોડી આવેછે તેને બીજો પકડી લેછે. પાછળથી શિયાવક્ષ

આવી ચેતી જઇ પીસ્તોલ લાવવા ઉપર
પાછો દોડી જાય છે.)

ગુલાં--(ધ્રુજતી) ઓ ખુદા ! ઓ ઇનસાનોના દુશમનો તમો શું માગોછ ?

૨ ભેદી--(હેઠળ પકડી) બાઇ સાબ ! તમે ઠીક મલ્યા. બોલો દીવાન-
સાબ કયાં છે ?

ગુલ--જયાં સુધી મ્હોનામાં જબાન છે, જાનમાં જાન છે ત્યાં સુધી
પતો નહિ આપશ. ચોરોને કોઇ પકડો–દોડો.

[ઉપરથી શિયાવક્ષ દોડી આવી પીસ્તોલ
ફોડે છે, અવાજથી પોહોરેગીરો બારી-
માંથી કુદી આવેછે. એક માણુસ જખમી
થાય છે. તેમને ખુલ્લા કરે છે.]

શિયાવક્ષ—ચોર બદમાશ ! (પિસ્તોલ ફોડે છે)

૧ ભેદી—પકડો એજ છોકરાને !

શિયાવક્ષ—(બીજો બાર કરતાં) દુરજ રેહેજો. નજદીક આવશે તો
જાનથી જશે. (પીસ્તોલથી તે ડરી સ્થબ્ધ થાયેછે આથી
શીયાવક્ષ તેને પકડવા હુકમ કરેછ) આય ચોરને જલ્દી
પકડો રસીથી જકડો.

તેહેમી-ગુલ—નાપાક શયતાનો હવે તમે છુટી શકવાના નથી.

સીપાઇ—બાઇ સાહેબ ના ડરો. જુઓ એમના ચેહેરા કે, એવો કોણુ
બદમાશ છે ?

ગુલ—(ઓળખી) કોણુ જવાનખાં ? કોણ મહાદેવ ? મારા નોકરો મારાજ
દુશમન ?

શિયાવક્ષ—ખુદ ઘરમાં ફીતૂર, બહાર ફીતૂર, ફીતૂરની જાલ બધે છવાઇછ.

(ત્રણે જણુ ખુદાના શુકર કરે છે. ભેદી
જાસૂસોને કેદ કરી લઇ જાય છે.)

ડેઅલો.

અંક ૧ લો--પ્રવેશ ૨ જો.

સ્થળ--સ્ટેશન નજદીકનો રસ્તો.

[દૂરથી રેલ્વે લાઇન જણાય છે. દીના પેરેસોલ ઓઢેલી ઘરપચમાં દાખલ થાય છે.]

દીના--(મનસે) હું કંઇ માથેની ઓછી નથી. પપા મારી નામરજી છતાં કુવામાં હોમાવવા બેઠાછ ખરા, પણ હું કયાં દાદ આપવાની છેઉં ?

(સામી તરફથી હોમી લાકડી ફેરવતો ઝડપમાં આવે છે)

હોમી--(મનસે) હું કંઇ જેવો તેવો કાફર છું ? કેમ બોલ્યા નહિ ! એ સોલીશા બેહેલીશા મનમાં ચાહે શું પીએચ ? જો એ દીનાને મારી સાથે નહિ ગોઠવશે તો હું દીનાનાં લગન મારી સાથે કરવાની એવી તો ફરજ પાડશ કે મારે પગે લગાડી સસરો બનાવશ ! કેમ શું ધાર્યું ? .

દીના--(સામે જોતાં) એ કોણ હોમી ડીયર !

હોમી--કોણ મારી સ્વીટી ? બ્યૂટી ? (બન્ને શેકહેંડ કરે છે.)

દીના--ડીયર ઠીક થયું તું મલી ગીયોતો ?

હોમી--(ગભરાઈ જોતાં) પણ છે શું ? તું અંહી સ્ટેશન વેર સાની દોડી આવી ?

દીના--પેલો મુબઇગરો એદુ ગોટલો આજે અંહી આવી ગગડવાનો છે. એ મુવાને હમો લોકોએ નજરે જોયો વંટીક નથી, ને બાવા તો

તેના કાગળ ઉપરથી લટ્ટુજી થઇ જઇ મારૂં તેની સાથેજ નકી કરવા બેઠાછે.

હોમી--(ગોર કરતો હોય તેમ) સમજ–જયારે તારા બાવાએ આય એદુ ગોટલાની શિકલ કદી જોઇ નથી, તેં તેને કદી નજરે દીઠા નથી, ને મેં તેનો પડછાયો પણ જોયો નથી, ત્યારે એ અંહી આવી ગગડે તો આપણે એને ઓળખશું કેમ?

દીના--(એક ફોટો બતાવતાં) એ મુવાએ પોતાના કાગળ સાથે ફોટોબી મોકલી દીધોછે. અને બાવા જાણે એની સાથેજ પોતે પરણવાના હોયની તેમ તેની શિકલપર આશક પડીયાછે, ને મને કુવામાં હોમાવવાની ગડબડ કરી રહ્યાંછે.

(ફોટો બતાવતાં તેપર આંગળા મારેછે)

હોમી--ડીયર તું જો તો ખરી. હું એ ઉલ્લુને કેવા કુવામાં હોમાઉંછ તે? ફકત તું મને આય તેનો ફોટો આપ કે અતર ઘડી તેનો ઘાટ કેવો ઘડુંછ તે જો.

દીના--હોમી મારી બધી આશા તો તારામાં છે જો. (છાતીપર ઢોંગથી માથું નાખી દે છે) તારી હોશીયારી પર તો હું હજી ખુશહાલ ફરૂંછ; નહિ તો કયારની હેબતે હેબતે મરી જતે જો?

હોમી—(ઢોંગથી પ્યાર કરતાં) આ મારા કલેજાના કટકા, તું એમ વગર નોટીસે મરી ના જતીજો.

દીના—તેથી તો અગાઉથી કહી મુકુંછ; નહિ તો જોજે હું જીવપર કરસ. એ મુવા ઈડીયટને કોઇબી સૂરતે વચમાંથી અફેદફે કરી મુકજે.

હોમી—ડીયર, ડીયર! તું એમ ચીબી ના થા. એ ગોટલાની કાસળ કાઢી એવો અધર લટકાવી દેવસ કે તે રડશે ફોકેફોક ને તેની ખુશહાલીનાં તું પુરસે ચોક. કેમ નહિ બોલી મારા કલેજા?. પછી દીના હોમીના ને હોમી આય સ્વાટીનો! (કીસ લે છે.)

ગાયન.

દીના—સંગમાં વ્હાલાના સંગમાં
સોહાગ સાહાએ વ્હાલા પતિના સંગમાં, ઉમંગમાં.—
સુખનો સોહાગ મારો તું છે જેહાનમાં.
સત વચન રહું સુખ દુઃખ સંગમાં
તું મનમાં, આ તનમાં, હર દમના, સાથમાં.—

હોમી—હા-પણ ડીયર એ ગોટલાને બનાવવામાં અને એની કાસળ કાઢવામાં મને તારા કાકાના દીકરા ફ્રામની જરૂર પડશે. તું ફ્રામને મોકલ તેની સાથે મસલત કરીએ.

દીના—ફ્રામ તો મારા બાવા આગળ મારી મસીઆઈ બેહેન જરાના હાથની ઉમેદવારી કરવા ગીયોછ. ખુદા જાણે હસતો આવેછ કે નહિ.

હોમી—(ફ્રામને આવતો જોઇ) એજ સામેથી આવેછ.

ફ્રામ—(દલગીર ચેહેરે દાખલ થાય છે) સાહેબજી હોમી.

હોમી—આવો મારે', સાહેબજી. પણ દાળ કેમ વસણુએ ગેઇછ બપાવા ? મોઢું સાને ઉતરી ગીયુંછ ! મકુ જે કંઇ ધંધામાં ખોટબોટ આવીછ કે શું ? મકુ જે કંઇ સટ્ટામાં નાણું તો નથી ગુમાવ્યું ? કેમ બાવાજી બોલતા કેમ નથી ?

ફ્રામ—(જુઠી હાયનો દમ ખેંચી) હાય હું કેવું ઇચ્છુંછ કે હું કોઇ તાલેવંત કુટુંબમાં જનમ્યો હતે. હાય ! કેવું ઇચ્છુંછ કે હું આજે કોઇ મોટો ઓધેદાર હોતે ? હાય ! કેવું ઇચ્છુંછ કે આજે મારી પાસે પુરતા પૈસા—

હોમી—હોતે તો રેસીંગમાં જતે અને લાલ વાવટો ઉડાડતે, ને પછી મજાહી મજાહ કરતે. પણ કમબખ્ત નસીબની વચમાં ખુદાયજીએ આડો પથ્થર મુકી દીધો જેથી તું બિચારો ચલ્લીચોર જેવો રહી ગીયોછ. પણ વારૂં બીરાદરે મન તું પેલું શું જો-મકું

જે હું ઇચ્છુંછ કે તું ગધેડો જનમ્યો હોને ? અરે નહિરે મકુ જે તું તાલેવંત થયો હોતે, તાલેવંત હતે તો મકું જે તો તું શું કરતે ? તેતો કહે મકુજે ?

દીના—હોમી તારો રમુજી સ્વભાવ હવે છોડી દે અને મારા જીભરાયા ભાઇનો ખુલાસો જાણવા દે.

હોમી—જીભરાયા ભાઇનું નહિ લાગશે તો કંઇ મારૂં લાગવાનું હતું ! ચાલ કહે બા તારો શું ખુલાસો છે ?

ફરામ—કાકા સોલીશા જરાંનો હાથ મને શાદીમાં આપવા સારૂ ના પાડેછ અને કહેછ કે તેવણે એક પૈસાવાળો જમઇ જરાં માટે શોધી કાઢયોછ અને તે આજકાલમાં અત્રે આવનાર બીછે.

હોમી--ઓત તારી ! એતો આવ ભાઈ હરખા અને આપણે બન્ને સરખા તે મીસાલ થયુંછ. હું બી તાગ કાકા આગળ દીના માટે ઉમેદવારી કરવા થકી ગીયો પણ જેમ તુને તારા કાકાએ તારી ફુઇની દીકરી જરાં માટે તીંપાટ આપ્યું તેમ મનેબી તારા એ સુરીયાના કાકા તરફથી જાકુ મળીછ. ચાલ આવ દોસ્ત આપણે બેઉ જણા સાથે કોટી કરીએ ને બેઉ સાથે કોટી કરી શિવગઢના પુલ ઉપરથી નદીમાં પડી ડુબી મરીએ, (ફરામ ડોળાં ઘુરકેછ) કેમ દોસ્ત બોહયો નહિ ? અરે એમ ઘુવડની કાની શાનો ઉભોછ ? કેમ કંઈ મરવા બરવાનો વિચાર બિચાર કરેછ કે શું ? (હસે છે.)

ફરામ--અહિંઆ આતરડાં ઉઠલાએછ અને એને હસવું આવેછ. કોઇનું ઘેર બળે ને એને તાપણું સુજેછ.

દીના--તમે બેઉ જણા એમ કરશો તો આપણું કેમ થશે ? પણ ભાઇ ફરામ તારો હરીફ કોણ છે તેનું નામ બામ તો મારા બાવાજીએ કહયું હશેની ?

ફરામ--હા, કોઇ સાપુર સેમ્પલ નામનો ઇચમજી છે, જરાં તેમજ સોલીશાહે તેને જોયો વટીક નથી, પણ પોતાના કોઇ દોસ્તની

ભલામણ અને તેની તારીફ ઉપરથી એ ઉજબખ ઉપર મોહી પડીને તેને બોલાવેલો છે.

હોમી--વાહવાહ શાપુર સેમ્પલ ? હા હા હા નામ તો ઠીક છે, ત્યારે જાણે હોમી સેમ્પલ અરે નોનસન્સ હું બી શું છબરડો કરૂંછ ? શાપુર સેમ્પલ તારો હરીફ ને એદુ ગોટલો મારો હરીફ. પણ દોસ્ત ફીકર ના કર. તેને તારા રસ્તામાંથી દુર કરવાની હું તદબીર કરસ બસ તું નચીંત રહે. જરાંને તારીજ થયલી સમજ. પણ બીરાદર આપણી બેઉની હાલત એક છે, તેથી જેમ હું તારા કામમાં મદદગાર થઇ પડશ તેમ તારે મારા કામમાં પણ થવું પડશે.

ફરામ--તે વળી કેવી રીતે ?

હોમી--એની હમણાની મેલ ત્રેનમાં એદુ ગોટલો આવનાર છે તેને આપરે રસ્તા વચે ઘેરવોછ, એ અહીંઆ આવવા નહિ પામે તેવો તોર કાઢવોછ.

દીના--પણ તોર શું કાહડશે તે તો કેહ ?

હોમી--હું હમણા ડાકટર હીરાજી હકીમ ઉપર ચીઠી લખુંછ કે મારો એક સગો મેડ જેવો થઈ ગીયોછ તેને તમારી સારવારમાં રાખવા માટે લાવનાર છેઉં તેથી તેને લગતી સર્વે ગોઠવણ કરી રાખજો.

ફરામ--હા તાલતો ઠીક છે (વિચારી) પણ તું જાણેછ કેની ? કે હકીમ હીરાજીનો તો એવો ધારો છે કે કોઇ બી પેશન્ટને પોતાને ત્યાં રાખેછ, ત્યારે તેને માટે નર્સ પણ રાખવાની ફરજ ઘરાકને માથે નાખેછ. તેનું કેમ કરશુ ? નર્સ કહાંથી લાવશું ? ખરી નર્સ તો આપણાથી રખાયજ નહિ. ત્યારે હવે કરવું કેમ ?

હોમી--(ચેસ્ટા કરતો) જેમનું તેમ ને આઠમપર નેમ, ને હવે તો ગોદડું ઓઢીને સુઇ જાઓ એમ.

ફરામ--વળી તારી લહન ઉપર ગીયો કે ?

દીના--અરે લેવોની એનો ઉપાય સેહેલ છે. એ મુવાની સારવારનો પુરેપુરો ફાર્સ કરવા હું મારી મસીબાઇ બેન જરાંને નર્સ બનાવી મોકલું છ, પછી જોઇ લેજે મજાહ. એ મસ્તાન ગોધી તેને તોબાની તાલી પોકરાવશે, અને આપણું કામ કાઢશે.

હોમી--વાહ વા એ તાલ ઠીક જમશે (તાલી આપે છે)

દીના- ને ગોટલાજી આપો આપ પટશે.

હોમી--ત્યારે હું ચીઠી લખી કાઢું છ તેટલાં ફરામ તું સ્ટેશન તરફ જા ને એદુ ગોટલો ઉતરે કે રસ્તા વચે તું તેને ઘેરી રાખજે અને બને તો બે પાંચ પોર્યાંઆને તેની પુંઠે છોડજે કે તેને ખુબ બેહકાવે, તેટલામાં હું આવી લાગુંછ અને કેવો એક ઓળખતો હોઉં એવા ઢોંગ કરી મારે ઘેરે લઇ જવા ગોહોસ કરસ.

દીના--અને મરે તે ઘેર આવવા તૈયાર થશે તો ઓજ જા

હોમી--તોજ મજાહ પડશે. હું તેને ડોકટરને ત્યાં પાધરો લઇ જઇશ તે મારૂં ઘેર છે એમ કહેવશ અને ત્યાંથી આપરે સટી જઈશું પછી શું થાયછ તે જોયા કરશું.

ફરામ--વાહ વા એ તાલ ઠીક છે.

દીના--હા એ તાલ તો ઠીક છે પણ જો છટકામાંથી આપરો શિકાર છટકીને બાવાજી આગળ જાય તો પછી શું કરશું ?

હોમી--ડીયર તે વિશેબી તું ચિંતા ના કર. તેના માટે બી મે ગોઠવણ ભેજામાં ગોઠવી રાખેલી છે. (ઘડીયાળ જોઇ) અરરર ત્રેનનો ટાઇમ થઇ ગીયોછ તું જલ્દીથી સ્ટેશનપર જા, હું બી ડાકટર પર ચીઠી મોકલીને આવી લાગુંછ (ફરામજી જાય છે) કેમ દીનુ ડીયર હવે છટકામાં આપણો શિકાર સપડાયલો જોવાની મજાહ કેવી પડશે ?

દીના--હા ડીયર, ખુદા મુશકેલ આસાન કરે ને આપરી મુરાદ બરલાવે.

ગાયન.

દીના--

સંગ તારી તારી પ્યારી રહું, જાન જહાનમાં
સંગ રહીશું સદા થઈ મગ્ન;
સત રાહે નિસારૂં જીગર --
સ્વપ્ના સરીખાં, સંકટ ટાલે, ખુદા મુરાદ અપાવે
એ સંકટ, છે બીકટ, બાજીથી સહુ એમ હટી જાય.--

(બન્ને જાય છે. એક તરફથી ગોટલો હાથમાં કોથળા સાથે વિચીત્ર પોશાકમાં દાખલ થાય છે.)

એદુગોટલો--(મનસે) હું છેકતો દેખાવલો? કેમ બોલ્યા નહિ? જ્યારે હું રસ્તેથી ડોલતો ડગમગતો ચાલુંછ તો ઓળા પડેછ ને બધી રૂપસુંદરી આય સુંદર શિકલપર મોહી પડેછ. સેવકની આબરૂ સત્તર આનાની છે એમાં કંઈ ફેર નહિ. કેમકે ત્રણ વખત લાહ લીધી ને માગનારાઓને પાઇએ પાઇ ચુકવ્યું ફકત દર રૂપીએ બે પાઈ-દીઠ માંડવાલ કરી નાદાર થયો તે તો કાંઇ ડુબાડેલું કહેવાય? કેમ બોલ્યા નહિ? હવે બધી રીતે નાહી ધોઇ પરવારી ગીયો ત્યારે ફુરસદે પણવાનો વિચાર સુઝયો, તો સોલીશાહની છોકરીનું કાજ આયું? એ બી ખીલતા નસીબના નખરાંજની?. જ્યારે મુંબઈ વેરથી દોડી ધામીને આ રતનપુર વેર ભવિષની ધણીયાણી ને જોવા આયો તો સ્ટેશનપર આવકાર આપનાર કોઇ મળે નહિ. એક ટાંગો કે ગાડી બી મળે નહિ. જ્યાં જોઉંછ ત્યાં સાફ મયદાન મે સોલીશાને આગમજથી લખી મોકલ્યું હતું કે બંદા આજે આવનાર છે. છતાં કોઈ લેવા આયું નહિ? એ કેવી બે અદબી? બચ્ચા ગોટલા હવે રસ્તો પુછી પરછી આગળ વધ. સોલીશા તો મને કોઇ મુંબઇનો સાહુકાર ધારી પોતાની બેટી દીનાની

તોક મારે ગળે ઓળવવા રાજી થયોછ પણ એને શું ખબર છે કે બંદા કઇ ઓલાદના છે?.

[ફરામ થોડાક છોકરાઓને લાવી એદુની પાછળ મોકલે છે ને પોતે છુપાએછે. છોકરાઓ એદુની આસપાસ ફરીવળી કોઇ નવાઇ જેવું જાનવર હોય તેમ તેને તપાસી જુવે છે, તે ચીરડાય છે.)

એદુ--કેમરે પોર્યાઓ એમ જંગલીની કાની મને શાના ટીકીયા કરોછ? તમે લોક માંગોછ શું! (મનસે) શું આ તમામ ગામ ઘેલું તો નથી? કદા-ચ મારા જેવો શેઠીયો બાપ જનમમાં જોયો નહિ હોશે તેથીજ એવી અજાયબીથી મનેજ ટીકીયા કરેછ? (છોકરાઓ હસે છે) ખબરદાર, એમ ખી ખી ખી કરી દાંત કાઢશો તો? એક બી દાંત સલામત રેહવા નહિ દેવશ.

૧ છોકરો--આબાદ જાણે મારા બાપના તબેલામાંનું ખચ્ચર.

૨ છો૦--તેમા જરાબી શક નહીં. આબાદ ગધેડું, ફકત પુછડાની કસર છે.

૩ છો૦--ઔર ચહેરા આબાદ બંદરકા ભાઇ લંગુર જયસા.

એદુ--(ટપલી મારી) ચુપરે ચુપ. મોઢું સમાલ. એઇ છોકરા તુંમ કયા હમકું સમજયા?

૧ છો૦--નકરો જાણે મારો બકરો.

૨ છો૦--આબાદ તેજ શકલ તેજ નકલ.

એદુ--(છોકરાઓને મારવા જતાં) કયા હમ ખચ્ચર? તેરા બાપ ખચ્ચર.

૩ છો૦--દેખા બીરાદર ઇનોને અપની જંગલી જબાન કયસી પયછાની! એ આદમીકી શકલકા લંગુર અપને મમદુ

કસાઇકા ભાગા હુવા ખચ્ચરકા આદમી તો નહિ બન ગયા હોગા?

(છોકરાઓને એદુ મારવા જાય છે છોકરાઓ આંટી મારી પાડી નાંખે છે.)

ગાયન.

એદુગોટલો--

નાહક આફત ઓરી માથે, ફોકટ ફર્યો જંગલ માહે
મલે ન મકાન, યા કોઇ પીછાન.
મલ્યા આતો ઉલ્લુ, કોઇ લુલું, દીઠું ખુલ્લું મેલું
ફર્યો હાથે આ ઇનસાન.—
અંધા ખુંદા કોઇ ગંદા
બદ સુરત છે આ સંધા.
(જાઓ છોડો ફંદા)

છોકરાં--વાંદર શકલ દીઠી આજે, તેથી ખુશી આજે ગાજે
ફીદા હમ થયાંછ આ શકલપર.
દીઠો બજરબટુ, ખાસ્સો ટટુ, મીયા મીઠુ ટટુ
હસીયે સહુ આ અકકલપર.
કલ્લા વલ્લા, છે ખુબ વલ્લા
ના ઇનસાન યા ના હયવાન.--

પ્રેરામ--(ભલાઇ લેવા વચમાં પડે છે) કેમરે છોકરાઓ એ શું રમખાણુ મચાવ્યુંછ? કોઇ બીચારો અંજાણ્યો શેઠીયો તમારા ગામમાં આવે તો તેની સાથે ઠીઠી ઠાઠા થાય કે? હત લુચ્ચાઓ. (જુઠો મારે છે)

એદુ--(છોકરાઓને હાંકેછ પછી નીચે ઉપર તપાસી જોઇ) ઠીક થયું કે તમારા જેવા લાયક સમજદાર ગ્રહસ્થ મલી ગીયા. હવે જીવમાં જરા જીવ આયોછ.

(છોકરાઓ મશ્કેરી કરે છે)

ફ્રરામ--કેમરે છોકરાઓ પાધરા નથી રેહતા કે ? આય નામચીન ખાને આબાદ શેઠીયામાં હસવા જેવું તમોને શું દેખાયછ ? શું એવણુ માણુસ જેવા નથી દેખાતા ? (છોકરાઓને આંખ મારે છે)

એદુ--જુઓ તો ખરા ? શું હું ખુંદો છેઉં ? (નકલ કરે છે) શું હું ઓરાંગ ઉઢાંગ જેવો દેખાઉંછ ? શું હું કંઇ ખુબસુરતીમાં કમ છેઉં ?

ફ્રરામ--અરે નાદાનો એવણુ કંઇ જેવા તેવા રેંજીપેંજી નથી. અરે એવણુ તો મીયા માણુસ છે. તદ્દન અલ્લાવાલી દેખાયછ. જાઓ લુચ્ચાઓ ચાલતા થાવ. (છોકરાઓને ઇશારતથી દુર કરે છે)

એદુ--હું કંઇ જેવો તેવો માણુસ નથી. હું મુંબઇનો શેઠીયો ખાન બહાદુર અરદેશર ગોટલા છેઉં (બાજુ) સેંકડે નવાણું બાદ.

(હોમી પેતરા કરતો દાખલ થઇ ઢોંગથી એદુને વળગે છે)

હોમી--ઓ હો હો હો એ કોણુ એદુ બા કે ! અરે તમે કયારે આયા ? તમુને જોતાં મારા જીગરમાં એવી તો ખુશહાલી ઉપજેછ કે તમુને ભચડીને કચડીને કોટી કરૂં (એદુ દબાણુને લીધે બુમ પાડેછ) તમે મને ઓળખતા બી નથી કે ?

એદુ—ઓ બાપરે બધી પાંસળીઓ નરમ થઇ ગેઇ. બાપુ જરા ધીમેથી કોટી કરીએની ! (હોમીને) બાવાજી તમે કોણુ ?

હોમી—હું મુંબઇમાં ચોપાટી રહેતો હતો ત્યારે તમોને વાલકેશ્વરના પથ્થરપર રોજ મળતો હતો, તે શું ભૂલી ગીયા ?

એદુ—(યાદ આવવાના ઢોંગથી) જરા-સેહેજ-વાલકેશ્વરના પથરા યાદ આવેછ ખરા !

હોમી—હું તમારે ત્યાં ને તમે મારે ત્યાં કેટલીબધી વખત જમવા આવેલા તેતો યાદ કરો !

એદુ—(ફરામને બાજુ) શું યાદ કરૂં મારૂ કપાળ? નખોદ ગીયાંનો ચેહેરો સપનામાં બી કોઇ દહાડે જોયો નથી. એનું નામ નિશાન કે ધનનસલ બી જાણુતો નથી, પણુ જયારે હું આ શેહેરથી અંજાણ્યો છેઉં ત્યારે એની જુઠી ઓલખાણુનો લાભ લઈ મારૂં કામ કાઢી લેવું.

ફરામ—(બાજુ) વાહુવા એમી ઠીક. ત્યારેતો એ બંનેબાને જરૂરજ બનાવો.

હોમી—કેમ બાવાજી કંઇ યાદ આવેછેકે? યાદ છેની તમારી સાથે ચીમોરમાં મીયા મેનશાનમાં છ માસ ગુજારેલા. આપણે બેઉ સાથે ગુલીયો રમતાતા અને જયારે પોલીસનો દરોરો પડયો ત્યારે આપણે છટકી ત્યાંથી નહાસી ગીયા. ને તે પછી આપરે આજેજ મળ્યાછ? (એદુ ચોંકેછે) બસ તમે મને બરાબર ઓળખો યા ન ઓળખો, પણુ મે તો તમુને તરતજ ઓળખી કાઢયા, તેથી બસ ચાલો; મારે ઘેર ચાલો. આજે તમુને મારાજ પરોણુા થવું પડશે.

એદુ—(અકડી) અરે તમોને કંઇ એમ તસદી અપાય? મને બી કંઇ મોઢાપર નાક છે કે નહી?

ફરામ—અરે હારે ખાસ્સું પપેટા જેવું નાક છે (બાજુ) તમે હા પાડી લગે કરો, જેમ ચીરાય તેમ એને ચીરો, ગજવા તર કરો.

હોમી—તમુને મારા સમછે, બસ મારે ઘેર ચાલો.

ફરામ—અરે એદુબા આય શેઠ જયારે આહી ચીતીને તમુને તેડેછ તો કબુલ કરો.

એદુ—જયારે તમે એટલી બધી ગ્યોંહોંસ કરોછ તો મારે કબુલ છે. એ બી સારૂંજ થયું; ઉતારો કયાં લેવો તેનાજ વિચારમાં હતો તેટલા તમે ઓળખાણુ વાલા મળી ગીયા, નહિતો મને સોલીશાહનું ઘેર શોધતાં તળે ઉપર થવું પડતે.

હોમી—શું તમે સોલીશાહ સાથે સગાઇ ધરાવોછ કે બપાવા?

એદુ—આગલી કશી સગાઇ નથી ; પણ હાલમાં તેવણ મને પોતાનો જમાઇ કરનાર હોવાથી નવી ઓળખાણ થશે.

હોમી—શું તેવણની છોકરી દીના સાથે પરણવાના છેવકે ?

એદુ—(મોહમાં રસ લઇ લઇને) હા. હા તેજ મારી ચટાકેદાર, મસાલેદાર ધણીયાણી થવાની છે, તેનુ નામ સાંભળતાં અત્યારથીજ મારા જીગરમાં ને મોહનામાં પાણી છુટી જીગરમાં પ્યારના ઉછાળા થવા માંડયાંછ.

(ચેડાં કાઢે છે)

હોમી—(બહેકાવતાં) અરરરર સારૂં થયું કે તમે હજી ગોઠવાયા નથી. અરરરર ખુદાએ ખેર કીધી. અરરરર નહિતો ખુદા જાણે કેવા વેચાતે. અરરરર

ફરામ—અરરરર નખોત વળી જતે ! ધાન હારને પાટીયો થઇ જતે.

એદુ—(ચોંકીને સ્વગત) મારી નાખ્યા વળી કંઇ નવી મોહકાણ જેવું છે કે શું (હોમીને) એ બઇ અરરરરર. ભલા માણુસ એમ શું અરરર? કરોછ ? ભેદ શું છે તેતો મને જણાવો.

હોમી—વાતમાં કંઇ દમ નથીરે બા. એનો અમસતું અરરર થઇ ગીયું.

એદુ—શું તમે મારા મેહેરબાન દોસ્ત નથી ? જયાં જનમની પાળ બાંધવાની ત્યાં નીખાલસ મનની જરૂર છે, માટે મેહેરબાની કરીને એ અરરર શું છે તે જણાવો,

હોમી—એદુબા જયારે તમે બજીદજ થાવોછ ત્યારે સાંભળો; પણ જવા દેવો બા. એ વળી કયાં પીડા ! મારો ખવાસ કોઇનીબી બદગોઇ કરવાજેવો નથી. કેમ બોલ્યા નહિ, મારૂં કેહેવું ખરૂં કેની ફરામજી બા ?

ફરામ—હા બરાબર છે. એદુબા એવણને હું બરાબર ઓળખુંછ, એવણ ઘણુાજ અશરાફ આદમી છે. જુઓની બદગોઇ કરવાના નામથીજ એવણુતું દિલ કેવું થરથર કાંપેછ ?

એદુ—પણ ભલા માણુસ દોસ્તથી છુપી વાત છુપાવવાની હોયકે ? મેહેરબાની કરી ખુલાસો કરો. લેવો દોસ્તીના હક્કમાં આય મારો સુન્નાનો છેડો કબૂલ રાખો (હોમી આનાકાનીથી લેછે)

હોમી—અરે અરે એમ કાંઇ હોયકે ?

એદુ—મારા સમછે તમે રાખો (બાજુ) ગિલ્લીટ ચઢાવેલો ચોખો અઢીઆનાનો છે, વાતતો કાઢી લેવું, પછી માથે હાથ દઇ રડશે.

એદુ—(બાજુ) જેટલું લુટાય તેટલું તો લુટી લેવું ? પછી મોઢે માથે ધુળ ભરીને બેસશે.

એદુ—મેહેરબાની કરી હવે મને જલ્દી કેહવો, હવે મારાથી ધીરજ રખાતી નથી.

હોમી—ત્યારે તમે લોક મને નિંદા કરવાના પાપમાં ડુબાડવાજ માંગોછ ? ત્યારે લેવો સાંભળો. શું કેહું દોસ્ત ? એ દીનાતો ઘણાજ પાજી ને હલકા ખવાસની, છકેલ ને દુનિયાથી ઉખડેલ છોકરી છે; વળી તેમાં ભેજાની ચસકેલી, મીજાજની ધસેલી, અક્કલની ખસેલી, હલકામાં વસેલી તદન રદ્દ બાતલ છે.

એદુ—ઓહોહોહો શું એટલું બધું છકેલ ને હલકું વાજું છે ? અને એવું મેલું સોલીશાહ મારે ગળે ઓળવવા બાજી રમેછ ? પણ જોઇશું કે કોણ જીતેછ ?

હોમી—કદાચ મારા કહેવામાં હું કંઈ ભૂલચી કરતો હોવું. લોકો જરાકનું ઘણું કરવા ચુકતા નથી; માટે બપાવા તમે ચેતજો. બીચારા એકતો તમે અલ્લાવાલી ને જાતે મીયાં માણુસછેઓ તેથી તમારી હુશીયારીમાં રેહજો.

એદુ—મને કંઇ પુછવું પડે તેમ નથીજો; સેવકબી કોઇ ઓર ચીલઝડપી છેજો ?

હોમી—મને હવે સ્ટેશનપર સેહેજ કામ છે તાંહાં જઇ આઉંછ. આય મી૦ ફરામરોજ મારા મકાનની તદન બાજુમાં રહેછ. એવણ

તમુને મારેઘેર બરાબર પુગાડશે. તેટલામાં હું આવી લાગશ. (બાજુ) તું એને લાંબે રસ્તે હીરાજી હકીમને ઘેર લઇ જજે. હું જરાંને નર્સ બનાવી અગાઉથી એનો ઘાટ ઘડવા આવી લાગુંછ.

ફ્રરામ—તમે બે ફીકર રહો. હું એવનને બરાબર પુગાડશ. (બાજુ) કામ બરાબર સરંજામ ઉતારજે. જો વળી કોઇ છબરડો ના કરતો, કીનારે લાવી ડુબાડી ના મારતો.

હોમી—તું ફીકર ના કર. (એદુને) અરદેસરબા તમો એવણુ સાથે બે ફીકર સધાવો.

ફ્રરામ—ચાલો એદુબા પણ પેલા સોલીશાહથી સંભાળજો (હોમી જાય છે)

એદુ—અરે તે માટે મને કહેવું પડે તેમ નથી. (છાતી ઠોકીને) જુઓતો ખરા કે હું બધાની કેવી ફજેતી કરી મારૂં મુંબઇ ગરૂં પાની બતાઉંછ તે?

ફ્રરામ—જરૂર ફજેતી કરજો, કે કોઇ બીચારા તમારા જેવા અંજાણુને એ સોલીશા ફસાવવાની ફરી હિમ્મતજ નહિ કરે.

એદુ—તમે હવે આગળતો ચાલો પછી મજાહ જોયાજ કરજો.
ફ્રરામ—હાહા આગળતો ચાલો પછી જોવાની મજાહ છે.

(બન્ને પોત પોતાની ગતમાં રમતાં જાય છે.)

અંક ૧ લો—પ્રવેશ ૩ જો.

સ્થળ—ઝાડીવાલું જંગલ.

[બહારવટીયો કાલીંદી ઝાડને અઠેલી બીજા ઝાડના થડ ઉપર પગ મેલી ગુસ્સાભેર વિચારમાં લીન બનેલો છે. ચેહેરાપર ચંદ્રમાનો પ્રકાશ પડે છે.]

કાલીંદી—ધરતીપર વાયુના તુફાની મોજાપર મોજા ચોતરફ ફેલાઇ ગયાંછ ! આકાશમાં અંધકારનાં વાદળાં આજસુધી જે ઘમઘોર છવાઇ રહી અંધકારનો પરદો કરી બેઠાં હતાં; તેને એ જમાનાનાં પવન તેં દૂર હટાવવા માંડયા છે !. પાતાળને પ્રકાશિત કરનાર રવીરાજ ! તેં આજ વેર ત્હારાં કીરણોથી નભોમંડળના સ્થંભોને પ્રકાશિત બનાવી મેળાયાં હતાં તે કિરણો હવે તેં હમારા હકકોપર ફેંકવા માંડયા છે. બુધ્ધીના રાજા ગુરૂ ગ્રહ, તેં મ્હારી માતૃભૂમિને આજવેર વિસારી હતી, તેપર હવે ત્હારી કૃપાદ્રષ્ટી ફેલાવીછે. (બહાદુર ને જૈત્ર પાળ દાખલ થાયછે)

બહાદુર—બંધુ કાલીંદી કેવા સમાચાર !

કાલીંદી—બહાદુર ? તું મળ્યો ઠીક થયું. તમામ જગત અંધકારથી છવાયુંછ ત્યારે આપણો ચંદ્રમા પ્રકાશવા માંડયોછે.

જૈત્રપાળ—કેમ કાંઇ આપણા મંડળ યા હકકને લાભદાયક વાત બનીછે?

કાલીંદી—હા મ્હને ખબર મળીછે ! કે આપણી જાસુસી કરવા દીવાન કેકોબાદ પંડે આવનાર છે ! આપણા હાથે પ્રાણથી મુકનાર છે ?

બહાદુર—જો તે આપણી જાસુસી કરવા આયો હશે તો તેને કેદ કરશું.

તે લઢશે તો આપણે પણ લઢશું, શુરાતન બતલાવશું, કદી પાછો જવા નહિ દઇશું.

કાલીંદી—આહા ! જો એનું શિર ધડથી આજે જુદુ થશે તો કાલે આપણા કામમાંથી એક મ્હોટી નડતળ દુર થશે.

બહાદુર—બંધૂ. કાંટો દુર થવાને બદલે આપણી મુશકેલી વધશે. તેને આપણે ઠાર કરી શકીશું પણ થોડા દિવસમાં તેની જગ્યાપર બીજો નીમાશે, તે એજ કામ ચાલુ રાખશે, આપણી પુઃ પકડશે.

કાલીંદી—બહાદુર તું નામે બહાદુર તેટલો કામે કમજોર છે. જ્યારે મહારાણા અજીતસિંહ પોતાના વરિષ્ટ અમલદારનો અંત થયલો જોશે, અને આપણા સરદાર રાયસિંહ સાંભળશે, ત્યારેજ આપણી ઇચ્છાઓ ફળીભૂત થશે.

બહાદુર—કાલીંદી ! ત્હમારા જેવા વિચાર મ્હારામાં નથી એ ઇશ્વરની કૃપા સમજુંછ. મારી નેમ લુટારૂ થવાની નથી; પણ સત્ય ન્યાય મેળવવાની છે.

કાલીંદી—આપણો અને આપણા રાયજીનો હકક મહારાણા અજીતસિંહે જે લુટયો છે તેનું વેર આપણને લેવું છે. કેમકે લઢાઇમાં આપણા મુવેલા ચુનન્દા સરદારોનાં પ્રેતો આપણી સનમુખ આવી આપણને વેર લેવા થકી ઉશકેરે છે, તેપર લક્ષદો ! લઢાઇમાં જખમી થઇ મુવેલા આપણા ભાઇબંધ પોતાના જખમો તરફ આંગળી બતાવી "ત્હમે લઢો ! ત્હમે લઢો "! એમ મ્હોડેથી બુમો પાડી રહ્યાં છે, અને આપણે હજી હકક લુટનારાઓપર વેર લીધું નથી ? આથી સ્વર્ગ માહેલા તે શુરવીરોનાં આત્માઓને ચેન પડતું નથી. તેની લજ્જા કરીને પણ આપણને કાવાદાવામાં મચેલું રહેવું જોઇએ.

બહાદુર—બલ બલતા અભિમાનથી સળગી ! યોગ્ય મર્યાદાને વટાવી જવું ઠીક નથી. ન્યાય અને ડાહપણને વળગી પરાક્રમ બતલાવવામાંજ ખરી બહાદુરી છે. એમ નહિ કરીશું તો તે મુર્ખાઇનું

કામ ગણાશે. ન્યાય મેળવવા થકી જે રાયસિંહ આજે હથિયાર પકડવા તૈયાર થયાછે, તેમના જીવની યોગ્ય સંભાળ આપણને લેવી જોઇએ, એશું ખરૂં નથી ?.

જૈત્રપાળ—બંધુ બહાદુર, તમુને તમારા જીવની કિંમત ઘણી ભાસે છે, તેથી આવું નાહિમ્મત ભર્યું આચરી રહ્યાં છો.

કાલીંદી—જો સ્વતંત્રતા હોયતોજ માત્ર જીવતું રેહવામાં સાર્થક છે. સ્વંતત્રતા નષ્ટ થતાં આયુષ્યમા કયું સુખ બાકી રહેશે ? પછી જીવંત રહેવામાં પણ હાંસલશું ?.

[કાલીંદી અને જૈત્રપાળ ગુસ્સામાં ચાલી જાય છે બહાદુર તિરસ્કારની આંખે જોયા કરેછે.]

બહાદુર—એઓ-રજપૂત વીરના નામને હિણુ લગાડનાર દગલબાજ ને વિશ્વાસ ઘાતકી જણાય છે. ઠગારા લોકો આંખોમાંથી આંસુની ધારા ટપકાવેછે પણ તેમના હૈયાં પથ્થર જેવાં કઠણ રહેછે. બદમાશોની આંખોના ટેભાંપર મીઠાસ રહેછે, પણ હૈયામાં કાતીલ ઝેર ભરેલું રહેછે. વાઘ અને સિંહ વટીક પોતાનાં બચ્ચાંને પાળી મ્હોટા કરેછે ! ગીધડાં વટીક પોતાનાં બચ્ચાંને પાળી પોશી ઉધારે છે ! ત્યારે દગલબાજ માનવી એક દયાવંત કામ કરી શકતો નથી. આ ઠગારો હીચકારી રીતે તેમને ઘેરશે, તો હું તેમનો ઘાત થતાં બચાવવામાં મારૂં કરતવ્ય સમજીશ ! .

ગાયન.

બહાદુર—રાખુ હું, રાખું હું, પાપીને મારે હાથે શાંતિમા મારે સાથ
હાણું ખટપટ હું તો, શાંતિ ઝટપટ
કરૂં શાંત પ્રપંચ પાપ, હૂં હૂં મારે હાથ
રાજ ભકત વ્હાલી કરૂં મનન, છટ કપટ હાણું હું
સતપન મન ધરી વીરક્ષત્ર નામના
રાખું રાખું રાજ કાજ જગમાં—

[બહાદુર એક તરફથી જાય છે બીજી
તરફથી દારાં અને ફયકોબાદ છુપાતા
આવે છે.]

દારાં—બધે શાંતી ફેલાયલી દીસેછે! (મ્હોડે સીસોડી ફેરવેછે)

ફેકોબાદ—(દાખલ થતાં) કેમ શું છે દારા! આપણે રસ્તો તો ભુલ્યા નથી? જોજે સાવચેત રહેજે.

દારો—હું સેહેજબી ભૂલ કરતો નથી. જુઓ સામી તરફ શિવગઢના કિલ્લાના ખંડીયરનો બુરજ જણાય છે, ત્યાં જવાનો આજ રસ્તો છે. સામી તરફ મ્હોટો પૂલ છે. સંભાળજો! આય રસ્તે જવું ઘણું ભયાનક છે.

ફેકોબાદ—મ્હારી ફરજ ખાતર મ્હને આય ભયંકર જંગલ સેહેજબી ડરામણું કે ભયાનક લાગતું નથી. દારાં તું મારેથી ઘણો દૂર રહી ચાલજે, સંકટ આવે તો જીવ બંચાવવા નહાસજે.

દારાં—મ્હારા મુરબી, હું તમુને કદી કોઇબી ભયમાં છોડી જનાર નથી, મારા દમમાં દમ છે ત્યાં સુધી હું તમારી બાજુમાં ઉભો રહીને પણ લઢીશ, ફરજ બજાવીશ, ફરજમાં મરીશ.

(બંન્ને જાય છે.)

અંક ૧ લો—પ્રવેશ ૪ થો

સ્થળ—શિવગઢનો પૂલ.

[ગયાસિંહ એક ઝાડના થડપર આસન કરી વિચારમાં બેઠો છે આસપાસ કાલીંદી, બહાદુર અને બીજા મળતીયા હારેહાર ઉભા છે. સીપાહો મશાલો સાથે ઉભા છે, ચંદ્રમા પ્રકાશે છે. વારાંગનાઓ નૃત્ય ગાયન કરી મદીરાપાન સાથે કરે છે રાયસિંહ દીલગીર છે.]

ગાયન.

ભર ભર પીલાના સાકી, સાગર શરાબ કે,—
ગુલે લાલા નીરાલા, પીયાલા ચલે
બાદ એ નાબ હો, સબમેં લા જવાબ હો
હાં જામે ઇંતેખ્વાબ હો.
આનસે બાનસે, ધ્યાનસે, શાનસે,
ગાઓ રીઝાવો, સુનાવો સખી.—ભરભર.
    બને તો શીશ ફલક જામે આફતાબ બને,
    નીરાલી તાન ઉડે, ઔર નીરાલે રાગ ઉડે;
મજા હય જબકે, હરેક બોતલોસે કાગ ઉડે.
છુમ છનનન, છુમછનનન, છુમછનનન, (૨)
નાચોજી રેગમ, પધમ, મગરેસા.—

[રાયસિંહ મદીરાપાન કરતો નથી, આથી સર્વે ચિંતાતૂર બને છે.

રાયસિંહ—(સઘળાં ભણી જોઇ) મ્હારા સ્વદેશ સેવાનો વિચાર ? મ્હારા હકકની ચિંતા ! કેટલી બધી વિશાળ છે ? ચિંતા, ભૂખ અને સમુદ્ર એ ત્રણે મહા નિર્દય છે. ચિંતા માનવીની ચતુરાઇ, ચિત્ત અને દેહનો નાશ કરશે. ભૂખ પ્રાણીના અંખંડ શરીરને દયાહીણપણે રિબાવી નાખશે ! તેમજ સમુદ્ર પોતાપર વિશ્વાસ મેલી ફરતા વહાણોને દયાહીણ પણે ડુબાડી નાખવા કદી ચુકશે નહિ !. આહા ! પણ મારો મકકમ વિચાર, કદી ફરશે નહિ ! દેશ સેવા વિસરશે નહિ ! જેઓ મ્હારીપર વિશ્વાસ મેલી હકક મેળવવા માગે છે તેમની તરફ દ્રોહી બનશે નહિ.

કાલીંદી—રાયજી ! જો આમજ છે તો અમુને આ ઠોકર નજદીક આવી પડેલા શેકાર ઉપર ઝડપ મારી તેને યમલોક પોંહચાડવા આજ્ઞાં કાં નથી દેતા ?

રાયસિંહ—દગલબાજીથી કોઇપર ઘા કરવો એ બાયલાપણું છે. શુરવીરો સાથે શુરાતનથી લઢવું એ રજપૂત ધર્મ છે.

કાલીંદી—આ દીવાન કેંકાબાદ આપણી જાસુસી કરવા આવ્યોછ તો તેને તેની જાસુસીની સજા મોતના ટેપથી આપવી જોઇએ.

રાયસિંહ—તેને કળવળથી પકડશું ! તલવારના વારને તદબીરની ઢાલથી થોબાવશું.

કાલીંદી—(નજદીક જઇ અસરકારક રીતે કાનપર પડી અસર કરતાં) રાયજી! રાયજી હાલમાં તમારામાં આ કેટલો બધો ફરક પડયોછ? અગાઉ તો તમો છેક મળસકામાં ઉઠી જંગલમાં જયાં વાઘ નિંદ્રાવશ હોય ત્યાં ત્યાં તેને જાગૃત કરવા, અથવા તેના ભયંકર ગુફામાં સુતેલા સિંહને જાગૃત કરવા જતા હતા એ મ્હને ખબર છે. જયારે તે હિંસક પશુ છંછેડાઇ તમારી પર ધસી આવતો, ત્યારે તમુને કેટલો આનંદ ઉપજતો હતો ? અને પછી પેલા પ્રાણીનાં પેટમાં ત્હમે તમારો ભાલો ઘોંચી તેને કેવી સફાઇથી મારી નાખતા હતા ?

રાયસિંહ—(પ્રશંસાથી કંટાળે છે) બસકર ! બસકર ! ત્હારી તાણાઝાણી બસકર .

કાલીંદી—(ઉશકેરાતાં) અને પછી તમે શેકારમાં મારી લાવેલા વાઘના નખોને સોનામાં મઢાવીને જયારે ત્હમારા ગળામાં માળા કરી પેહેરતા ને ઉપર વ્યાઘ્રચર્મ ઓઢતા, ત્યારે હમો સઘળાને તમારા માટે કેટલી ખુશહાલી અને મગરૂરી ઉપજતી હતી ! પણ આજે તમે જેવા હતા તેવા રહયા નથી.

રાયસિંહ--(ના ખુશીથી) કાલીંદી ! તારા કાળજીગર ઉશકેરનારા શબ્દો બંદ કર. આ મારી બહાદુરીની પ્રશંસા કરનારા શબ્દો મને જોકે અગાઉ મીઠા મધ લાગતા હતા; પણ હવે તેમાંની માધુર્યતા જતી રહીછ, મારી મતી મંદ થઇછ ! .

કાલીંદી—હમો તમારા ને હમારા વ્યાજબી હકક માટે વર્ષો થયાં લઢીએ છિયે. તેમાં આય પારસી દીવાન આપણુને હમાશાં માત કરેછે. આપણે તેમને નમતા નથી તેથી તેઓ આપણુને કુતરા કહેછે. ત્યારે શું હવે હમુને નાહના બાળક પેઠે નહાશી જવાનો સમય આવ્યોછે ! .

રાયસિંહ—તું દુર દષ્ટી પોંહચાડતો નથી, આથી આમ વદે છે. પણ હવે તો કુંભારના પૈડાં પ્રમાણે મારા વિચાર ફરવા માંડયાંછે. જે પ્રમાણે ધુમાડાના ભયથી મધમાખો, અને કબુતર દુરગંધીને લીધે પોતાના માળાથી નહાશી જાયછે; તે પ્રમાણે મ્હારાણા અજીતસિંહના શુરાતમથી નહિ ! પણ માત્ર પરમેશ્વરના ન્યાયના ભયથી મને મારૂં અંતઃકરણ પાછું વાળેછે.

જૈત્રપાળ—રાયજી ! ત્યારેતો આપણે આપણા હકકનો જે ઝુંડો ઉઠાવ્યો છે તેપરના મુદ્રાલેખને ફાડી નાખો. આજસુધી મેળવેલી કિર્તી ધુળમાં રગદોળો ! અને જે જંગલમાં સિંહ પેઠે આજ સુધી હમે તમારો ભય ફેલાવ્યો હતો ત્યાં બકરાઓને ચરવાદો.

રાયસિંહ—(ઉશંકરાય) જ્યારે તમો સર્વેની એવીજ ઇચ્છા છે તો બંધુઓ આ પારસી દીવાનને કેદ કરવાનો યત્ન કરો.

કાલીંદી—હવે તમો એક શુરવીરને છાજે તેવું બોલ્યા ! તેને જીવંત યા મુવેલો હમો જરૂર મેળવીશું

બહાદુર—બંધુઓ ! આ બહાદુર પારસી દીવાન અત્રે સાહસ ખેડી આવેછે; તો તેપર અંધકારમાં ઘા કરવો રજપૂર શુરવીરોને ઉચ્ચીત નથી.

રાયસિંહ—ખરૂં છે. દીવાનને ગમે તેવી રીતે જીવતોજ કેદ કરજો, પણ તેના પ્રાણપર ત્રાપ મારશો નહિ.

[રાયસિંહ જાયછે. બહાદુર અને કાલીંદી સીપાહોને ગોઠવી કવાયદ કરાવે છે.

કાલીંદી—બહાદુરખાં રાયજીની મતી ફરેલી લાગે છે ! પણ હમારો નિશચય ટળનાર નથી.

બહાદુર—શુરવીર સેપાહચો કદી અંધારામાં ઘા કરશે નહિ. નબર-વશાને તેની નિંદ્રાવચ્ચે મારશો નહિ.

[સીસોડીનો અવાજ સંભળાતાં સર્વે છુપાય છે. દારાં પૂલ ઉપરથી આગળ વધતાં તપાસ કરી ઇશારો કરેછે. કેકાબાદ બહાર આવતાં તેની પર ચારે તરફથી હુમલો થાયછે]

કાલીંદી—ખબરદર ? એક ડગલું આગળ ભરીશ નહિ ! .

કેકાબાદ—દગલબાજો ! ફીતુરીઓ (તલવાર ઉગામે છે)

કાલીંદી—(ઠેકરી કરેછે) દીવાનજી ! તમારી તલવાર ઘણી તિક્ષણ છે તેની હમોને ખબર છે તેને મ્યાન કરો.

કેકાબાદ—મારી તલવારથી તમારી તલવાર જેટલીજ તેજછે, માટે પાછળ હટો નહિતો ફોકટમાં જાન ખોશો.

કાલીંદી—તું ત્હારા પીંજરામાં અમલ કરવાનો છોડી અત્રે જાસુસી કરવા આયોછ તો હવે પ્રાણ ખોઇ બેસીશ.

કેકોબાદ—મ્હને મ્હારા જીવની સેહેજબી પરવા નથી, કેમકે મ્હને મારા રાજા અને તેના દેશનું નિમક ખાઇ તમારી માફક બેવફા થવાનું શિખવ્યું નથી.

કાલીંદી—એને વચ્ચે ખેંચો ને ઠાર કરો. (સામો ધસે છે)

કેકોબાદ—(સામી તલવાર ફેરવતાં) તમારી ધમકી કોઇ એકાદ બિહીકણને આપો. મારી તરફ સેહેજ ધિકકાર દર્શાવો યા મારીપર તુટી પડો, અથવા ત્હમારા કાળાં શીતુરી જીગરને શરમ ઉપજે એવું કોઇ કામ કરી બતાવવા મને ઉશકેરો; તેજ વખતે તમારા દરેકનું માથું ધડથી જુદું થએલું સમજજો. ભાલા તલવારને મ્યાન કરો, નહિતો તમારા શરીરનાં હું ચુરે ચુરા કરી નાખીશ, પછી તમો કહેશોકે દોજખમાં ઘસડી જવા આય યમદૂત પેદા પડયોછ !

[સામસામા લઢેછે. કેટલાક જખમી થાયછે. દારાબ એક જખમી સીપાહીની તલવાર લઈ લઢેછે. કેકોબાદ જખમી થાયછે, તેમનીપર આડાં પડી દારાબ તેમને બચાવેછે, કાલીંદી દારાની તલવાર છીનવી તેને જખમી કરવા જાયછે, બહાદુર રોકેછે.]

કાલીંદી—નાદાન છોકરા? ત્હારૂં તે બળ કયાં સુધી ચાલશે ?

બહાદુર—એને મારશો નહિ, એ બાળક છે.

દારાં—(કાલીંદીને ઓળખી) કોણ મારા બાપનો ખૂની? તૂં તૂંજ ખુની છે

કાલીંદી—(ઓળખી) ફીરોજશાહ વકીલનો તુંજ પુત્રકે ! અમારા કટ્ટા વેરીનું તું બાળક?

બહાદુર—એ ગમે તેનું બાળક હોય? કાલીંદી તું એના બાલને પણ અલવલ આપી શકીશ નહિ.

[રૂસ્તમ પુલ ઉપરથી સેપાહોની મદદ સાથે દોડી આવી ઉપરથી ઉતરવાની કોશેષ કરે છે, સામા રોકે છે]

દોરાબ—મદદ, કોઈ મદદ કરો.

રૂસ્તમ—અય ફીતુરીઓ હવે તમો હમારા પંજામાંથી છટકવાના નથી દરેકને ઘેરીને બેજાન કરશું માટે તાએ થાવો.

કાલીંદી—તું હજી હમોને પારખી શકયો નથી ! હમારી કળા જાણી શકયો નથી તેથી અંહકાર બતાવી રહ્યો છે.

[રૂસ્તમ પુલ કુદાવવા જાય છે, પૂલના બધા પથર ફરી જઈ દરેક સેપાહ ને રૂસ્તમ છુટા પડી ભુંગળા ઉપર અધર રહી જાય છે. સર્વે નાચાર બનેછે. કૈકાબાદને બધા ઉઠાવી જાય છે, કાલીંદી મગરૂરીથી હસતો ઉભો રેહછે, રૂસ્તમ તાજુબ બને છે.)

રૂસ્તમ—ઓ દગલબાજ ફીતુરીઓ તમારી બાજી અપાર છે ! આજે હમારી હારછે, કાલે તમારી હાર થશે યે યાદ રાખજો.

ટેબલો.

અંક ૧ લો--પ્રવેશ ૫ મો.

સ્થળ—દવાખાનું.

[હીરાજી હકીમનું દવાખાનું. કંપાઉંડર ફ્રેનસીકા પોતાના ખ્યાલમાં છે પાછળથી હોમી અને જરાં નર્સના લેબાસમાં આવે છે]

હોમી—એઈ ઘેપાઉ તુમારા હકીમ કીધર હય ?

ફ્રાન્સીકા—ગુડ મૉરનીંગ હોમી શેઠ. વ્હો હમારા ગાંવડી હકીમ કાયકારે ? એ તો ઑપણા અમેરીકાકા પૉસ હુવા હીરાજી એમ. ડી, હાય.

હોમી—એમ. ડી હોગા યા ગાવદી હોગા, મગર વ્હો હય કીધર ?

ફ્રાનસીકા—આરી તુમ બયંહો. એ મેડમ સાબ કોણ ? મોઢમ ગુડ મોરનીંગ.

હોમી—ડોકટર કીધર હય પહેલે બોલો.

ફ્રાનસીકા—વ્હો અપના બોડા બોડા ધરાકમે ગયા હય અભી આતા હોગા. અચ્છા તુમકો કયા દીઝીઝ હય ? હમકો બોતલાવ, હમભી આધા હકીમ હય.

હોમી—હમરા એક સગા હય, વ્હો બીચારા મેંડનેસસે હયરાન હય. હમને બડા બડા દોકતરકો બતાયા 'સ્ટીલ' અચ્છા નહિ હુવા.

ફ્રાન્સીકા—તુમ ઇધર આયા બોડા બોડા અચ્છા કીયા. અમારા એ ડૉકટર જયસા સારે ઇંડીયામેભી કોઈ નહિ મીલેગા. ઉસ્કો ડૉકટર માસીનાકી સરજરી, ડીમકકી એનેટોમી, સોબ સોબ સોબ સાયન્સ માલુમ હય.

હોમી—હં હં ઇતના કલેવર હય ? (બાજુ) એબી નાહ્યાં હાકવામાં જોતો નથી હં ? જાણે આપણે હીરાજી હકીમને ઓળખતાજ નથીની એમ સમજી મરેછ.

જરાં—મુવો અરધા મેડ જેવો તો લાગેછ (ફ્રેનસીકાને)

ફ્રેન્સીકા—તુમકો કયા ખોબર ? હમ ઉસકો પુરાપુરા પયછાનતા હય—
ડૉકટર એમ. ડી. હીરાજી હય, મુંબઇ ભરમે બ્રાઇટ
ઉસકો દેખકે સેન્સ લોક, ખુદ બનેત નાહક ફ્રાઇટ.
જીસને ઉસકી પી દવા, વ્હો બનતા યું ડીલાઇટ
કયૂઅર બનકે સબ દીઝીઝમે, બનતા વ્હો ઑલ રાઇટ.
ઇનસલ્ટ ચેરો કોઇ કરે, તો હમ કરેગા ફાઇટ
નેવ્હર એની વેઅર અયસા, દૉકતર દેખા કવાઇટ

જરાં—(હોમીને બાજુ) કોઈ બે માસ જીવતું હોય તો તેને બે કલાકમાં પોહોંચતો કરે તેવો તો ખરો.

ફ્રેન્સીકા—(સામે જોઇ) દેખો વ્હો ઑપણા ડૉકટર સાબ આતા હય.

હોમી—સાહેબ મેહેરબાન ડૉકટર સાહેબ. (હીરાજીનું દાખલ થવું.)

હીરાજી—ઓહો હોરમસજી શેઠ તમે આયા કે ? તમારૂં કાગળ મલ્યુંછ, તે થકી બધી ગોઠવણ કરી રાખીછ. પણ એવણ કોણ ? હું ભુલતો નહિ હોઉં તો જે નર્સ માટે તમે લખ્યું હતું તે એવણજ કે ?

હોમી—હાજી, તે એવણજ. મીસ જરબાનુ જમશેદજી જસાવાલા ઘણુંજ હોશીયાર નર્સ છે. એવણ તમુને ઘણીજ હેલ્પ આપસે.

હીરાજી—પણ પેલા તમારા સગાને લાયા કે ?

હોમી—તેવણ ઓય આવશે. જુઓની ડૉકટર એ મારા સગાને તેની ચસકેલી આગરી સુધારવા અને હવા ફેરફાર કરવા અંહી રાખવા માંગીએછ. બીચારો થોડા દહાડામાં આપણા સોલીશાહની બેટી સાથે અદરાવાનો હતો પણ તેટલાં ભેજું હાથથી ગીયું જેથી વાત બધી ચસકીવસકી ગેઇછ

હીરાજી—મારી સારવારમાં સોંપોછ એ ઘણુંજ નેક કરોછ.

હોમી—તમે તેને સમજાવી પટાવી થર પાડજે. તમુને તમારી મેહેનતનો બદલો સારો મળશે

હીરાજી—તમે કશી ફીકર ના કરો. અંહી તેનું ભેજું સુધરેછ કે મારૂં ઘસેછ તે જોયા કરજો.

હીરાજી—મીસ જરબાનુ હાલ થોડો વખત તમે આય સ્ટેંડ પાછળ જઇ બેસો તો સારૂં.

(અત્રે ફરામ તથા એદુ દાખલ થાય છે.)

હોમી—લેવો આય મારા સગા આવી લાગા. આવો અદલ શેઠ ભલે આયા. હાલમાં મને ઘણુંજ જરૂરતું કામ હોવાથી તમુને અત્રે એખલા મુકી જવાની બે અદબી કરવી પડેછ. આય બુઝરોગ ગ્રહસ્થ તમારી બરદાસ્ત દીલોજાનથી લઇ તમુને બેહદ આરામ આપશે.

એદુ—મેહેરબાની, મેહેરબાની.

હીરાજી—હમારૂં તો એ કામજ છે અને એવાં એવાં કામો હમેશાં મલતાં હું હરખભેર બજાઉંછ.

એદુ—કદ્રદાની, કદ્રદાની (સ્વગત) આય બુઢો હોમીનો કોઇ સગો હોશે તેથીજ એટલી લાયકીથી મારા થકી બોલેછ.

હીરાજી—હોમી શેઠ તમે બે ફીકર જાવો. હું એવણુની બરદાસ્ત જુઓતો ખરા કેવી લેઉંછ તે ?

એદુ—સાહેબો મારા જેવા કમતરીન ખાકસાર ખયર અંદેશ માટે એટલી તકલીફ ના લેવો.

હીરાજી—એમાં તસદી જેવું કશુ નથી બા. એવા કામમાંતો હમુને ખુશહાલી ઉપજે છે

એદુ—મેહેરબાની ! મેહેરબાની !

ફરામ—(એદુને) બીચારા ઘણાજ અસરાફ ને પરદુખભંજન છે જો.

હોમી—(હીરાજીને નોટ આપે છે) હાલમાં શરૂઆતના ખરચ થકી આય વીસની નોટ રાખજો, પછી વધારે જોઇએ તો માગી લેજો.

એદુ—અરે બીરાદર એ શું કરોછ ? એથીતો મને ખરાબ લાગશે. મારી પરોણાગત માટે એવો ખરચ કાંય કરોછ ?

હીરાજી—(હોમીને બાજુ) ગરીબ બચારો ઘેલો. હમણાથીજ બધી નીશાની બતાવવા માંડેછ જો ?

હોમી—(બાજુ) એતો હવે તપાસવાનું કામ તમારૂજ છે.

હીરાજી—હોરમસજીબા તમે નચીંતે જઇ આવો. હું એવણુની માવજત ઘણી સારી રીતે કરશ.

એદુ—અરરર એ તમે મને તદન શરમાવી આભારમાં ગરકાવ કરોછ જો.

ફ્રામ—અરે દોસ્ત તમે ના શરમાવો, આય પૈસા તમે ધારોછ તે થકી આપ્યા નથી. એતો કોઇ ઔર કામ માટેછે (બાજુ) તારૂં આથરૂં મીઠુજ કરવાતો

(બને જણા જાય છે. હીરાજી એદુને તપાસે છે તે તાજુબ થતો ચોંકે છે.)

હોમી—(પરદા પાછલ જઇ) ડીયર જરા સંભાળજે, એનો ઘાટ બરાબર ઉતારજે. ગામ છોડી નહાશી જાય તેવું કામ કરજે.

જરાં—તમો લોક બેફીકર જાવો, હું છુપાઇ બધી રાહઘાટ તપાસસ ! વખત જોઈ તમારૂં કામ આસાન પાર ઉતારસ.

હીરાજી—(પાસે ખુરસીતાણી) તમારી મદારત કરવાનું કામ મારા જેવા અકકલપસંદને સોંપવામાં આવેલું હોવાથી મને ઘણો હરખ ઉપજેછ.

એદી—મેહેરબાની ! મેહેરબાની ! (ચેડાં કાઢી ચેસ્તા કરતો)

જરાં—(સ્વગત) તેમાં શું પુછવું પડે ? બિચારાને કમબખ્તીએ ઘેરીયોછ.

હીરાજી—બાવાજી તમારી નાડ તપાસવા દેવો. (નાડ પકડતાં એદલ ઘભરાયછે)

એદુ—અરે પણ એમ શું કરોછો? બાવાજીતો ખાસ્સા બનામે ઇજદ જેવા મુવાછે. કેમ કાકા ચસકયું તો નથી?

જરાં—(સ્વગત) બન્નેનું સાથેજ ચસકશે, ત્યારે જોવાની મજાહ પડશે.

હીરાજી—હું એમ પુછું, તમુને કકડીને ભુખ લાગેછેકે બાવા?

એદુ—(પાકી આવતાં) શું કેવું કાકા? એવી ભુખ લાગેછેકે તમારા જેવા ચસકેલા બે ત્રણને ચાંપી જાઉં.

હીરાજી—(અંદેશાથી) અરરર ઘણુંજ ખરાબ. આવી નિશાની ઘણીજ ખરાબ. વારૂ બાવા તરસ પણ લાગેછ કે?

એદુ—કાકા હમણા વેરતો સારીકાની હતા ને અચણુચું એ શું કરોછો?

હીરાજી—(અંદેશાથી ચોંકેછે) હવે ઘેલાપણું વધવા લાગું ખરૂં? બાવાજી જરા ધીરા પડો. તબીબો તપાસ કીધા વગર મરજની તજવીજ કરી શકતા નથી; ફ્રાનસીકા ઇધર આવ.

ફ્રાન્સીકા—(દોડી આવતાં) ઓલરાઈટ સર.

હીરાજી—તુમ એ અપના પેશંટકા દુસરા નાડ પકડો ઔર તપાસ કરો.

ફ્રાન્સીકા—(નાડ પકડવા જતાં એદુ સામો થાયછે) એઇ શેઠ તુમ મોત ઘભરાવ. હમભી એક એસીસટંટ નંબર વન ડોકટર હય.

એદુ—અરે પણ તમો બન્નેને થયુંછે શું? (ખેચતાણુ કરેછે)

હીરાજી—દરદનું રૂપ અને તેના જાતની પરખ થયા વગર, દરદની પરખ થતી નથી, એવું ડોકટર ગૅનઝોલા ગોવાનીઝનું મત છે.

ફ્રાન્સીકા—હમ સોમઝા બરાબર હય.

એદુ—(ધખો મારે છે.) સમજ્યા તુમારે બાપકા સીર

હીરાજી—(અંદેશા ભર્યું મોહ કરી) હં. હં. હવે બધી સમજ પડી.

એદુ—તમારા લોકના કપાલની સમજ પડી. (અકળાઇ) મને છેજશું? બોલોની બંદો તમો બન્ને કરતાં હોશીયાર, તાકાતદાર, કાંઇ કમ છે?

હીરાજી—(અદેશામાં પડી) હવે દરદીની પરીક્ષા કીધી. એટલે અરધો અરધ દરદ દફે થયલું સમજવું.

જરાં—(સ્વગત) જાણે દરદ પોતાની મેળેજ દફે થયું હોય તેમ કરેછ મુવા.

હીરાજી—પેહેલે તો લોહી સાફ કરવા ફસ ખોલવી પડશે. કેમ ફ્રાનસીકા કેસા કહા ?

ફ્રાન્સીકા—ચેરે મેરેકુ કાયકો પુછતા ? તુમ ડોકટર હાય તો તુમ તોમારા કામ કરો, હમ સબ સબ સોમજા.

એદુ—(શકમંદીથી) આય નાપાકનાખાધા દીવાના તો નથી ?

જરાં—(સ્વગત) તું એક અરધો દીવાનો તો આય બન્ને પુરા દીવાના છે.

એદુ—(ફ્રાનસીકાને કોટ લઇ) કેમરે એઇ મેડકૅપ કયા દેખતા હય ?

ફ્રાન્સીકા—ચેરે ચૂપ બેઠો. માકો એસા મોત બોલના. ડૉકટર લોગકા ટીકૅાસોફીકલ લેંગવેજ તુમ જંગલી નહી સોમજેગા.

હીરાજી—(ગણુતાં) બે દજન ગરદનપર જળો મુકવી પડશે ને એક દજન ભેજાંપર

એદુ—(ગભરઇ) નાપાકોતો મને પોંહચનો કરવાનો સામાન ગોઠવી રહ્યાંછ.

હીરાજી—(ફ્રાનસીકાને) દેખા અબી ઉસકો ચમક વા શરૂ હુવા. ફ્રાનસીકા તુમારા ઇસબાતમે કયા કનસલટેશન હય ?

ફ્રાન્સીકા—માકા કન્સલટેશન પુછતા તો સુણો. હમબી સોબ પયછાન ગયા. (એદુ લાંબો ટુકો થઇ તેને જોયછે) અબી જો દીવાના નહિબી હોગા તોબી તુમારે ઓપરેશનસે "મૅડનેસકો ટર્ન" હોગા. આપણ જેસા કલેવર ડાકટરકો એસા દરદી સાંપા ઉસમે આપણા ઓર ઇસકે બાપકા બોડા નસીબ સમજના.

એદુ—(ચોંકતો) અરે પણ તમો દીવાનાઓ શું કરી રહયાછ ? કંઇ સમજ પડે ?

જરાં—(સ્વગત) તારૂં આથરૂં મીઠું કરવાનું કામજ તો ?

હીરાજી—(એદુને ખુરસી પર બેસાડી) તમે મુગા મુગા રેહેજોબા એ તમે નહિ સમજો. તમે સમજી શકો એવી તમારા મગજની હાલતજ નથી; અને તેવું આય ભેંજું પણ રહ્યું નથી.

એદુ—હેં તે શું તમારી ખોપરી પણ સાબુત છે કે કાકા ? એ બકબકારો લવારો છોડી દેવ ? . હું કંઈ તમારા જેવો મેડ નથી.

હીરાજી—જોયા ? બકબકારા ઓર લવારા શરૂ થયા. એ દીવાનાપણાની બીજી શહાદત (ફ્રાનસીકાને) જાવ, જલ્દી જાકે આપણી દવા લેકે આવ

(ફ્રાનસીકા જાય છે, એદુ ચમકે છે)

એદુ—એઇ કાકા ચકડોલ સંભાળજો. નહિતો કોહુંબી રંગી નાખસ, ને પાઘડીનું ઠાઠુંબી ગેપ કરસ. (આસપાસ જોતાં) એ આય ઘેર છે કે મેડ હાઉસ ? નખ્ખોદ ગીયા મને છોડી પેલાઓ કયાં ગેપ થયાં ?

હીરાજી--(પસવારી) બાવાજી જરા ધીરા પડો. એનો હમો ડૉકટર લોકની દવાનો જેણે અનુભવ લીધો નથી તેની મુરખાઇનીતો હદજ નથી.

ફ્રાનસીકા--(દોડી આવી) સર, હીયર ધીસ ફીવર કૉલેરા મીક્ષચર (ગલાસ આપે છે)

એદુ--એ લોક મને સમજેછ શું ? એઇ કાકા એ કોલેરા મીક્ષચર સાનુ મંગાવ્યું ? પેલા રૂપીયા આપી ગીયા તે મારી આવી મદારત માટે કે? હત તમારૂં ખાતુ ખરાબ થાય તમારા ઉઠાઉગીરોનું.

હીરાજી--(પટાવતાં) વેરી બાવાજી. સીધા સીધા આય દવા પી જાવો.

એદુ--(ઉશકેરોઇ) ખબરદાર, મારા બદનને હાથ લગાડીયોછ તો ? બન્નેના માથા ભાંજી નાખશ (ત્રણે સામ સામા પેતરા ભરે છે) અરે પેલા બન્ને સેમ્પલો મને હંઇ મુકી કાંહ વંજે માપી ગીયા કંઇ સમજ નથી પડતી ?.

જરાં--(સ્વગત) રખે એઓ અપસમાં લઢીને કંઇ જોવાજોગ કરી મુકે ?. તે કરતા વચમાં પડી મારૂં કામ કાઢી લેઉં એજ ઠીક (બહાર આવી) વેલ ડૉકટર હીરાજી.

હીરાજી—જુઓની આય મેડમેન હવે ઘણી અફરા તફરી કરેછ.

એદુ—(ટીકી ટીકીને) અરે તારી. એ વળી કોણ પરીયું? છોકરી મજેહેની ગલગોટા જેવીછે હો. લાગ જોઇ એનેજ ઉઠાવી ગીયા હોવનો શું મુજાકો? કેમ બોલ્યા નહિ?

હીરાજી--(એદુને પતાવતાં) બાવા મારો! એવણુ ઘણુાજ કલેવર નર્સ છેજો.

એદુ—એવણુ નર્સ છેકે? વાહ? મારા જેવા મોહબતના બીમારનું દરદ એવાંની નરસીંગથી સારૂં નહિ થાયતો પછી શાથી? છેબી ફાંકડી ને વળી સાથે લાગી ખુબસુરત ને ભોળી ભાળી (સ્વગત) હવે એવી આપું હાથતાલી કે બધાં જશે રડતા ચાલી.

જરાં--(હીરાજીના હાથમાંથી ગલાસ લઇ) લાવોજી હું એવણુને પટાવી દવા પાવસ. તમે હવે ઉંચા નીચા થઇ જાવો, પણુ બારણુા બારી તપાસજો હું?.

ફ્રાન્સીકા—એઇ પારસી મૅડમ તુમ બોડા અચ્છા લૅડી હાય, ઇસકે નજદીક મોત જાના, નહિતો બોચા બાચ 'કીસ' લેગા.

એદુ--કેમરે ટોપસ ચુપ રહેના યા નહિ? લે એ લેતાજા (ધબ્બો મારે છે)

(હીરાજી ને ફ્રાનસીકા જાય છે એદુ ખુશ બનેછે)

એદુ -(સ્વગત) જીગરમાં કંઇ એવું થાયછે કે શું કરૂં? આય પરી હવે પોતાના હાથે દવા પાસે. વાહ ઠીક મજાહ છે. એની સાથે મીઠી મીઠી વાતો કરી બે ચુમી લઇ થાપ આપી નહાશી જતાં વાર કેટલી?

જરાં—ચાસો વેકો જોઉં ? ડાહ્યા થઇ આય પી જાવો?

એદુ—જોની ડીયર! મારી સ્વીટી! હું આય ગામથી તદન અજાણ્યોછેઉં, તેથી બે લુચ્ચા બદમાશોએ અત્રે લાવી ફસાવી માર્યોછ પોતાને ઘેર લઇ જવાને બદલે આય મૅડ હાઉસમાં મને કેદ કીધોછ.

જરાં--તેમ હોયબી બા, તેમાં હું શું કરૂં? મને તો મારી ફરજ બજાવવી જોઇએ.

એદુ—(નજદીક અથડતાં) તમે મને આંહીથી નહસાડવાની મદદ નહિ કરી શકો ?

જરાં—હમણાતો તમે મારા કેદી છો તેતો ભુલી જાઓછ ?

એદુ—(ખુશાથી કુદતો) અહં ? તમારો કેદી ? વાહ ત્યારેતો મજાહ છે. સેવકનું જીગર તો તમારી નજરનાં હૈયામાં સબર દબર જકરઇજ ગયુંછ. તમે કેહેશો તો તમારા પાસામાં હમેશ સુધી આય મેડ હાઉસમાં પડી રેહવશ.

(ચુમી લેવા જાય છે, જરાં દુરજ રાખેછે)

જરાં—(અંદેશાથી) એ ચિન્હો કાંઇ સારાં દેખાતા નથી, તમારી આગરી ચસકેલી જણાયછ.

એદુ—(ગાંડા ઘેલા કહાડતો) વાહ ત્યારેતો મારાથી હસઈ હસઇ જવાસેજો.

જરાં—ચાલો ત્યારે હસીને દવાનો 'દોઝ' પીઓ જોઉં ?

એદુ—દવા ! દવા ! ફરી તેજ વાત ? પણ મને દવા સાની પાઓછ ? મને છે શું ?

જરાં—એ પીવાથી તમારૂં મગજ જરા થંડુ પડશે, ને દરદ દફે થશે.

એદુ—જો મને આય મીઠા હોઠોથી દવા પાસો તો સેવકને આરામ થશે. જાન કુરબાન બનશે, પ્યારીસે લાડ કરસે—(ગાંડા ઘેલા કાઢેછે)

જરાં—ઓહ ? નોનસન્સ ! એવો પેશંટ મે કદી જોયો નથી.

એદુ—શું બોલ્યા ? હું તમારો 'હસબંડ ?' એટલે માટી ? ધણી ! ને તેબી તમારો ?

જરાં—અરે નહિ રે મરે, દરદી. લેવો વેકો, પી જાઓ.

એદુ—(જરાના હાથમાંના ગલાસને ધારી જોતાં) આહા ? આવા ખુબસુરત મખમલી હાથમાં જે ચીજ હોય તે આમરગીનું એજમનજ ગણાય. તે પીવું મને રવા છે.

(એદુ જરાનો હાથ પકડી તેને કીસ લેછે. જરાં ગભરાટમાં ચીસ પાડી ગલાસ નાખેછ, ગલાસ ભાગી જાય છે.)

જરાં—એ એ શું કીધું ? ગલાસ ભાગી ગીયું ને દવા ઢોળાઇ ગેઇ.

એદુ—અરરર મારી બધી મોહબતની મોઢીની વેરઇ ગેઇ ને હોટ પર ચ્હોંટી ગેઇ.

જરાં—એવી કેવી એ અદબી ?

એદુ—તમે તમારી મરજીથી દવા પાવા કહ્યું ને મેં મારી નજરે જે જોયું તે પાયું.

જરાં—(ગુસ્સાથી) એ ! તમે કોઇ ખરાજ દીવાના દેખાઓછ ? આય બેઅદબી કદીજ માફ થઇ શકશે નહિ.

એદુ—બેશક, હરગેજ માફ ના કરતા, જરૂર માફ ના કરતા. તેના બદલામાં ગમે તો તમારી આપેલી ભેટ 'ચુમી' પાછી લઇ લેવો.

ગાયન.

જરાં—

ભૂલી પલ્લે પડી બદકારની
કરસે ઇજ્જત બરબાદ પરનારની.—ભૂલી.
ધરો જરા સલૂક ઇજ્જતદારની
કરો દિલહોશ, નેક પર નારની;
સાચને આચ ન કોઇ કાલમાં
ભૂલી ફસાઇ હાથે બદકારની.—ભૂલી.
છે ધસેલો, ભમેલો, એ મેલો,
મન મેલો, છે એ ઘેલો.

એદુગોટલો—રૂપમાં અજબ, છે નુર ગજબ, બંદા નવજવાન;
કંઇ કંઇ મરે, આ રૂપપર, તો નાર નવજવાન.
છે શાનદાર આ દીદાર, વાત બે તકરાર;
કર પ્યાર આ દીલદારપર, છું તુંજપર કુરબાન.—

જરાં—ફસી હું અંજાણી, લુચ્ચાની બાજીમાં
છુટું કેમ હવે આ વાર ?—ભુલી.

(એદુ જરાંને વળગવા જાય છે. એદુ તેને બાથમાં પકડે છે. હીરાજી ને ફ્રેન્સીકા આવી આય તમાશો જોઇ હેરત થાયછે)

જરાં—આય મુવા ઓડાણીના હાથમાંથી હવે તો આબરૂ બંચવવા નાહાસવું સારૂં.

હીરાજી—નર્સ બાઇ એ શું કેહવાય? નરસીંગ એમજ કરોછ કે?

ફ્રેન્સીકા—બોડા અચ્છા, બોડા અચ્છા? લ્હીંગસીન! એકસલંટ, એકસલંટ.

એદુ—આવો નાપાકો જોઉંછ મને કોણુ હાથ લગાડેછ તે?

(હાથ તાલી આપી નહાસી જાય છે)

હીરાજી—શીકાર છટક્યો તો પુરી કમબખ્તી.

જરાં—શું કરતાં મુવું શું થયું? બાજી તદન ઉંધી વળી.

(ત્રણે એદુને પકડવા દોડે છે)

અંક ૧ લો—પ્રવેશ ૬ ઠો.

સ્થળ—કયદખાનું.

(બંદીખાનામાં કયકોબાદ બેઠેલો જણાય છે. બહારથી અસ્ત પામતા સુર્યની રોશની બારીના સળીયામાંથી લાલસુર્ખ અંદર પ્રકાશે છે.)

કયકોબાદ—આ અસ્ત પામતા આફ્તાબથી બનેલો સાંજનો વખત હોવા છતાં ચારો તરફ ઉદાસી જણાય છે. આજની

લાલ સુર્ખ રોશનીપર કાળાં વાદળાંઓથી ઉદાસી ચઢી છે! અને આકાશપરનાં વાદળાં આ પ્રકાશિત આસમાન પરથી વિખેરાસે કે નહિ એ શક ભર્યું છે. (વિચારી) હું શું બોલ્યો ? આજનો દિવસ ! હા ! આજનો દિવસ મારી સરજતનો છે. (વિચારી) કેકોબાદ ? તુને આ નિર્દય બહારવટીયાઓ જરૂર દગાથી મારશે. (બારી નજદીક જઇ) અય અસ્ત પામતા આફતાબ, જે પ્રમાણે તું લાલ કિરણોમાં આજે સાંજે ગુમ થશે, તે પ્રમાણે મારી જીંદગીનો દિવસ લાલ લોહીમાં અસ્ત પામશે. વફાદારીની સેવા ખતમ થઇ છે! મારાં પરાક્રમો થઇ રહ્યાં છે ! મારી હુલડાઇ ભરી હિમ્મતનો આ દેજ આયોછ.

(દારાં ચોકમાંથી દાખલ થતાં પોહોરેગીરો રોકે છે.)

૧ સેપાહ—ખબરદાર ? છોકરા કયાં જાય છે ?

દારાં—રાયજી રાયસિંહનો પરવાનો જુઓ (પરવાનો બતાવે છે)

૨ સેપાહ—(વાંચી મનમાં) આ આજ્ઞાપત્ર રાયજીનું છે એમાં સંદેહ નથી. છોકરા તને અમારી સનમુખ ભેટ લેવી પડશે.

દારાં—પરવાનો ફરીથી વાંચી જુઓ. એકાંતમાં એકલી મુલાકાતનો હુકમ છે.

૨ સેપાહ—(જોઈ) હં ! હં ! જા જઇને મળીને બહાર જલ્દી આવવું પડશે.

(સીપાહીઓ છુપાઇને સાંભળવાની કોશેષ કરે છે)

દારાં—(ભેટી પડતાં) મારા મુરબ્બી ? મારા મેહેરબાન ? તમે મારે લીધે કેવી હાલતે પુગાછ ?

કેકોબાદ—મે મારી ફરજ બજાવતાં આપ આફત ઓરી લીધીછ તેમાં કસુર કોઇનો નથી, એતો-

લખેલા લેખ કિસમતના નથી ફળીયાં કદી કોઇ દિન
ચિનેલું માનવીનું ખાસ કદી ફળીયું નથી કોઈ દિન.

દારાં—(સેપાહીઓને જોઇ) તમો લોક છુપાઇને વાત સાંભળવા કેમ ઉભા છો ? શું આ રાયજીની આજ્ઞાનું ઉલંઘન કરશો ?

(દરેકની આંખ પાસે ફરમાન બતાવે છે
બધા પાછા ફરે છે)

ફેકોબાદ—દારાં, તું મને મળવા કેમ આવી શકયો ? તેં આય પરવાનો કયાંથી મેળવ્યો ?

દારાં—મારા મુરબ્બી, આ ફેતુરીઓનો સરદાર જેટલો આપણે ધારીએછ તેટલો બુરો નથી. તેણે મ્હને બાળક જાણી છોડી મુકતાં તમુને મળવા માટે રજા લખી આપીછ.

ફેકોબાદ—દારાં તું જલ્દી નહાસી જા. એ લોકપર ઇતબાર ના રાખ. એ લોકનો વિચાર ફરશે તો તુંનેબી કેદમાં પુરશે.

દારાં—મારા મેહેરબાન ! હું તમુને આવી હાલતમાં કેમ છોડી જાઉં ? મને અછડતી ખબર મળીછે કે રાયસિંહની નામરજી છતાં તેના સાથીઓની જીદને લીધે તેઓ તમુને મારી નાખવાની ટેપ મારી ચુકાછે (ફેકોબાદ ચોંકે છે) હું અત્રેના એક રજપૂત સેપાહીની મદદથી આય છુપો ડ્રેસ મેળવી શકયો છું (પોતાના કપડાં તળે વિટાળેલા બતાવે છે) તે પેહેરી તમે અંહાથી નહાશી જાવો, તમારી જગ્યા હું લેવશ, પોહોરેગીરોને ઠગી શકશ.

ફેકોબાદ—દારાં તુ નાદાન છે, બહાદુરો દગલબાજીથી નહાશી જઇ કદી પોતાની જાતને કલંક લગાડતા નથી.

દારાં—મારૂં માનો ! બારીના સળીયા કાપવાના આ હથીયાર જુઓ (બતાવે છે) તમે આ હથીયારનો ઉપયોગ કરી જીવ બચાવી શકશો.

ફેકોબાદ—તારા બચાં સઘી બહાદુર ખ્યાલ મને પસંદ નથી. તુને અને મને અજમાવવા આય પોશાક તથા હથીયાર આપેલાં છે. દારા સમજ અને જલ્દીથી નહાસી જા.

દારાં—તમુને તમારા બાઇડી છોકરાંની કદર નથી.

કેકોબાદ—એક સાચ્ચા બહાદુર જીગરની તને પરખ નથી.

દારાં—મારૂં માનો, તમારા મોતથી તેમના પગ પાસે ગોયા બેહુરત આવી અથડશે અને તમારા ગુજરવા સાથે ગુલબાનુ અને શિયાવક્ષની તમામ આશા નાશ પામશે. અંહીથી નહાસી જવાથી તમારી આજવેરની નામનાને ડાઘ લાગવાનો નથી. રાજયના ફાયદા માટે અંહીથી નહાસી ગીયા એમ કહેવાશે.

કેકોબાદ—શું તું મારી તમામ કીર્તિ ધુળ સાથે મેળવવા માંગેછ ?

દારાં—તકરારમાં વખત વહી જાયછ મારૂં માનો.

કેકોબાદ—ચુપ ! તેઓ આવેછ, તું મુગો મુગો ચાલી જા.

દારાં—તમારા જેવા ભલા ફયરખ્વાહને હું એખલો છોડી જવશ નહિ

૧ સેપાહુ—(દાખલ થઈ થથરાવે છે) વખત થઇ ગયો, છોકરા બહાર જા.

દારાં—(ગુઠને પડી) મારા મુરબ્બી હજી માનો, મને જીંદગી સુધીના પસ્તાવામાં ના નાખો.

કેકોબાદ—સીપાહીઓ આ છોકરાને બહારનો રસ્તો બતલાવો. દારાં મારી બાનુ અને બચ્ચાંને દુવા સલામ કેહેજે.

દારાં—ખુદા ! ખુદા ! આખરે તું હમો સર્વેપર રૂઠોછ ખેરો ?
(હાથ ચુમે છે.)

૨ સેપાહુ—(ખેચતાં) ચાલ છોકરા જલ્દી કર, હમુને કંટાળો ના આપ.

(દારાંને તેઓ હડસેલે છે તે દુખી થઇ જાય છે)

કેકોબાદ—(બાયડી છોકરાની યાદથી બેકરાર થાય છે) આ સંસારી મુહબત ? તું કેટલી કઠોર ને જાલીમ છે ? મ્હારી વ્હાલી ઓરત ? મારૂં પ્યારૂં બચ્ચું ? કેકી શું તેઓ તુંને જાનથી વ્હાલાં નથી ? જો એમજ હોય તો જીવ ? અરે તેમના ખાતર જીવ. (ફરતાં વિચારી) પણ તે કેમ બની શકશે ?

તું નિર્દય બહારવટીયાઓનાં હાથમાં એવો જકડાયેલો છે કે કદી મોત સુધી છુટો થનાર નથી. તો પછી નાહિમ્મત બની દગલબાજ થઇ જીવવું શા ખપતું? **જીવંત માનવી તેજ છે કે** જે જીંદગીમાંની દરેક આફતો અને દુખોને સમુદ્રના ફીણ પ્રમાણે તકલીદ માને છે, અને ખુદા શિવાય કશાંપર વિશ્વાસ રાખતો નથી.

(એકાએક રાયસિંહ દાખલ થતાં પોહો-રેગીરો નમી બહાર જાય છે)

રાયસિંહ—(પાછળથી આવી કેકોબાદનું ખભું હીલવે છે) દીવાનજી!

કેકોબાદ—(તાજુબીથી) કોણ? રાયસિંહજી?

રાયસિંહ—હં હાં! હુંજ તે સિંહ છું. રતનપુરના અભયસિંહ મહારાણાનો વડીલ પુત્ર અને અજીતસિંહનો ભાઇ, રાયસિંહ છું.

કેકોબાદ—શું તમે જાતે મારા મોતનું વૉરંટ સંભળાવવા આયાછ? તે માટે હું તૈયાર છું.

રાયસિંહ—કહો દીવાનજી તમારો પ્રેમ કઇ તરફ છે! (સ્વગત) બાઇડી બચ્ચાં આ બોલ કરતાં એને કયો શબ્દ વધુ પ્રિય છે તે હવે જણાશે.

કેકોબાદ—મારો પ્રેમ મારા દેશના રાજા તરફ છે; કે જેથી કિર્તીનું રક્ષણ થાય છે અને દેશની સેવા બજાવી શકાય છે.

રાયસિંહ—તેં અને તારા રાણાએ મારો હકક લુટયો, કહે હારે હવે શું કહેવું છે?

કેકોબાદ—રાયસિંહજી જે ખરો હકદાર હતો તેને બ્રિટીશ શેહેનશાહે તાજ બખસ્યું. હું ખરા હકદારના પક્ષમાં રહ્યો તેમાં મેં બુરૂં શું કીધું?

રાયસિંહ—(ચીરડાઇ) તેં તો મારી આશાની ધુળ કીધી. હારા પ્રયત્નથી મારો દાવો રદ થયો! મારા હકદાર કુટુંબનો નાશ થયો.

કેકોબાદ—રાયસિંહ! તમે જોકે રાણાના વડીલ પુત્ર હતા. પણ લગ્નની રાણીને પેટે અવતર્યા નહોતા એ ભૂલી જાઓછો.

રાયસિંહ—(છંછેડાઇ) ચૂપ ! હવે વધુ એક બોલ બોલીશ નહિ ! ત્હારા કાળા પ્રપંચની તુને પ્રાઃતકાળે સજા મળશે. યમલોક જવા પેહેલાં ત્હારી શું ઈચ્છા છે તે જણાવી દે.

કૈકોબાદ—મેં મારી ફરજ બજાવતાં કદી કોઇપણ ઇચ્છા કીધી નથી હું મારા દેશ અને રાજાને વફાદાર રેહવામાંજ મારૂં કરતવ્ય સમજુંછ. તો તેમાં મારૂં મોતબી નિપજશે તો મને શું પરવાછે?

રાયસિંહ—કૈકોબાદ મારા પક્ષમાં મળી જા, વફાદારીનો ઠાલી જોશ ભુલીજા. હું તારૂં ભલું કરીશ, મોતથી ઉગારીશ.

કૈકોબાદ—મોતથી મને શું ડરાવોચ ! કદાચ ધ્રુવનો તારો પોતાની જગ્યાએથી ખસી જશે, પવનના સોસવાટથી કદાચ પર્વતો તુટી પડશે, આસમાનનો રંગ વટીક નાબુદ થશે, પણ રાયસિંહ સાચું માનજે કે મારી વફાદારીનો જોશ કદી કમ નહિ થશે

રાયસિંહ—હં ? હં ? ત્યારે આ અસ્ત પામતા સૂર્યનારાયણને છેલ્લા નમસ્કાર કરી લેજે. આજની રાત ત્હારી છે ! પ્રાતઃકાળે તારૂં ઉંગર હમો લિંબી નાખશું.

કૈકોબાદ—(મગરૂરીથી બેશી જતાં) મારા સરપર આફતોનાં ગમે તેવા પહાડો રાખશો, તોય મ્હારી પાપણના સેહેજ ભાગને પણ હિલવી શકનાર નથી.

રાયસિંહ—(દાતીયાં કચકચાવી) હં હં ? જ્યાં સુધી ત્હારૂં માથું કાંસકી પ્રમાણે કરવત તળે કપાશે નહિ, ત્યાં સુધી ત્હારી ગરૂરી ટુટશે નહિ.

કૈકોબાદ—જ્યાં સુધી સુરમા પ્રમાણે પથ્થર તળે મારો ભૂકો થશે નહિ ત્યાં સુધી મારી વફાદારીનો કસ જણાશે નહિ.

[કાલીંદી રજપૂત સેપાહીના પોહોરા તળે રૂસ્તમને લાવેછે]

કાલીંદી—રાયજી, આ બીજો શિકાર પોતાની મેળે મોત શોધવા આવી લાગોછ.

કેકોબાદ—કોણ મ્હારો રૂસ્તમ તું અંહી ?

રૂસ્તમ—કેકોબાદ આય તમારા કેવા હાલ ?

રાયસિંહ—ગઇ રાત્રે કેકોબાદની મદદમાં આવનાર તુંજ જવાન કે?

રૂસ્તમ-રાયસિંહજી, તે વેળા હુ મારા સેપાહીઓ સાથે હતો, પણ હમણા હું પોતે એખલો, તમારા તાબામાં હાજર છું

રાયસિંહ—ત્હારૂં અંહીં કામશું ? યાદ રાખજે. જો તું પ્રપંચ રચી હમારા રહેઠાણમાં ત્હારો દાવ અજમાવવા આયો હોઇશ તો પ્રાણ ગુમાવીશ

રૂસ્તમ—હું મોતને મોતથી બંચાવવા આયોછ.

કાલીંદી—ત્હારી સાથે હમુને કામ નથી.

રૂસ્તમ-હું તમારી પાસે દયા માગવા આયોછ. કેકોબાદનો આવો તે શું ગુન્હા છે કે, એને ત્હમે મોતની સજા ફરમાવી ચુકાછ?

કેકોબાદ—રૂસ્તમ ? આય બહારવટીયાઓ પાસે દયા સાની માંગવીચ ? મારે માટે તું એઓ પાસે રેહેમ ચાહશે તો તેમાં હું મારૂં અપમાન થયલું સમજસ

રૂસી—બીરાદર તું ગુસ્સાથી ટેકને જાળવવા જતાં જાન ગુમાવશે. ત્હારી ગુલ અને બેટા શિયાવક્ષનો ખ્યાલ કર.

કેકોબાદ—મારી હિમ્મત અને ટેકને કોઇ ચીજ હટાવી શકનાર નથી, પણ એજ બાઇડી બચ્ચ નો ખ્યાલ ધ્રુજાવે છે.

રાયસિંહ—(સ્વગત પોતાના સરદારોને) બંધુઓ ! આ દીવાનની દઢ હિમ્મત કેટલી હદ સુધી મજબૂત છે તે આપણે હમણા અનુભવીશું. (મોટે) દીવાનજી શું તમુને તમારાં બાઇડી બચ્ચાંપર પ્રેમ નથી !

કેકોબાદ—તમે પ્રેમ અને માયા વચ્ચે ઘોંટાળો કરોછ. મે મારાં બાઇડી બચ્ચાની માયાને બંદીવાન થવાની બેડી બનાવી નથી, રાયજી હું ફરીથી કહુંછ અને સદા કહેવસ કે મારો ખરો પ્રેમ તો મારા દેશ અને તેના રાજા તરફ છે.

રાયસિંહ—જો તમે તમરાં બાઇડી બચ્ચાંની ભેટ લેવા ઇચ્છતા હોવ તો તે ફલીભૂત થશે

કેકોબાદ—(આતુરતાથી) તો તે માટે હું તમારો આભારી થવશ.

રાયસિંહ—તમારા પ્રાણુના બદલામાં કોઈ પોતાનો જાન જામીનગરીમાં આપશે તો તમુને ભેટે જવાની રજા મળશે.

રૂસ્તમ--(ખુશહાલી) હું તે માટે તૈયાર છું• હું પોતે કેકોબાદની જગાએ જાન આપવા કેદ થઇશ.

રાયસિંહ—આ કેકોબાદ દીવાન સહવાર સુધીમાં પાછો નહિ ફરશે તો તુને માણુ દેવા પડશે.

રૂસ્તમ--જે પોતાને માટે જીવેછે તે મરે એજ બેહેતર. દોસ્તના ભલા માટે જે પોતાનો જાન આપે છે તેજ ખરો જીવતો છે.

કેકોબાદ--(બન્ને હાથ આભારથી દાબી) રૂસ્તમ તું મારે ખાતર અંહી કેદ રહેશે ?

રૂસ્તમ--ખુદાનો હેસાન માનુંછ કે હું તમારે માટે કામ આયોછ.

કેકોબાદ--હું મારા વચનને વળગી રેહવશ, સહવાર આગમજ આવી પુગશ.

રાયસિંહ—દીવાનજી યાદ રાખજો, કેદથી છુટા થતા તમે તમારા વચનથી ફરશો યા તમારા સરકારની કુમક લઇ અત્રે દગો આપવા આવશો તો તે આગમજ આ તમારા મિત્રને બંદુકને મોહોડે ઉડાડશું. અને તમુને આખી જીંદગીમાં કદી સુખે જીવવા દઇશું નહિ.

કેકોબાદ—મને મારા જાન કરતાં મારા દોસ્તનો જાન વધુ વહાલો છે. પણ સહુથી વ્હાલું મને મારૂં વચન છે. રાવજી યાદ રાખજો કે કીયાની લોહી ધરાવનારનો ખુન એક, બોલ એક ને વચન એકજ હોય છે.

કાલીંદી—રાવજી આ શું સાહસ ખેડોછે. ? હાથે કરી શિકારને પાંખો આપોછો ?

રાયસિંહ—મ્હને માનવી ચેહેરાની પરખ છે. આપણી પાસે જામીન ગરીમાં આ બીજો છે, ત્હારે ચિંતા રાખવી નહિ.

(સીપાઇઓ કૈકોબાદને છુટો કરી રૂસ્તમને તેની જગે કેદ કરેછે.)

કૈકોબાદ—મારા વ્હાલા દોસ્ત ! તારૂં મારી પર કેવું એહસાન ? (તેના બને હાથ છાતીએ દાબેછે) હું તારો ઉપકાર કેમ વાળીશ ?

રૂસ્તમ—ફરજ બજાવતી વખતે તેના બદલાની આશા કેવી હોય ? દોસ્ત દોડી જા, વખત ઘણો કિમતી છે, રાત થોડી બાકી છે.

રાયસિંહ—એને આપણી હદ બહાર મેલી આવો. અને એને એક તેજી ઘોડો આપજો કે એ પોતાનું વચન પાળવા સહવાર સુધીમાં પાછો આવી શકે.

કાલીંદી—જેવી આજ્ઞા (કપટ ભરી આંખે જોઇ બીજા સેપાઇને મુગી ઇશારતે આજ્ઞા આપે છે.)

રૂસ્તમ—નહાસ બીરાદર નહાસ ! મળેલી સ્વતંત્રતાનો ઉપયોગ કરી લે.

કૈકોબાદ—(ભેટતાં) હું જાઉં છું, નાહિમ્મત થતોના. પોહોર ફાટવા આગમજ મારૂં વચન પાળવા આવી પોંહચશ. (રાયસિંહને) રાયજી તમારો એ થકી આભાર માનું છું ?. સલામ ! સહવાર આગમજ આવી મ્હારૂં વચન નિભાવીશ.

કાલીંદી--(સ્વગત જૈત્રપાળને) આહા ! હવેજ મારી આશા સફળ થશે. બન્ને જણા મ્હારે હાથ આખર થશે.

[રૂસ્તમ ખુશહાલીમા બેસે છે. કૈકોબાદ વિદાય થતાં કાલીંદી પ્રપંચની ખુશહાલીમાં આગળ દોડે છે. રાયસિંહ બન્નેના મિત્ર-ભાવપર હેરત થાય છે, મનમાં વખાણે છે.]

ટેબલો.

૧ લો અંક સમાપ્ત.

અંક ૨ જો—પ્રવેશ ૧ લો

સ્થળ—કયકોબાદનું મકાન.

ગાયન.

ગુલબાનુ—

મન ચયન મલેના વીના કંથના
દીન રાત દિસે મન બુરાં સ્વપના.—
મનની ચીંતા, વધારે શંકા
થર થર કંપે, હઇડું મનમાં.—

[ગુલબાનુ ખુદાની એબાદત કરે છે. પાછળથી શિયાવક્ષ આવી ચિંતાતુર ચેહેરે માયાથી નિહાળે છે.]

શિયાવક્ષ—(ગળામાં બંને હાથો ભેરવે છે) વ્હાલાં મમા ! શું છે ? આજે એમ દલગીર કાંય બેઠાંછ ?

ગુલ—નહી દીકરા મને કંઇ નથી (ગુપ્તાં આંખ લુછે છે.)

શિયાવક્ષ—આય શું ! તમે તો રડોછ ? મને કેહોની મમાં શું છે ?

ગુલ—નહી મારા કલેજા હું રડતી નથી. હું તો તારા પપા માટે ખુદા પાસે દોઆ ગુજારતીતી કે, ખુદા તેમને જલ્દી હસતા રમતા પાછા ઘેરે મોકલે.

શિયાવક્ષ—(ચિંતાથી) બે દિવસ થઇ ગીયાં પણ હજી પપા પાછા ફર્યા નથી તે શું હોશે મમા ?

ગુલ—દીકરા તેવણુ પોતાની ફરજનું કામ અદા કીધા વગર કદી પાછા ફરે તેવા નથી.

શિયાવક્ષ—હું પણ બાવા માટે ખુદાવજી પાસે દોઆ કરસ કે—

(બાપ તરફની ઉંડી લાગણીનું
બાળકનું ગાયન)

ગાયન.

કરમ રહમ કરો ખુદા, હું ફીદા છું સદા
તું દાતા, હર જહાનનાં, તારી દરગાહમાં
સકલ જગત તુજ ગુણ ગ્યાનમાં, ધરે નીરંતર આસ તુજ
રંક રાયનો તુંહી ખુદાવંદ, છે તુજ ચરણના દાસ
મનની દે આશ, ન કર નીરાસ, તન મન અરપું તુજ રાહમાં.—

[કેકોબાદ એકાએક ધસી આવી વળગે છે]

કેકોબાદ—મારા વ્હાલાંઓ! (બન્નેને પાછળથી બગલમાં પકડે છે)

ગુલ—ઓ મારા વ્હાલા! તમે આયા?. (ભેટે છે.)

શિયાવક્ષ—પપા! અમો તમારે માટે ખુદાની બંદગી કરતા હતા.

કેકોબાદ—ને તે ખુદાએ મંજુર રાખીને મને મોકલ્યો હોય તેમ સમજજો.

ગુલ—(ગળામાં હાથ ભેળવી) ડીયર લવ્હ! તમે બે દિવસ વેર નહિ આયા તેથી અમુને જરા થઇ ચેન પડયું નહિ! પણ દારાં ને રૂસ્તમ કહાં છે?

કેકોબાદ—તેઓ પણ આવશે.

ગુલ—કયારે?

કેકોબાદ—સહવાર સુધીમાં. (મનસે ચિંતાતુર થઇ) વ્હાલઓને હવે શું કેહું? હું કેવી હાલતમાં અંહી મળવા આયોછ તે કઇ જબાનથી બયાન કરૂં!.

ગુલ--વ્હાલા કેકી! તમે મને ખુલ્લે દિલે જણાવો. તમો ધભરાયલા જણાવોછો?

કેકોબાદ—(ધભરાતાં) ગુલાં, તું ના ધભરા! કદાચ મને હમણાજ પાછું જવું પડશે.

શિયાવક્ષ—(વળગીને) ત્યારે શું સહવારે આવશો પપા?

કુકાબાદ—(સંતાપથી) સહવારે ? સહવારે ? હા. કદાચ આવ્યબી !

ગુલ—મારા વ્હાલા (ગળામાં બન્ને હાથો નાખી) તમારા જીગરમાં કોઇ ચિંતાનું ઘર છે ? તે જાણવાનો શું મારો હકક નથી ?

કુકાબાદ—વ્હાલી ગુલ ! હું શું કેહું ? તું ફોકટ ઘભરાયછ. મારૂં તેવુંજ જરૂરનું કામછે તેથી કદાચ (અચકાતાં) લાંબા વખત સુધી છુટું પડવું પડશે.

ગુલ—વ્હાલા ! જે મારી ખુબસુરતી ઉપર તમે એક વખત ફીદા હતા તે સુંદરતાની ! અને જે પાક પૈવંદથી આપણે બન્ને એક જીવ બનેલાં છઇએ, તે પાક પેવંદના કસમ આપી કહુંછ કે તમે શાને માટે ફીકરમંદ થઇ બોલોછ ?

કુકાબાદ--મારી ભલી ગુલ ! હું શું કેહું ! કહેવા જોગ છેજ શું ?.

ગુલ—તમે હજી છુપાવોછ ! શું લગનના પવિત્ર ગાઠમાં એવી જુદાઈ છે કે જેથી તમારા સંબધની છુપી વાતો મારે નહિ જાણવી ? ત્યારે શું હું તમારી સાથે ખાવાપીવમાં, મોજ શોખમાં અને પ્રસંગો પર વાત કરવાનેજ તમારી ભાગીયણ કે ?.

કુકાબાદ--(છાતીએ દાબી) તું મારી વ્હાલી ! મારા જીગરની બળતી જયોત ! મારી ધણીયાની !. જે લોહીથી મારા જીગરની હૈયાતી છે તેના જેટલીજ તું મને વ્હાલી છે.

ગુલ--જો આય વાત સાચી હોય તો તમારી છુપીવાત મારે જાણવી જોઈએ. હું મારૂં દુખ દ્રઢતાથી શાંખી શકુંછું. અને મારા ધણીની છુપી વાતો જાળવી નહિ શકું ?

કુકાબાદ—વ્હાલી ! ધીરે ધીરે મારા જીગરની છુપી વાતોમાં તારૂં અંતઃકરણ ભાગીદાર થશે. મારી સઘળી વાત અને ફીકરમંદ પેશાનીની તમામ ભાષા હું તને સંભળાવશ.

શિયાવક્ષ—પપા ! તમે દારાબ સાથે ગીયતા, ને હજી દારાબ નથી આયો ?

કુકાબાદ--મારા વ્હાલાંઓ હું શું કે હું ? (અચકાતાં) કમનસીબે હું એ ફીતુરી રાયસિંહના મુકામનો પતો મેળવવા જતાં ઘેરાઇ કેદ થઇ ચુકો છું.

ગુલ--વ્હાલા તે કેમ? તમે તો છુટા થઇ પાછા આયાછ તે હવે કેદી સાના ?

કેકોબાદ--ગુલાં ? હું તેમને વચન આપી ચુકોછ ! કે સહવારનું પોહોર ફાટવા આગમજ મારી બૈરી છોકરાંને મળી પાછો તમોને તાબે થવશ.

ગુલ--તેમને તાબે થવાનું વચન ? શાંના થકી વ્હાલા ? .

કેકોબાદ--મારી સર્જતને હું આધીન થયોછ; મારા વચનથી બંધાઈ ચુકોછ.

ગુલ—પણ હવે છુટા થએલા છેવ ! તો તેમને ફરીથી જઈ મળવા આગમજ આપણા મહારાણાશ્રીને બધી બીના જણાવો, તેમની મદદ મેળવો, ને પછી સધાવો !

કેકોબાદ--ગુલાં ! તેમ કદી બનશે નહિ !. હું તેમની જાસુસી કરતાં કેદ થયો ! તેમના ઇન્સાફથી હું ગુન્હેગાર ઠર્યો ! ને તેઓ મારી જીંદગીના માલેક થયા.

ગુલ.--તો તેથી શું થયું ? તમે જાવો ! હું માહારાણાજીને જઇ મળી તમારી મદદમાં સીપાઇઓની કુમક મેળવી પોતે જાતે આઉંછ.

કેકોબાદ--મારી બહાદુર ગુલ ! તુને શું કેહું ? હુ કશું કરી શકતો નથી, કે કોઇને મદદમાં તેડી શકતો નથી.

ગુલ--મારા વ્હાલા ! મને ખુલાસેથી બોલો ! ના ટવલાવો. તમે એવું શું બોલોછ ?

કેકોબાદ--(સ્વગત મોહ ફેરવી) એમને ખરી બીના કેમ જણાઉં ? હવેતો હિમ્મત તું મારા પક્ષમાં રેહેજે ! મારા જીગર અને મ્હોડા વચ્ચે મોટો પહાડ મુકજે ? મારૂં હૈયું મરદનું છે પણ હવેતો શક્તિ ઓરત જેવી થઇછ.

ગુલ—તમે શું અંદેશો કરોછ? મને કેહવો ! વ્હાલા મને ખરી વાત નહિ જણાવશો ?

કેકોબાદ--(પાસામાં લઇ) વ્હાલી, મારા બચ્ચા (પાસામાં દાબી) તમુને ખરૂં કેહું ? ગુલ તું એક બહાદુર ધણીની સાચ્ચી

ધણીયાણી છે ! ને બેટા તું તેજ બાપનો એક બહાદુર બેટો નિવડશે ?

શિયાવક્ષ--પપા ? હું જરૂર મારા બાપના નામને જેમ આપશ.

કેકોબાદ—હું દારા સાથે ફીતુરીઓને શોધવા જતાં કેદ થયો ! તેઓએ મને મોતની ટેપ મારી !

ગુલ ને શિયાવક્ષ--(વળગી પડી) મોતની સજા ? ઓ મારા વ્હાલા !.

કેકોબાદ—હા ! હું તેમનો કેદી હતો ? પણ મોત આગમજ સખતમાં સખત શરતથી બાંધી લઈ તમો વ્હાલાઓની છેલ્લી મુલાકાત લેવા મને રજા મળીછ ! તેથી છુટો છું.

ગુલ—તમે વચન આપ્યુંછ તો તમે તે જઈને પાળો, પણ પેહેલે મદદ મેળવી તેમને શતોરાત કેદ કરવાની ગોઠવણ કરતા જાવ.

કેકોબાદ—વ્હાલી, હું બધી રીતે વચનથી બંધાઇ ચુકોછ જો સેહેજબી દગો કરસ તો મારા ખાતર એક નવજુવાન નિર્દોશ જીવ પોતાનો જાન સહવાર પડતાં જરૂર ગુમાવશે.

ગુલ--તમારે ખાતર બીજાનો જાન ? એ શું કલામ ?

કેકોબાદ--મારા થકી જામીન તરીકે રૂસ્તમ પોતે કેદ થયોછ ! જો હું સહવાર વેરમાં તેમને જઇ તાબે નહિ થાઉં, યા દગો કરૂં તો મારી સજા તેને ખમવી પડશે, જાન ગુમાવવો પડશે.

બન્ને—ઓ ખુદા આ કેવી મુસીબત ?

[દારાં સાથે વાત કરતી તેહમીના ઉશકેરાયલી હાલતમાં દાખલ થાય છે.]

તેહેમી—(કેકોબાદના બન્ને ખભાં પકડી) કેકોબાદ ખરૂં કેહેવો ? શું તમારા ખાતર રૂસ્તમ જાન ગુમાવશે ?, શું તમો બન્ને છુટા થઈ શકો એવો કોઇ રસ્તો નથી !.

કેકોબાદ—બેહેન ! તારો રૂસ્તમ સલામત પાછો આવશે. મારા ખાતર તેને પોતાનો જાન કદી ખોવો પડશે નહિ.

ગુલ--તેનો ને તમારો કિમતી જાન અમુને વ્હાલો છે. અમો કદી તમુને જવા દઇશું નહિ ! (વળગી) મારા વ્હાલા ! મારા વ્હાલા ! (જુસ્સાથી વળગી પડે છે)

કૈકોબાદ—(આંખમાંના આંસુ ખંખેરી) આંસુઓ આ તમારી કેવી મુરખાઇ? તમે તમારી જગ્યા છોડી બહાર કેમ દોડોછ ?. તમારી હાજરીથી આય મારા જીગરમાં મોહબતી માયા પેદા થાયછ ! વચનનો ભંગ થાયછ ! (સખત હૈયું કરી) પણ હાલમાંતો મ્હને તેની સેહેજઅી જરૂર નથી ! મારૂં વચન મને પાળવું જોઇએ. આય મારી આંખોમાંથી ટપકનારા હિચકારા આંસુઓ મારા મજબુત નિશ્ચયને તોડી પાડશે.

ગુલ--મારા ધણી ! એક વચન માટે આય તમારી કેવી હઠીલાઇ? તમે વચન આપ્યુંછ તે કયારે આપ્યુંછ? જયારે તદન કસમમાં આવી પડયા ત્યારે ! . જોર જુલ્મથી લીધેલા કસમ યા વચન એ પાપી વચન છે ? ત્યારે એક પાપ માટેનું વચન પાળવું એબી પાપ છે ! .

તેહમી--કૈકોબાદ, જો હું તમારા જેવી હતેતો આવી કાકલુદીથી જરૂર પિગળતે.

કૈકોબાદ--જો હું વચન તોડવા કોઇને આજીજીથી જુઠો બનાવી શકુંતો ખુદા મને ગારત કરે ! .

ગુલ—મારા વ્હાલા ! તમે પેલા ધ્રુવના તારા જેવા વચન પર મકકમ છો, એ હું જાણુંછ. આ સેતારા જેવી દ્રઢતા આસમાનપરના બીજા કોઇ તારાઓમાં નથી. આસમાન કરોડો તારાઓથી રંગીન બનેલું છે, તેઓ સઘળા આતશ છે, અને તે દરેક પ્રકાશે છે ! પણ તે સઘળામાં એકજ તારો પોતાનું મથક રાખી બેઠોછે. દુનિયામાં પણ બે શૂમાર માણસો છે, તેઓમાં હાડકાં માંસ ને અકકલ છે. તે સઘળામાં હું તમુને એક એવા જોઉછ કે જે કશાંથી નહિ ડગમગતાં પોતાનું વચન સાચવી રાખેછે. પણ તે કહાં ! એવા રીતુગીઓના હાથથી જાન ગુમાવવા ?.

કૈકોબાદ—મારા વ્હાલાંઓ તમે તમારી મોહબતમાં રૂસ્તમને વિસારી મુકોછો. મારી તરફનાં તમારા પ્યારની લાગણીમાં આપણી કોમની હુરમતને ભૂલોછો! મારા ઈમાન અને વચનને ડુબાડોછો!.

દારાં--એમને ના રોકો, જવા દેવો. એવણ્ જશે! આપણે જોઈશું, કે દુશમનો શું કરી શકેછ?

કૈકોબાદ--દારાં તું આય બીના જો જાહેર કરશે તો હુ અને રૂસ્તમ તેમના કીનાના ભોગ થઇ પડશું. મારા વ્હાલાંઓ જો મને તમે ચાહતા હોવ તો મને જવા દેવો. જે વખત જાયછે તેમાં રૂસ્તમનું મોત મારે બદલે આવી લાગશે.

દારાં--મારા મુરબ્બી! આય બધી ખરાબીનું મુળ હુંજ છું. મને તમારે જગે જઇ હાજર થવાદો. મારૂં કોઈ રડનારૂં કે ચાહનારૂં નથી.

કૈકોબાદ—મારા વ્હાલાંઓ, મને તમે હદથી જયાદા ચાહોછો, એ હું માંનુંછ; તેથી મારા સોગંદ આપી કેહુંછેકે મારો બોલ પાળતાં મને ના અટકાવો, રૂસ્તમનો જાન જવાનો સોદો ના કરો.

ગુલ—મારા ધણી આખરે હમે હાર્યાં. ઓ હું કયા પથ્થરના હૈયાથી તમુને છુટી પાડી શકું? મારા લબ્હ!. હું આંધળી હતે તો બેહેતર, કે મારા વ્હાલાનો ચેહેરો જોતે નહિ! માયા મોહબતમાં પડતે નહિ.

શિયાવક્ષ--પપા તમે ના જાવો! તમારે બદલે મને મોકલો. હું તેમને કરગરી સમજાવશ તો તેઓ મારીપર દયા લાવશે. બાપને બદલે બેટાના ભોગથી સંતોષ પામશે.

તેહેમી—વ્હાલા કૈકોબાદ તમારા વગર હમો જીવતાં જીવત મુવા જેવા થઇ પડશું.

[સર્વે કૈકોબાદને અવાર નવાર વળગે છે તે સંતાપથી કંટાળે છે.]

કૈકોબાદ--ખુદા! મને આય માહેતમના દેખાવથી બચાવ. એમના કલ્પાંતથી મને બેહેરો બનાવ! જે ખુદાને તમામ ખલકત

માથું નમાવે છે, તે ખુદાના કસમ ખાઇ કેહુંછ ? “ મારી આય મ્હોબતને હું અત્યારે તુચ્છ ગણુંછ. સતવચન ! સત્યતા ! તેં જાદુગરની માફક મારા મંદ પડી ગયલા જુસ્સાપર જાદુ ચલાવ્યુંછ ! . હવે તું મ્હને નાહાસવાનું દરસાવ !, કે આય સંસારી માયાને પણ તુચ્છ ગણીશ ! મારા વ્હાલાંઓ છેલ્લી સલામ ! છેલ્લી સલામ !

[ઉતાવળે ત્રણેને એવી રીતે બગલગીરી કરે છે, કે ત્રણે જાણા અપસમાં વિટલાતાં પોતે નહાસી જાય છે. ગુલ બેહોશ બને છે ! તેહેમીના તેને સંભાળી લેછે, શિયાવક્ષ ગાફેલ બને છે, દારા તેને ધીરજ દેછે.]

તેહેમી--કેકોબાદ તમે કહાં ચાલ્યા ?

શિયાવક્ષ--મારા પપા ! આખરે ગીયા ?

દારાં--આખરે તેઓ તમો સર્વેને માહેતમ કરતા મુકી ગીયા. ગુલબાઇ માયજી ઉઠો ! નાહિમ્મત ના બનો. કાંઇ કોશેષ કરો.

ગુલ--(નિસાસો નાખે છે.) મારો ધણીજ ગીયો ; હવે મારે માટે સુઃખ કે આશા કહાંથી રહી ? મારૂં સરતાજ ગુમ થયું ? હવે શાને માટે જીવતી રહીછ ? ઓ ખુદા ! ખુદા ! (બન્ને હાથે મોહ છુપાવી રડે છે.)

તેહેમી--બેહેન જરા હિમ્મત પકડ ! રડવાથી કેકોબાદ બચવાનો નથી. આપણે કોઇ ઇલાજનો વિચાર કરીએ.

ગુલ--(ઉશકેરાઇ) ઇલાજ ? કીયો ઇલાજ ? મને બતાવો ! હું દેવાની થવશ. વખત રહયો નથી, રાત ઓવ પુરી થશે, મારો ધણી મારીયો જશે ! .

દારાં--જો તમારામાં અંધારી રાતની વખતે બહાર જંગલમાં આવવાની હિમ્મત હોય, તો આપણા હાથમાં હજી એક ઉપાય છે.

ગુલ—દારાં જલ્દી બોલ! તેમને બચાવવા ખાતર હું એખલી અટુલી વાઘના મ્હોનામાં પણ પડવા ડરવાની નથી, જંગલમાં રખડતાં હારી ખાવાની નથી

દારાં—બાઇજી, તમો બૈરાં સાથે આપણે આ બહારવટીયાની હદમાં એખલાં જઇશું તો તેમાં ડરવાનું કશું નથી. કેમકે તેઓ ઓરત યા બચ્ચાંપર કદી નીચ હુમલો કરતા નથી યા સતાવતા નથી.

તેહેમી—ત્યારે તો ચાલો! આપણે સઘળાં તેમને બચાવવા જઇએ.

શિયાવક્ષ—મારા પપાને બંચાવવા હું પેહેલો દોડી જવશ, કશાંથી ડરશ નહીં.

દારાં—તમે ત્રણે જણા મારી સાથે ચાલો. આ બહારવટીયાવોનો સરદાર કદાચ તમારી કાકલુદીથી સમજશે તો આપણા કેકોબાદ અને રૂસ્તમ બચશે.

ગુલ—દારાં તારો ઉપકાર હું કેમ વાળીશ! તેં હમુને ઠીક રસ્તો સુઝાડયો. ચાલો આપણે આયજ ઘડીએ દોડી જઇશું.

દારાં—બાઇજી આપણુને સહવાર આગમજ કામ આટોપવું જોઇએ. હમણા મધરાત થઇ હોશે! આપણા ઘોડાઓ તૈયાર કરાવી તેપર બેસવું જોઇએ.

શિયાવક્ષ—મમા હું પણ સાથે આવશ.

ગુલ—મારા વ્હાલાનો કિમતી જાન આપણા સર્વેના જીવ કરતાં વધારે આલા છે. તેમને બંચાવતા આપણે મરી જઈશું તો તેમની બલા ગઈ.

શિયાવક્ષ—ખુદા હમુને મદદ કરશે!.

તેહેમી—તેજ તેમનું રક્ષણ કરશે.

(સર્વ ઝબા પેહેરી બહાર જાય છે.)

અંક ૨ જો--પ્રવેશ ૨ જો.

સ્થળ--સોલીશાહનું મકાન.

[દીના વિચારમાં દાખલ થાય છે]

ગાયન.

દીના—

કીધી કંઇ તદબીર આવાર, દિલ સુખને કાજેરે
કંઇ સીફત બનાઉં, હર રીતે ફસાંઉ, દીલ આ દાઝે.—
જે જે કીધાં ખ્યાલો, બિછાવીતી જાલો
મુજ મોહબતના કાજ, ખાસ કામમ .—
બાજી ખેલી, કંઇ આફત ઝેલી, પુરાં કરૂં મુજ અરમાન.—

દીના—(મનસે) ડીયર હોમી, મારો હાથ મેળવવા થકી કેટલી બધી જેહેમત ખેચી આખો દિવસ થયો મદદ ભમતો ફરેછ પણ કંઇ છેડો આવતોજ નથી. બાવાજી એવો ફેરાઉન મીજાજ લઇ ફરેછ કે કોઇનું સાંભળતાજ નથી. હવે જોઇશું હોમીની સીફતથી બાવા કેવા ઠેકાણે આવેછ તે ?

[સોલીશાહ ધાંધલમાં દાખલ થાય

સોલીશા—એબી કઈ કીસમનો માનસ હોશે ? મુંબઈથી આજની મેલ ત્રેનમાં આવી પુગવાનું કાગળ લખેલું પણ હજી તેની ધન નસલ મળે નહિ. જે પોતાનું એપોઇંટમેંટ પાળે નહિ તેવો જમાઇ પણ આપુને પાળવે નહિ. જે જે માનસોને તેને લેવા મોકલ્યા તેઓ પણ પાછા આયા નથી? એ બધાને થયુંછ શુ ?.

દીના—બાવાજી, તમેઓ હવે કયાં સુધી આંખો તાણી તાણીને તેમની રાહ જોયા કરશો ? નહિ આયો તો બલા ગેઇ. આવવાનો હોસે તો આવશે, નહિ તો રહ્યું.

સોલીશા--હા દીકરી હવે થોડો વાર હજી વાર જોઇ જમવા બેસીએ, કદાચ લેટ આવે.

દીના--(સ્વગત) આવતાં આવતાં એવો થઇ આવશે કે બાવાજી પણ લાત મારીને હાંકી કાહાડશે ?

(એક પોસ્ટમેન કાગળ આપવા આવે છે.)

પોસ્ટમેન—શેઠ સોલીશા બેહેલીશા (કાગળ આપી જાય છે)

સોલીશા--લાવ લાવ જોઇએ એ વળી કોણનું છે ? (ઉખેડતાં) એ ખાનબહાદુર અરદેશર ગોટલાનું તો નહિ હોય ?

દીના—(સ્વગત) કેથું બીહલું છટકેલું લાગેછ, તેથીજ આય હોમીની બીજી તદબીરનો દારૂગોળો છોડેલો જણાય છે. હવે તો ગુપચુપ દુર સટી જઈ લાગ સાંધવામાં ફાયદો છે. ત્યારે હવે આપરે નવો સોંગ લેવા આ ચાલીયાં———(જાય છે)

સોલીશા--(વાંચે છે) શેઠજી સાહેબ શેઠ સોલીશા બેહેલીશા જોગ લખતન તમારો ખયરખ્વાહ ખયર અદેશ, ખાકસાર અયરીયત ગાહનાર (મોટે) લખનાર કોઇ બડો ખચ્ચર જણાયછ, કેમકે બોલેબોલ ખખા ગોઠવી દીધાંછ (વાંચે છે) લખવાનું એ કે તમોએ અરદેશર ગોટલા નામના દેવાના ઉહાઉગીરને જમાઇ તરીકે પસંદ કીધો છે તે તદ્દન રદબાતલ માનસછે. વળી કર્જદાર, મગજનો ઘસેલો, ભેજાનો ખસેલો, વ્યસનમાં ફસેલો, છાકટ અને વંઠેલ માનસ છે. (તાજુબીથી મનસે) એટલી બધી ડીગરીમાં પાસ ? એકબી છલ્લતની જીહલતથી બાકાત નહિ મળે ? (વાંચે છે) તેને તમો તરફથી મળનારી નગદ રીતની ભીખમાંથી પોતાના માગનારાઓ તથા પોતાની ચાડનારી બૈરીઓને પાઇએ પાઈ ચુકવી સમાધાની કરવાની આશા રાખે છે. એવા ઘસેલાને તમારી દીકરીને જોઇ તપાસી સોંપજો. જનમની પાળ બાંધવીછ; થોડું લખવે ઘણું જાણુશો તો તેમાં તમુનેજ લાભ છે. (મનસે) લખતન તો કંઇ ઉકળતું નથી કોઇ બડો જાણુ ભેદુ જણાયછ આય કાગળ ખરૂ

હોશે કે જુઠી નાલેશી હોશે ? (વિચારી) છટ છટ બીજાઓને નાલેશી કરવાની જરૂરજ શું ? ત્યારે તો ઠીક છે, બચ્ચા ગોટલા તારા ખોટા કાટલાં એવા ભાંગશ કે જનમો જનમ મને યાદ કરશે (વિચારી) પણ દિલ સબર તેને આવવા દે, પછી વાત વાતમાં તપાસી મપારા લઇ વંજો મપાવશું.

(એક ઘાટી સાથે એદુ ગોટલો દાખલ થાય છે.)

માનસ--પહા શેઠ એજ શેઠ સોલીશાહચે બીરાડ આણી હેજ તે શેઠ આહેત.

એદુ--વાહ તુમી બેસ કામ કેલા. લે આય પાવલી (તેને આપેછે તે જાયછે)

(સોલીશાને ટીકી ટીકીને જોયછે. એદુ પણ તેમને તપાસે છે. બને એકમેકને સલામ કરતા નથી)

સોલીશા--કેમ મીસ્તર કોણને પુછોછ ? તમે કોણ છેવ ?

એદુ--હું કોણ છેઉં ? (અખડીને) મારા આય ડ્રેસ ને ફેશન ઉપરથી મને નહિ ઓળખ્યો. હં ? સેવક હું પોતે હસ્તે તમારો ભવીષનો જમાઇ, કમાઇનો કોથળો, સેવક ખાન બહાદુર એદલજી ગોટલા હસ્તે જાતે.

સોલીશા--તદન રદ બાતલ જણાયછ (મોટે) તમે વખતસર આયા નહિ એ ઠીક નહિ, (મનસે) જલ્દી નહિ આવી લાગો તેથીજ બધો ભરમ જણાયોછ.

એદુ--(અખડતાં) એ કવી જાતનો આવકાર ? તકરાર બેકાર છે. તમે એમ સમજોછોકે મુંબઇના લોકો તદન બેવકુફ હોયછ કે ? (સ્વગત) એ મનમાં ચાહે શું પીએછ ! કે એના છોકરીની હલકી ચાલ ચલણ જાણે હું જાણુતોજ નથી.

સોલીશા--તમે શું એમ સમજોછ કે ગર ગામડેના લોકો તદનજ બેવકુફ હોયછ કે ? (મનસે) કાકા ભેજાના ચકાસેલા જણાયછ ખરા ?

એદુ--સોલીશાહ શેઠ તમે મનમાં શું ખાંડ ખાઓછ ? મારા જેવા એસક્ષાતાટને આખી મુંબઈમાં કોઇ છોકરી નહિ મળી તેથી

અંહી લસડાઈ આયોછ એમ સમજેછ કે ?; પણ એ તમારી
સમજણ તદ્દન બાઇકોટને કામીલ છે.

સોલીશા—હું એમ પુછું ? તારા જેવા ઇચમજી વગર મારી દીકરી કુમારી રેહવાની છે કે ? તે કંઇ આવા ઇડીયટ સાથે પરણાવવાની આશામાં ઉધારી નથી સમજયો ?

એદુ—જમાઇને આવકાર આપવાની રીત આય ગામડામાં એવીજછે કે ?.

સોલીશા—ત્હારા જેવા પંચીની પુરતાજી મ્હારા જેવા દુનિયાદાર ગ્રહસ્થ પાસે ચલવાની નથી સમજયો ?.

એદુ—અને હું બી તમારા જેવાની નમોજી ચાલ અને વંઠેલ દીકરીથી છેતરાવાનો નથી તે ખુબ યાદ રાખજો.

[દીના દાખલ થઇ ઢોંગ કરતી કેવી એદુ
તેને ચાહતી હોય તેમ ચાળા કરે છે.
સોલીશા ચીરડાયછે.]

દીના—બાવાજી એવણ કોણ ? (પાસેજઇ નીચેથી ઉપર ટીકીટીકીને) એવણ કેવા મજેહના પ્રેમે લાકડાના સૂત છોલા જેવા છેજી. ?

એદુ—(મનસે) એ કોણ ? મને કંઇ વેચવાનું જાનવર સમજેછ કે ?

દીના—હરણના જેવી આંખો, સસલાજે ા કાન, ને મોર જેવા એમના પગ કેવા શોભેછ ? (એદુ લેંટાઉ બની વાંકો તીકો થાય છે)

સોલીશા—દીના, દીકરી દીના ! મુગી બેસ, ચુપ થા. દૂરબેસ.

એદુ—(મનસે) ઓત તારી, એતો કેથી ઘણીજ બેશરમ કુદતી લાગેછ. બચ્યા ગોટલા તું ફસતા સેહેજમાં બચ્યો. જા તારા મોટા નસીબ.

સોલીશા—જુઓ અરદેશરબા તમે હવે અંહીથી મુગા મુગા—

દીના—બાવા ! એવણજ પેલા અરદેશર ટોપલાકે ?

એદુ—બાનુ ટોપલા નહિ મી૦ ગોટલા.

દીના—અરે મરરે ! મરરે ! મારીબી સુધ કાંહ ગેઈ ? તોબી હું કહારની

જોઉંછ કે આય વળી કોણુ મંગલ મૂરત છે? (પરાવતાં) બાવાજી મારાં લગન તમે એવણુ સાથેજ કરશોની ?

સોલીશા—(અકળાઇ) દીકરી દીના એ શું કેહવાય ? મેડતો નથી થઇ ? ભેજું તો નથી ધસ્યું ? અકક્લતો નથી ગેઇ ? જા જા અંદર જઇ ગગડ.

એદુ—મીસટરરરર તમે, એનગેજ થતા જોડાની વચ્ચે ટાપસી પુર્યા ના કરો.

દીના—ઑફ કોર્સ. મી૦ અરદેસરજી તમે કેમ છેવજી ? (શેક હેંડ કરેછે તે મલકાઇ મરડાય છે)

સોલીશા—અરે અરે અરે બેવકુફ છોકરી એ શું કેહવાય? આજે તું દીવાનીતો નથી થઇ ?

દીના—મારા ભવીષના શોભઇતા ધણીને જોઉંબી નહિ કે ? પપા મને એવણુની પરીક્ષા કરવી જોઇએ.

એદુ—હાજી ? કેટલી કિમતનો હીરો છેઉં તે અંકાવો જોઇએ.

સોલીશા—દીના દીકરી જા દુરથા, પારકા માટીડા સાથે વાત કરવી નારવા છે.

દીના—એવણુ પરાવા સાના ?

એદુ—વાજબીજ છે. હવે તો ભવીષના જમાઇ થવાના કેમ બોલ્યા નહિ ? (મનસે) બાપ બેટી સેવકને ફસાવવાની તાલ ઠીક કરેછ હું ? પણુ બદાં કઇ જાતના બોગરી પ્રસાદ છે તે કયાં ખબર છે ?

દીના—(મનસે) મુવો મનમાંજ મલકાયછ. પણ જોઇશું હવે કેમ છટકામાંથી નોરાયો છટકેછ તે ?

સોલીશા—જા દીના અંદર જા, બસ ચાલીજા.

દીના—પપાજી તમે એવણુ સાથે કાજ નકકી કીધું તેથી મેબી એવણુ-નેજ ધારી રાખ્યાછ. હવે તમુને કદી નાફરમાન નહિ થવશ.

એદુ—બેશક બેશક ! બંદને જેબી બૈરાં જોવછ તે તુરત મોહી પડેછ.

સોલીશા—છોકરી તું દીવાનીતો નથી થઇ ?

એદુ—બાપાવા એવણુ દેવાના નહિ હશે તો તમે જરૂર થવાનાં.

દીના--બાવાજી હું નાચાર છેઉં. મારે માટે તમે આય હીરાની જોત જેવા નમુનાને શોધી કાઢયોછ તો હું કાંય નહિ મલકાઉં ?

સોલીશા--મારી આપેલી કેળવણીનાં એજ ફળ કે ? મે તુને કેળવી ભણાવી લાહેર કીધી તે આજના દિવસ માટેકે !

એદુ--બાવા મારા ! તમે ગુસ્સે ના થાવો; હવે આપરે સેટલમેંટપર આવી એગરીમેંટ કરી નાખશું.

સોલીશા--જા બાપુ માથુના ખા, એ કંઇ માલ મીલકત નથી કે એગ્રીમેંટ થાય ?

એદુ—અદરાવું એ સેટલમેંટ ને લગન કરવાં એ એગ્રીમેંટ; માટે પેહેલાં-

સોલીશા--જા દીકરી અંદર જા (ધસડે છે) તારાં લગન આય બેહુંદા ઈડીયટ સાથે નથી કરવાં

દીના--(ઢોંગથી) એવણ સાથે નહિ ? એ કેવો સીતમ ? ઓ હવે એવણ મારા વગર જીવતાજ કેમ રેહેશે ?

એદુ—જોઇ મ્હારી ખુબસુરતીની મોહીની ? એ બૈરાંઓને રીદા કેવી બનાવેછ ? ભાન કેવું ભૂલાવેછ ? (પોતાનો ચેહેરો બતાવે છે)

દીના—હારે એતો ચેહેરાપર નૂરે નેકીનાં ધુળનાં ઢેફાં થયલા પ્રકાશેછતો.

સોલીશા—દીકરી ખુદા ખાતર અંદર જા.

દીના—(જતાં જતાં મનસે) હીહીહીહી હવેજ બાવાની સુધ ઉઘડશે ને મારી ઉમેદ ફળશે. (જાય છે)

સોલીશા—અરે અરે કલજુગ આયો કલજુગ, આજકાલની પોરીઓ માય બાપને ગણકારતીજ નથી.

(એક બનાવટ કરેલી ઓરત ખતીજા નામની દોડી આવી એદુને ગળે પડેછ)

ખતીજા—મુવા માટીમીલા અભી ઠીક હાથમે મીલા ? અબ કહાં ભાગ જાયગા ?

એદુ—એ વળી બાંબ ગોળો કહાંથી છુટો ?

ખતીજા—મુવેકી સારે શહરમે તાલાશ કરતે કરતે મય મરગઇ, તબ યહાં પાઇ. મુવા ચુપચૂપ કયૂં ખડા ? કહેદે કહાં જાતાથા ?

(કપડાં પકડી ખેંચે છે)

એદુ—અબેબે એઇ ઓરત અમકુ કયા ગલે પડતા હય ? ભૂલતા હોગા

ખતીજા—છે-છે-મહીને હો ચુકે, તેરે પીછે પીછે ઘૂમતી હું, તોભી મુવેકુ શરમ નહિ?

એદુ એઇ બાઈ તેરા માટી કોઇ મેરા શકલ જેસા હોગા, ઉસસે ભૂલતા હય. જા બાઇ ઉસકો ઢુંડ.

સોલીશા—અરરર નાપાક જાદોતો જુદદીન ઓરતની જુસરીમાં ફસેલો દેખું ? ખુદાએજ મને બચાવ્યો.

ખતીજા—મય કોન હું ? કયૂં મુવે મુઝે ભૂલ ગયા ? કયું તેરી ખતીજા જોરૂકો નહિ પયછાનતા ?

એદુ—મેરી જોરૂ ? એ કેસા બોલીયા ? બાઇ તું દીવાની હય દીવાની. મય પારસી હંઉં, તે જુદદીન સાથે કેસા પરણેગા ?

ખતીજા—મય તેરી જોરૂ નહિ તો બોલ મુવે મયકોન ?.

એદુ—કોઇ નહિં ! હમભી નહિ તુમભી નહિ.

ખતીજા—મુવા જબ મેરેપર ફીદા હોતાથા તબ કહેતાથા—

હમ ભૂલેં હય અપનેકો, ભુલે તેરી તસવીર નહિ;
લગા તીરે હય નજરકા, કોઇ તીરે દીગર નહિ.
હુસ્નકે શ્તબેકો તેરે, પાઇ લયલાભી નહિ
હુસ્ન હય તેરા મહાસા, કુછ યુસુફસેકમ નહિ.

સોલીશા—આય કેવો ફેસતો ? એતો કોઈ પોશાગીર દેખું ? કેમ કાકા આય તમારી જુદદીન બાઇડી કે ?

એદુ—(ખભરાઇ કળવઇ) સોલીશા શેઠ આય ડાકણુને તો હું ઓળખતો બી નથી. એ બધાં કોઇના કારસ્તાન છે. ચાલ ડાકણુ દુર થા નહિતો માર ડાલસે.

ખતીજા—
ખઓફ લાકે તએશમે તરહાંસે ઇસ આવો ન તુમ
દેખીયે આગે ખુલેગા, રાજકા ચિન્હોંગે તુમ.

સોલીશા—એ બાઇ હું તો આય કાફરને મારો જમાઇ બનાવવાનો હતો.

એદુ—હા. હજુબી જમઇજ થવસ.

સોલીશા—ખુદાએ ખયર કીધી કે તું આવી લાગી ને મારી દીકરી બચી.

એદુ—અરે સાહેબ હું તદન બચાં જેવા નિર્દોશ છેઉં. આય તમારા ગામમાં ભૂત ડાકણના ચાલા ચણાયછ.

(ખતીજા તેના કપડા ખેંચેછ તે અકળાછે.)

ખતીજા—મર ચુકી મય ઇશ્કમે હું, તિસ્પેભીતું મારે હય?
લે ચુકા દમ મેરા તુંહય, તિસ્પેભી તું કાટે હય?.
કાટને ચાહતા જીગરતો કાફી યહે તલવાર હય!
ગર સતોને ચાહતા હયતો કાફી એ નજરાન હય!
લે ચુકા મેરે જીગરકો તિસ્પેભી તું મારે હય?.

[દીના પાછળથી આવી ભરાઇ હસે છે. રોઝા બેત્રણ છોકરાંઓ સાથે આવી તેને ઝપેટે છે. તે ધભરાઇ જાય છે.]

રોઝા—હવે કેવો સપડાયો મુવો?

એદુ—ખાસ્સો? તું વળી કોણ બાકી રહીછ? (ટીકી તપાસી જોયછ.)

રોઝા—મને મુવો વાહી ઠગીને નહાસતો ફરેછ? હવે કેવો ઘેરાયો?

સોલીશા—ખુદા ખુદા એ મારા ઘેરમાં આય શું ફેસતા ફજેતા?

એદુ—ઓ મારા ખુદાયજી હવેતો જરૂર બલાઓની જાલમાં ફસ્યો ખરો.

રોઝા—(સોલીશાને) અરે શેઠ, હુંતો એ મુવાની મીઠી જબાનપર ભોલવાઇ મારો ભવ બાળ્યો. મારા ધણીના બચ્ચાને નબાપા બનાવ્યાં (છોકરાંને) મુવાઓ જુઓછ શું? પકડો તમારા પપાને—

૧ છોકરો—મમા અમે બવાને હવે છોડવાના નથી.

૨ છો૦—હું તો પપાને ખભા મારી મારે ઘેરે લઇ જવશ.

એદુ—ખાસ્સું ! વગર પણુવે બૈરાં છોકરાંનો બાપ થયોછ. એબી કોઇને નસીબ છે ?

સોલીસા—અરે વાહ ! એતો તોકપર તોક ઓળવી ફરેછ ને લોકોને હસાવી ઘેરતો ફરેછ કે ! એતો કોઇ જબરો રશીયન દેખું ? (મનસે) હવે આય મેલાંઓને કેમ પતાઉં ?

એદુ—સોલીશા શેઠ મને બચાવો. મને આજે ભૂતોએ સજજડ ઘેર્યોછ.

ખતીજા—(ધબ્બો મારી) મુવે એતો તેરી કરનીને તુઝે ઘેરાહય. મગર એ ઔર બલાકૌન ?. મેરે ખાવીંદપર એ જતી મુહવાલી અપના દાવા કૌન બતાતી હય ?

રોઝા—(તેને પીખી) મુઇ તું કોણ વચમાં પડનારી ? હું તો એની બૈરી થાઉં.

ખતીજા—(રોઝાને દુર કરી એદુને પીખી) ચલબે ઔરત એતો મેરા મીયા હય તું મુઇ કૌન રસ્તેકી ધાચી મોચી ?

સોલીશા—અરરર એ બબ્બે બૈરીઓ એને મળી પણ કેમ હોશે ?

રોઝા—અરે મારા શેઠ હું એ મુવાની નપટઇની શું વાત કરૂં ? હું એના ઘેરમાં નોકરીએ હતી, તેટલાં એક દહાડો હું કચરો વારતી હતી, ત્યારે મુવાએ મારીપર નજર બગાડી મને ઘેરી, ગરીબને ફસાવી, ભોલવી, ભમાવી બૈરી બનાવી તજી બેઠો છે.

સોલીશા—બદમાશ, બેઇમાન ? વચનનો જુઠો ! નીતીનો ખોટો તદન વાહીયાત મુવોછ. (પટકાવેછ)

રોઝા—(પીખી) તું મુઇ વચમા પડનારી કોન ? એતો મારો હસબંડ છે.

ખતીજા—કયા એ તેરાભી ખાવીંદ હય ? તબતો હમ તુંમ દરકી જોરૂ હંય !

રોઝા—કેમરે મુવા આય મારી શોખ કે ?

એદુ—અરે બલાઓ હું તો તમુને ઓળખતોબી નથી.

રોઝા—મને ભૂલી ગીયો ? આય તારા બચ્ચાંઓનેબી ભૂલી ગીયો કે મુવા ?

૧ છોકરો—પપા ! ઓ પપા ! ઘેરે ચાલોની, મમાને ના રડાવો.

એદુ—જહાનમમાં ગીયા તારાં મમા ને પપા, નીકલો નાપાકો નહિ તો ધબ્બા લેવસ ધબ્બા. (મારે છે.)

ખતીજા—(એદુને ધભા લઇ) મુવે તુંહી જહાનમમે જાકે કયૂં નહિ ગીરતા ? મેરે ગુલાબ જયસે શોખકે બચ્ચેકો કયૂં માર રહા હય ?

એદુ—અરે કોઇ મને આય બલાવી છોડવો.

ગાયન.

બન્ને ઓરતો—

હું મય ભોલી ભાલી, મય તો બચ્ચે કચ્ચે વાલી.
નહિ કયા તું હય મેરા શૌહર !

એદુ—કૌન બલા તું મય કયા જાનું ?—ભોલી.

ખતીજા—ન જાને દું કબજેમેસે, ન છોડું મય, ન છોડું મય;

એદુ—કોઇ બચાવો આ બલાથી, ન જાનુ મય, ન જાનુ મય.

છોકરાં—કરકે અયસે ઇલ્લા બીલ્લા, વલ્લા ન છોડેંગે હમ કભી.—

[એદુને તેની બનાવટી બૈરી છોકરાં મારતા મારતા લઇ જાય છે. દીના ઢોંગ કરેછે]

દીના—બાવા ઓ બાવા એ શું રમખાન !

સોલીશા—દીકરી સારૂં થયું ખુદાએજ આપુને આય રઝીયનથી બચાવ્યા નહી તો કોણ જાણે મારી અણુસમજથી તારૂં કેવું બરૂં થતે!

દીના—બાવા મને એવણ વગર બીજા કોઇ સાથે પરણવુંજ નથી.

સોલીશા—આય છોકરી દીવાની તો નથી થઇ ? દીકરી એ શું કેહવાય? ચાલી જા, આય વાતના ધ્યાનને આગ લગાડ. (મનસે) હવેતો ડોકટરને તેડી એના મગજની હાલત તપાસવી જોઇએ, નહિ તો સુન્ના જેવી દીકરી હાથથી જશે.

[સોલીશા ગભરાતા જાયછે. દીના પાછળ હસતી જાયછે.]

અંક ૨ જો--પ્રવેશ ૩ જો.

સ્થળ—જંગલ.

[કાલીંદી વેર લેવાના વિચારમાં એક પથ્થરપર બેઠેલોછે. જૈત્રપાળ નજદીક એક ચીતે જુવેછે]

કાલીંદી—આ ભયંકર કાવતરાં કરતી વેળા કીનાને ઉશકેરવો જોઇએ. (પોતાનું કપડું ચીરી નાખતાં) આજ પછી ભાઇબંધીની સગાઇને હું આ વસ્ત્ર પ્રમાણે ચીરી નાખીશ, અને સાક્ષાત પરમેશ્વરની પ્રતિજ્ઞા લઇ કહુ છું, કે, આ દીવાનજીનાં શરીરમાંના લોહીનું દરેક ટીપું મારો દુશ્મન બનેલો છે. એ પ્રકાશિત તારાઓ ! અને તમામ ફેલાયલા રાત્રીના અંધકાર: મારી પ્રતિજ્ઞાનાને સાંભળજો. એ દયાનિધાન તું જે આ નિસ્તેજ ચંદ્રમંડળની ઉપર અને આ તારાગણુની પેલી તરફ ન્યાયાસન માંડી આ રાતના અંધકાર વચ્ચે પાપી લોકોનાં માથાં ફોડવા માટે ભયાનક આફતોની વૃષ્ટી કરતો ફરેછે ! તેને વટીક મારી આ પ્રતિજ્ઞા યાદ રહેવી જોઇએ. જો હું આય દીવાન અને તેના મિત્રને આજ સહવાર સુધીમાં ઠાર નહિ કરૂંતો, હું કમકુવત કામ વિનાનો માનવી છું એમ ગણી મને સ્રષ્ટિ મંડળમાંથી હાંકી મેળજો; પણ હું મારા સોગંદ કદી પાળીયા વગર રહ્યો નથી.

જૈત્રપાળ—બાપુ, તમે શા માટે એટલા બધા ઉશ્કેરાઓછો ? મને આજ્ઞા આપો. હું અબઘડી આ બન્ને પારસી અમલદારોનાં કાંટા વચમાંથી હાણી પાડીશ.

કાલીંદી—શાબાસ ! મ્હને તારા જેવાની જરૂર છે. આપણે જાહેરમાં

ખુની કહેવાડવું નથી. મેં એક વિચાર યોજ્યો છે. આથી એક દગાથી માર્યો જશે, દીજો દગાનો ભોગ થશે

જૈત્રપાળ—મને સમજ પડે તેવો માર્ગ બતાવો પછી જુઓ, રાયસિંહનો સહેજે રોષ ખેંચ્યા વિના આપણી મતલબ પાર પાડશું.

કાલીંદી—મને રાયસિંહ પર વિશ્વાસ નથી તેમના વિચાર પૃથ્વિ પ્રમાણે હમેશાં ફરતા ફરે છે, આ દીવાન કૈકોબાદ, કર્મધર્મ સંજોગે આપણા પંજામાં સપડાયો છે તેને આપણી મહાસમજાવટ પછી દેહાંત દંડની શિક્ષા રાયસિંહે ફરમાવી છે, છતાં તે પોતાના મિત્રના સાહાસિક પણાથી છુટો થઇ પોતાનાં બાઇડી બચ્ચાંને મળવા ગયો છે.

જૈત્રપાળ—તે કદી પાછો આવે એમ ભાસતું નથી.

કાલીંદી—આ પારસી દીવાન પોતાના સતવચન માટે સાચ્ચો હોવા થકી જાણીતો છે. તેથી રાણાનો માનીતો છે, પ્રમાણીકપણાની મૂર્તિ છે.

જૈત્રપાળ—તેને આવવા દો. આપણે માર્ગમાં ઘેરી તેનો શિરચ્છેદ કરીશું.

કાલીંદી—ના. તેમ કરવાથી આપણે ખુની કહેવાઇશું. ખુનમાં હાથ બોળી હાથ અપવિત્ર કરવાં નથી, આજ મધરાત પછી કોઇપી જોખમે તેને આજની રાત્રે કિલ્લાના ખંડીયરમાં પુરી રાખવો જોઇશે. એટલે મળસકા પેહેલાં એનો મિત્ર એને જગે માર્યો જશે, પછી એને છુટો કરીશું કે એ પણ એથી દગલબાજી માટે માર્યો જશે. આપણું વેર વળશે.

[સરદાર બહાદુર દાખલ થાય છે. બન્નેને મસલહતમાં જોઇ થમી જાય છે.]

જૈત્રપાળ—આહા ! એમાં આપણી નક્કી જય થશે.

કાલીંદી—ને આપણા બન્ને વેરીઓનું નિકંદન નિકળી જશે.—હવે આપણે આનંદી અને તાજા દેખાઇશું ! અંતઃકરણ માહેલા

ઇરાદાની ખબર આપણા ચેહેરાપર જણાવી ન જોઇએ પણ આપણા રજપૂત વીરોની માફક અથાગ જુસ્સા અને નિયમિત સ્વસ્થાથી તેને સાચવી રાખશું, અને પછી આપણું કામ પાર પાડશું.

[બન્ને જવા કરેછે, સામો બહાદુર મળેછે.]

બહાદુર—(સામે આવી) બંધુ કાલીંદી આવી એકાંત અંધકાર રાત્રે તમો બન્ને જણા શું મસલહત કરોછો ?

કાલીંદી--તમે તમારા કામપર લક્ષ આપો, હમારૂં કામ હમે જાણીએ છિયે.

બહાદુર--તેની મને ખાતરી છે પણ હમણાજ તમે કહ્યું કે બે દુશમનોનું નિકંદન કાઢી નાખશું તે શું ? સત્ય વદો.

કાલીંદી—(વાત ફેરવી) હમે અમારા મન માહેલા અંહઃકાર અને વેર જેવા બે વેરીઓનું નિકંદન કાઢવાનો વાદવિવાદ કરતા હતા.

જૈત્રપાળ—બાપુ ? હમણાજ એક મહાતમાનું હમુને દર્શન થયું. તેમણે આપેલા બોધ ઉપરથી અમો તે વિશય ઉપર ચર્ચા કરતા હતા, પાહારો ભરતા હતા.

બહાદુર—તમો મારેથી વાતને મીઠી બનાવણીઓમાં વિંટાળો છો;. પણ તમારી પ્રપંચી ઇર્ષા તમારા ચેહેરાપર સત્યતારૂપે પ્રગટી છે, તે મ્હને બીજું દર્શાવે છે.

કાલીંદી—સરદાર બહાદુર ! તમે જયાર ત્યાર મારા ઇરાદાની વચ્ચે પુરાઓ છો એ ઠીક નહિ. અમે જે કહ્યું તે સત્ય છે, તેનું પ્રમાણ બીજું શું આપું ?

બહાદુર—(ઠેકડી કરતો) સત્યતા પોતાની મેળે પ્રગટ થશે. સત્યતાના સૂર્યને પોતે કેમ ઉગવું એ સારી પેઠે ખબર હોય છે. ફુટતી બંદુકના આવાજથી તમામ લોકોને ગાઢ નિંદ્રામાંથી હીલવી જાગૃત કરવા માટે સત્યતાનાં વચનો મેઘ ગર્જના રૂપે વદવાદો. સચ્ચાઇ નિષ્કલંકછે. આપણા હક મેળવવા માટે હું કુમાર્ગે આતમઘાત કરવા દઇશ નહીં.

જૈત્રપાળ—તમે શું હમુને હમારા અંતરયામી વિચારને પણ રોકશો ?

બહાદુર—કાલીંદી હું સહુ પામી ગયોછું. તમુને કોણુ પર વેર છે? પેલા પારસી દીવાન અને તેના મિત્રનું તમે નીકંદન કાઢવા ઘાટ ઘડોછો, એમ મારૂં મન મને સૂચવેછે.

કાલીંદી—તમે જુઠી તકરાર કરોછો. અપસમાં વઢવાની છેડતી શોધોછો.

બહાદુર—હું તમુને સત્યમાર્ગનું દર્શન આપુંછું.

કાલીંદી—તો જાઓ ! તમારાથી થાય તે કરી લેજો. એતો જે કરશું તે હમારા હક માટે ભરશું. સત્યતાને કશાની આંચ લાગનાર નથી.

[બન્ને જણા મગરૂરીમાં ચાલી જાય છે બહાદુર સરદાર વિચારમાં લીન બનેછે]

બહાદુર—હવેતો એની પાંખ માહેલાં વધી જતા અંહકારના પીછાં તોડી લેવાથી એનુ ઉડવું સાધારણ બની જશે. નહિતો માનવી દૃષ્ટીની ઉપર એ ઉડશે, અને અમો સર્વેને ગુલામની માફક હમેશાં ધાસ્તીમાં રાખશે. એમના કુટીલ પ્રપંચો હમારા ઇરાદા અને હકોને નુકસાન પોંહચાડશે, રાયસિંહના દાવાને હાણી પાડશે; ત્યારેતો એમનીપર જાસુસી ચલાવી એમને રોકવા જોઇએ, સત્યતાને માર્ગે દોરવવા જોઇએ.

ગાયન

આવે વિનાશ કાલ, કરે પ્રપંચ નાશ
ધી:ક ધી:ક આવા ચાલપર.
કંપે કંપે આ બ્રહ્માંડ ! હે પાપીષ્ટ.
સુજે ન સબુદ્ધિ કદાપી, મનમાં ચિતમાં.—
રજપૂત વીરતે, જીતે ઇંદ્રયજે
સાચપર, આયુષ્ય ગાળી, સરિતિ નિહાળી. વર્તન સાચ.
હાણું પ્રપંચ બુરાં, કરૂં હું કોડ પુરાં
બચાવું નેક શુરા, સ્થાપી નિત્ય સત્યતા —
(બસ કુંજ)

[જાય છે.]

અંક ૨ જો—પ્રવેશ ૪ થો.

સ્થળ—રાયસિંહના ગુફા માહેલું મકાન.

[પહાડના ગુફામાં બનાવેલું રૈનકદાર મકાન; એકમા રેહવાનું અને બીજામાં બેઠક. એક તરફ પલંગ ઉપર બાળકી સુતેલી છે, પાસે વૈદરાજ બેઠા છે, રાયસિંહ ચિંતાતૂર આંખે પોતાની કુંવરીને નિહાળેછે.]

રાયસિંહ--વૈદરાજ ! મ્હારી કુંવરીનાં આયુષ્ય રેખાનો અંત આવ્યો છે. જે દિવસે એની જીંદગી શરૂ થઇ તેજ દિવસે તે પુરી થશે. એની જીંદગીની રેતી એના જન્મ દિવસે સરી રહી છે. શું કોઇ ઉપાય નથી ?

વૈદ--વિધાતા શિવાય હવે એને કોઇ ઉગારનાર નથી. રાયજી, મેં મારા દરેક ઉપાયો યોજી જોયાં ! પણ કોઇ માત્રા કારગત લાગતી નથી.

રાયસિંહ—અરેરે ! એની સાથે બે છેલ્લાં શબ્દ બોલવાની તક મળતે તો જીવને કેટલી બધી શાંતિ મળતે ?

વૈદ—બાળા, માત્રાની કેફમાં પડેલી છે, એને ઇશ્વરની કૃપા દૃષ્ટી સારી કરી શકશે.

રાયસિંહ--(ઉશકેરાઇ) એ મ્હારી જીંદગીની છેલ્લી આશા હતી ! મે મ્હારા બંધુઓના હકકને માટે મારા સર્વસ્વ વૈભવપર પાણી ફેરવ્યું. મ્હારી આ પણ અત્રે પંથે લાગી. મ્હારાં બન્ને શૂરવીર કુંવર લઢતા સ્વર્ગે ગયા ! હવે બાકી એજ એક આશાની જયોત હતી, તે પણ ઝુંપાવા માંડી છે.

વૈદ--રાયજી, ઇશ્વરપર આશા બાંધો ! ગયા જન્મના પાપ પુણ્યનો

હીસાબ માનવીને કોઈને કોઇ રીતે નવે જન્મે આપવો પડેછે ! એમ શાસ્ત્ર કહેછે તે ખોટું નથી.

રાયસિંહ—એ હું માનું છું; પણ હવે આ પ્રાણ મ્હને શા ખપનો? હું કોણના દાવા માટે લઉંછું ? મ્હને મારૂં જીવન અકારૂં લાગેછે ! પ્રપંચો ભારે ખુંચે છે.

વૈદ--રાયજી, તમો ત્હમારા બંધુઓના ઉધ્ધાર કરવા નિર્માણ થયા છો. તમારી જન્મભૂમિને જે તમારા ભાઇએ પચાવી પાડીછે તેને છોડવવા જીવવા જોઇએ. શું ત્હમુને તમારી માતૃભૂમિ પણ ઝેરી લાગે છે ?

રાયસિંહ—(માતૃભૂમિના પૂજ્ય ભાવથી) આ મારી જન્મ ભૂમિ ? એ મ્હને કેટલી વ્હાલી છે? તે કેમ જણાઉં ?. હે મારી પ્યારી જન્મ ભૂમિના આકાશ! એજ મ્હારી માતૃભૂમિપર ઉગનારો ચંદ્ર ! આ મેદાનો અને પર્વતો ! આ વહેતી નદીના પ્રવાહો! અને જંગલો ! તેઓ સર્વે મ્હારા પ્રાણછે. મ્હારી માતૃ ભૂમિપરની ટેકડીઓપરથી વ્હેતો પવન વટીક કેટલો બધો મીઠો સુગંધીત લાગેછે ? તેમનાં મધુર સ્વાસથી આ ગરીબ અનાથ પ્રાણીના મનને શાંતિ મળેછે. આહાહા ! આ મ્હારી જન્મભૂમિ, મ્હને કેવી પાક પવિત્ર અને સ્વર્ગિય લાગેછે ? કવિઓની કલ્પના સૃષ્ટિમાં કેટલાંક અલૌકીક સ્થળો નિર્માણ કરેલાં રહેછે ? તેમાંનો આ દેશ પણ મ્હને તેવો ભાસેછે ! ત્યારે આવા આ દેશ માટે પુત્ર પત્નિ પ્રેમને હું તુચ્છ ગણું છું.

વૈદ--રાયજી ધન છે ! તમુને દયાનિધાન જરૂર સાહાહ્ય થશે, ત્હમારી બાળાને જરૂર ઉગારશે.

રાયસિંહ--જેવી ઇશ્વરેચ્છા.

[ગુલઆનુ શિયાવક્ષને પાસામાં પકડી ઓવર કોટ ઓઢેલી, ગુલા સાથે દાખલ થાયછે. સીપાઇઓ સામા અટકાવ મુકેછે.]

૧ સેપાહુ—ખબરદાર ! આગળ વધશો નહિ ! .

ગુલાં—ઓ કોઇ હમુને બચાવો !

[રાયસિંહ ગડબડ સાંભળી બારણામાંથી સામો આવેછે. ગુલ તેહેમીને બચાવેછે, સીપાઈઓ બહાર જાયછે.]

રાયસિંહુ—એમને છોડી જાઓ

ગુલ—(નજદીક જઇ) ઓ ! તમે રાયસિંહ છો ? હમુને બચાવો, હમારૂં રક્ષણ કરો.

રાયસિંહુ—(સ્વગત) આ સજલ નેત્રવાલી દીવાનની પત્નિ લાગેછે ? (મોટે) બાઇ કહો, આવી મોડી રાત્રે અંધકાર વચ્ચે હમારા ભયંકર ગુફામાં ત્હમે શા માટે આયાંછ ?

ગુલ—તમો જો પોતે રાયસિંહ હોવ, તો હમો તમારી રેહેમ ચાહવા આયાંછ ! (બન્ને હાથોને સામે વાળી)

રાયસિંહ—હુંજ તે રાયસિંહ છું. તમે આવવાની મેહેનત મિથ્યા ઉઠાવીછ.

ગુલ—ભલા રાયજી હમોપર રેહેમ કરો. હું અને આય મ્હારૂં બચ્ચું કેકોબાદના મોતથી વાલી વગરનાં થઇશું. તેમનો પ્રાણ તમારા હાથમાં છે !

રાયસિંહુ—બાઇ ધીરાપડો !શાંતિ પકડો.

ગુલ—હવે તમારી કે કોઇની તરફનાં ધીરજનાં બોલો નકામાં છે. તમામ શાંતિ આપનાર અને મ્હારો છુટકારો કરનાર હવે એક મોત બાકી છે. (વિચારી) આહા : ! મોત કેવું મીઠું છે ? મોત ? તું દોજખ જેવો ડરામણો છે પણ હમોનેતો તે બાગે બેહેસ્ત જેવો હવે જણાય છે !

રાયચિંહુ—બાઇ, હું ત્હમારી આવવાની તમામ ઇચ્છા જાણુંછું. પણ દિલગીર છું કે હું ત્હમુને કોઇપણ રીતે ઉપગોગી થઇ પડું તેમ નથી. હવે તું શાંતથા, ને પાછી જા.

ગુલ--નહિ! નહિ!. મારા જાનમાં જાન હોવા પછી હું શાંત બનું ? મારી જબાનમાં જો વાદળ જેવો ગગડાટ કરવાની શક્તિ હતે તો મે તમામ જેહાનને ધ્રુજાવી મુકી હતે. એટલુંજ નહિ, પણ ઓરતોનાં નાજુક આવાજ તરફ ઢુંકીને નહિ જોનારો અને દુ:ખી જીગરોની કાકલુદીપર તિરસ્કાર કરનાર, જે મોતનો દેવ, તેને પણ જાગ્રત કીધો હતે.

રાયસિંહ--બાઇ, ત્હમારા દુખનો આ વિલાપ નથી, પણ સરીયામ દીવાનપણું છે.

ગુલ—(ઉશ્કેરાઇ) મ્હને દેવાની કેહનાર ત્હમે ઢોંગી સરદાર હોવા જોઇએ. હું બીલકુલ દીવાની નથી. (પોતાના બાલો તાણી તોડી છુટા કરી બતલાવતાં) આ જુઓ. મે ખેંચી કાઢેલા બાલો, મ્હારા પોતાનાજ છે. માંરૂં નામ ગુલ્ર છે, કેકોબાદની હું પરણેતર છું! આય શિયાવક્ષ મ્હારો બેટો છે, તેમને હું ઓળખુંછું. (બચ્ચાને પાસામાં દાબે છે)

રાયસિંહ--બાઇ ત્હમારૂં ચિત ભ્રમિત થયુંછ. હમારો કાયદો જે આજ્ઞા આપે છે તેજ હમો બજાવીયે છિયે!

ગુલ--જો હું દીવાની હતે તો ઘણું બેહેતર. હું જો ઘેલી હતે તો પોતાનેજ ભૂલતે. તમારામાં જો કાંઇ શક્તિ હોય તો તમારા જાદુમંતરથી મને ઘેલી બનાવો, જેથી ત્હમે સાધુમાં ખપશો. હું દેવાની નથી તેથી મ્હારૂં દુ:ખ મ્હને જણાય છે.

શિયાવક્ષ—મમા ત્હમે જીગરને ઉશકેરો ના, ધીરા પડો (વળગેછે.)

ગુલ—(શિયાવક્ષને પાસમાં દાબી) હું જો દીવાની હતે તો આ મ્હારા બચ્ચાને મટોડીનું રમકડું સમજતે, (ઉચકેછે) અને ભાંગી તોડી નાખતે (પેટમાં ચાંપતાં) પણ હું ઘેલી નથી તેથીજ મ્હારીપર આફ્તની લટકતી તલવારની ધારની ધસક મને હેબતાવી રહીછ.

રાયસિંહ—(દ્રઢતાથી) બાઇ ત્હમારૂં કેહેવું સત્યજી હોય ? પણ પ્રથમ આ ત્હમારા છુટા બાલો સાફ કરી બાંધી નાખો.

એઓ તમારો દેખાવ વધુ શોકમય બનાવેછે ! (થોભી જોઇને) ત્હમારા બાલો કેવા સુંદર છે ? તેમનીપર રૂપેરી આંસુના મોતી ટપકેલાં છે; કિસમતના ચક્રમાં ઘેરાતાં, જેઓ આફ્ત વખતે પણ જુદાં પડનાર નથી હોતાં, એવા વિશ્વાસુ મિત્રો પ્રમાણે એઓ એકેક કેશ સાથે હજારો કેશ વ્હોંટી, એકમેકના જીવજાન મિત્ર જેવા થઇ મદદમાં ખડા રહેલાં છે. તેમને તમે એક રૂપ કરવા એક જગે બાંધી નાખો. મ્હેતો મારા હકક માટે એક જીવ કરવા મ્હારા બંધુઓ સાથે બહારવટું માંડયુંછે, તેમાં ત્હમારો પતી સપડાયો ! તેનું પ્રાલબ્ધ !.

ગુલ—એમને બાંધસ ! (બાંધતા વિચારીને) પણ શા માટે બાંધુ ? આ બાલ જયારે મે છુટા છોડયા ત્યારે હું જોરથી બોલી હતી કે " આ હાથ, જેવાં બાલોને છુટાપણુ બક્ષેછે, તેવાજ મ્હારા ધણી ને પણ આપશે. પણ હું હવે એમની સ્વતંત્રતાની અદેખાઇ કરૂંછું ! તેથી ફરી બાંધુંછું ! કેમકે મારો ધણી પણ કેદમાં બંદીવાન છે. (બાલો બાંધતા બાંધતા) કહેછે કે આપણાથી છુટા પડેલા વ્હાલાંઓ આપણને બેહેસ્તમાં મળેછે ! તે જો ખરૂં હશે તો તેમને ત્યાં જઈ મળીશ ! દુનિયામાં જે પુરૂષ પેહેલાં પેદા થયો, તેના જેવા આજવેર અસંખ્ય પેદા થયાછ! પણ મ્હારા ખાવીંદ જેવો એકે મરદ આજવેર આય ધર્તિપર જનમ્યો નથી.

શિયાવક્ષ--મમા ! ખુદાપર આશા રાખો. એમના જીગરમાં રેહેમ નથી કે કદર નથી.

ગુલ—રાયસિંહજી ! આ મ્હારી આશાના ફુલને કળી માહેલો રસ ચૂસનારા કીડા પ્રમાણે દુ:ખરૂપી કીડો હવે કરડી ખાશે. ત્હેના ગુલાબી ગાલોપરની મરદાનગીને તેવો હરી જશે. પછી મ્હારો ધણી હાડપીંજર જેવો બની મોતને હાથે લાએલાજ થઇ મીટીમાં મળશે ! (ધ્રુજેછે) છેહલે ખુદા તેને પોતાની દરબારે લઇ જશે ! તે ખુદાને બાર જતાં હું પણ ત્યાં જઇશ, (હિમ્મતથી વિચારી) પણ ત્યાં તેને કજળાયલા હાડપીંજર રૂપે જોઇ કેમ ઓળખી

શકીશ ! (નભરવશપણે) તેથી કરગરીને અરજ કરૂંછ ! તેને ના રીઆવો. તે મારો બહાદુર ધણી હવે નજરે પડતા નથી.

રાયસિંહ—આવી રીતે જેઓ મીથ્યા શોકને વશ થનારા હોયછે તેઓ પાપી પ્રાણી કહેવાયછે.

તેહેમી—જેમના જીગરમાં બચ્ચાનો ચાહ હાતો નથી ! યા જેને પાતાના વ્હાલાપર પ્યાર હોતો નથી તેજ એવા કઠોર વચન બાલે છે.

રાયસિંહ—સ્વામી અને દુઃખ એ બન્નેપર એમની એક સરખી મોહબત છે.

ગુલ—એમાં શું શક ? મારા જીગરની તમામ જગ્યા તેજ દુઃખે વ્યાપેલી છે. હું જયાં જયાં જાઉંછ ત્યાં તેમને મ્હારી સાથે ફરતા જોઉંછ ! (ધ્રુજતાં) આંખે ચેહેરો નિહાળુંછ ! તેમનાજ શબ્દોમાં બોલુંછ ! દરેક વાતમાં મ્હારા કેકી હુંજ છેઉં એમ મ્હને લાગેછ ! ત્યારે હવે કહો દુખપર મ્હોબત રાખવાનું કારણ મારી પાસે મોજુદ છે કે નહિ ?

રાયસિંહ—હું જયારે મ્હારા હકક માટે લઢતા હતા, ત્યારે એજ દીવાન કેકોબાદને દયા આવી નહિ ! આથી હું પણ તે માનવી દયાને સલામ કરૂંછું ! મારેથી હેત, પ્રિત, એમનો સર્વ સંબંધ કે દિવસનો તુટો છે ! મ્હારૂં પ્રિય હવે આ જગતમાં કશુંજ નથી ! રક્તપાત અને વેર એજ હું નિહાળું છું ! હમારા હકક માટે કીનો એજ હમારો મુદ્રાલેખ થઇ રહયો છે !

ગુલ—(નિરાશાથી દુર વળતી) તમે સુખી રેહેજો ! હું હવે રજા લઇશ. પણ એ યાદ રાખજો (દ્રઢતાથી) મ્હારા જેવો ત્હમારા જીગરમાં જો જખમ થયો હોત તો ત્હમે મ્હને જે આપોછો તે કરતાં મેં તમુને જયાદા રહમ ને સુખ આપ્યાં હતે ! પણ જવાદો ! મ્હારા સરપરજ જયારે આવી આફત વર્સી મગજ ગુમ થયુંછ. તો હું મ્હારા આય બાલ શા માટે સફાઇથી બાંધી રાખું ? (ગુસ્સાથી બાલો છોડેછે) ઓ પરવરદેગાર ! જેહાનના દાદગર ! મ્હારો ધણી, મ્હારો કેકી ! મ્હારો વ્હાલો ! મ્હારૂ અન્ન ! મ્હારી

દુનિયા! આ વિધવાના ભવિષ! મ્હારા દુ:ખની આખરી! થોભો! મ્હારા ફકી? મારા ધણી હું નજદીક આવુંછ!

[દુખથી ગુલ બેહોશ થઇ તુટી પડેછે. તેહેમી તેને સંભાળે છે, રાયસિંહ કલપાંતથી બેચેન બને છે]

શિયાવક્ષ—ઓ માયજી! માયજી! ના ઘભરાવો! ખુદાપર સબર કરો!

તેહેમી—એણે એટલી બધી મિન્નતોજારી કીધી, છતાં એને દયા નથી! એકાદ ક્રૂર જાનવરને પણ દયા આવી હતે! પથ્થરને રડવું આવ્યું હતે! પણ આ સખત રજપૂત હૈયાને દયા નથી!. (વિચારી) કોઇને કહીએ તો ખરૂં માનશે નહિ! આવી સખતાઇ સામે તમામ જેહાનમાં બળવો થવો જોઇએ! દુનિયાં અને દરિયાવ! એઓએ બૌફનાક બની તેમની સામે જંગ ઉઠાવવું જોઇએ? અને આવાં આ માનવી કાળા સાંપોની જાતને પૃથ્વીની સપાટીઉપરથી નાબુદ કરવી જોઇએ.

(ગુલને હોશમાં લાવવા તેહેમીના ગુલની સારવાર કરી જાગૃત કરે છે)

શિયાવક્ષ—(નજદીક જઇ રાયસિંની દામન પકડી) સરદાર! તમારે પેટ કાંઈ બચ્ચાં છે?

રાયસિહ—(ચોંકી) મ્હને? (બચ્ચાની યાદથી ધ્રૂજી) હા! હા! છે! (શિયાવક્ષનું માથું પસવારતાં) બચ્ચા! એમ કાંય પુછે છે?

શિયાવક્ષ—જેવું વ્હાલું બાળક તમુને; તમારૂં છે, તેટલો બલકે તેથી જયાદા વ્હાલો મને બાપ છે! હું સહવાર પડતાં બાપ વીનાનો થવશ! મારી આય મા! મારી માવ વિધવા બનશે! હમારૂં કુટુંબ નાશ પામશે!

ગુલ—(બચ્ચાને નામે ચોંકી ઝનુનથી)આ દયાહીણુને નસીબે બચ્ચું કેમ રહ્યું? પથ્થરમાંથી કદી દયાના આંસુ ટપકતા નથી! જો ત્હને ફરજંદ હોય તો ત્હને રહમની કદર હોવી જોઇએ! પણ જો ત્હારામાં રહમ નહિ હશે તો બચ્ચુંબી નહિ હશે! નહિ રહેશે!

રાયસિંહ—(કમકમી) બાઇ એવા શ્રાપ ના આપ. મ્હને એક પુરી બેટી છે, પણ તે (ધ્રુજતાં રડમસ દિલે) તેઃ આ ધર્તિપર માત્ર બે પળની બળતી જ્યોત છે.

તેહમી—ત્હમારા જીગરમાં પણ હમારા જેવું દુઃખ છે ખરૂં ?

ગુલ—મારો ધણી બે કલાકનો મેહેમાન છે ! તેના મોતની સજાની બીહીકથી જેટલી હું મરી ચુકીછ ! તેટલો તું તારા ફરજંદની આવી પુગેલી અજલના ડરથી મરી ચૂકોછ ! આપણે બન્ને એક સમાન છઇએ ! પણ એકમાં રહમ નથી ! તેથી ખુદાને બાર પણ દયા નથી.

શિયાવક્ષ—(ગુઠને પડી) બાપુ ! મારા પિતાપર રહમ કરો ! તેને જીંદગી બક્ષો ! ખુદા તમારીપર દયા કરશે ! તમારી બેટીને ઉગારશે.

રાયસિંહ—(વિચારમાંથી ચોંકી આંખો લુંછતો) ઉઠ બેટા ! ના રડ ! હું ત્હારા વ્હાલાને જીવતો જાગતો પાછો સોંપુંછ !

બન્ને—(દોડી તેના હાથચુમી) ઓ ! હમો તમારા કેવા અહેસાનમંદ છિએ ? આ અહેસાન મરતાં ભૂલશું નહિ.

[રાયસિંહ ટેબલ પાસે જઇ વારંટ કાઢી તેને રદ કરી બતલાવે છે]

રાયસિંહ—દીવાન કેકોબાદના મોતની સજાનું ફરમાન મેં રદ કીધું છે. કહો કેકોબાદ હાલ કયાં છે ?

ગુલ—કેકોબાદ તો કયારના વચન પાળવા આય તરફ આવવા ઉપડી ચુકા છે. હાલમાં તેવણ બંદીખાને હશે.

રાયસિંહ—(દૃઢતાથી) પણ યાદ રાખજો, મે કેકોબાદને ત્હમો લોકને મળી આવવા જે મેહેતલ આપી તે વખતે તેની જામીનગીરીમાં રૂસ્તમે પોતાને કેદી બનાવ્યો છે ! પોતાના મિત્રને છોડવવા દીવાનજી સહવાર સુધીમાં હાજર નહિ થશે તો તેને દગલબાજ લેખી રૂસ્તમને પોતાનો પ્રાણ ખોવો પડશે, અને કેકોબાદને હમારેજ હાથે માણ દેવો પડશે.

ગુલ—તેમના થકી હમુને સેહેજે ફીકર નથી. મારો ખાવીંદ જેટલો પોતાના દેશ અને રાજા તરફ વફાદાર છે! તેટલોજ તે પોતાના વચનને સાચ્ચો નિવડશે.

રાયસિંહ—(શિયાવક્ષને માથે હાથમેળી પસવારે છે) બચ્ચા! કેમ હવે ત્હને કાંઇ કહેવું છે? માગવું છે?

શિયાવક્ષ--હા! (ગુઠને પડી ખુદા તરફ હાથો ઉઠાવી) એ રહમના રેહમાન! તેં મ્હારા બાવાપર રહેમ કરવા આય સરદારના જીગરમાં દયા પેદા કરી તેમને જીવતદાન બક્ષયું છો તો તું એમના બિમાર બચ્ચાપર તારી રેહેમ ઉતાર! તેની જીંદગીને ઉગાર! નિર્દોશની દોઆ કબુલ કર! મંજુર કર!

[એકાએક વિજળીનો ચમકારો થઇ શિયાવક્ષના ચેહેરા પરથી રોશનીનો પ્રખર પ્રકાશ વધી ઉંઘતી કુંવરીના ચેહેરાપર પ્રગટ થાય છે. બાળાનું સુધીમાં આવવું. બાળક વૈદ સાથે વાત કરેછે. રાયસિંહ કાનદઇ ચિંતાતુર ચેહેરે સાંભળે છે, સર્વે ઇંતેજારીથી તેને જુવે છે. ચુપકીદીમાં આશાનાં કિરણો નજરે પડેછે, રાયસિંહની આતુરતા વધેછે.]

બાળકી—પિતાજી! પિતાજી!

વૈદ—(પાસે દોડીજતાં) બા શું છે?

બાળકી—(ઉઠતાં) પીતાજી કહાંછે? મ્હને શાંતી લાગેછે! શરીરમાં શકિત લાગે છે.

વૈદ--બા! પોઢીજા! હું તમારા પિતાશ્રીને તેડું છું.! (બહાર દોડી આવી) રાયજી દોડો! કુંવરી સુધ્ધીમાં આવેલ છે! ઇશ્વરની કૃપા દૃષ્ટી તમારી પર ઉતરી છે.

રાયસિંહ—(બન્ને હાથો જોડી આભાર દર્શાવતાં) હે દાતા! દાતા! તારી લીલા અપંરપારછે! (શિયાવક્ષની પાંખડી પકડી). બેટા આવ. મારી કુંવરીને ત્હારા નિર્દોશ પવિત્ર આશિશ

આપી જા. બાઇઓ ચાલો મ્હારી ઝુપડી તમારાં પગલાંથી પાવન કરો!

[સર્વે અંદર જાયછે. રાયસિંહ બાળકીને ગાઢ આલીંગન દેછે. બન્ને બાપબેટા રડી પડેછે, ઇશ્વરનો આભાર મનમાં માનેછે)

બાળકી—મ્હારા પિતાજી ! પિતાજી !

રાયસિંહ—બા પોઢીજા ! ઇશ્વર સારૂં કરશે, જો આ મારી સાથે કોણ છે? (બાળકી ઉઠી જુવે છે) આ ભલા બાળકનાં આશિશથી તું સાજી થઇ છે.

[ગુલ બાળકીને ટેકોદઇ ખડી કરેછે. તેહેમી સારવાર કરે છે.]

શિયાવક્ષ—(બાળકીના બન્ને હાથ માયાથી પકડે છે) બેહેન ! તારા બાવાએ મારા નિર્દોશ પિતાપર દયા કીધીછે તો ખુદા તમો પર મેહેર ઉતારે એ હમારા સાચ્ચા દિલની બંદગી સાથની દોઆછે.

બાળકી—પિતાજી મ્હારા મનને શાંતિદાયક આનંદ ઉપજેછે !

વૈદ—રાયજી ! તમારી પુત્રી ઇશ્વરેચ્છાથી ઉગરી છે ! હવે પછી એના નખમાએ દુઃખ રહેશે નહિ !

રાયસિંહ—(પલંગ પાસે ગુડને પડેછે) હે દયાનિધાન પરમેશ્વર ! આ ત્હારા કરતવ્ય ભૂલેલાને ઉગાર ! સબુદ્ધિ આપ ! હમારૂં રક્ષણ કર !

[બાપ બેટી ભેટી પડેછે. ગુલ તથા તેહેમી, શિયાવક્ષ ગુપચુપ ચાલવા માંડેછે. સર્વે ખુદાની મેહેરના આભારથી ખુશહાલ ચેહેરે તેની તરફ નજર ઉઠાવી જતા જણાયછે.]

ટેબલો.

ડ્રોપ.

અંક ૩ જો—પ્રવેશ ૧ લો

સ્થળ—કિલ્લાના બુરજ માહેલું ખંડીયર.

[તાપણા પાસે જૈત્રપાળ બેશી ગાયછે. કાલિંદી વિચારના વમળમાં ઝાડને અઢેલી ઉભોછે. ગાયન ગાઇ રેહેતાં જત્રપાળ મોઢ છુપાવી દુર તપાસ થકી દોડી જાયછે.]

ગાયન.

જૈત્રપાળ--

મલી ભલી આજે તપાસ, પલ ભરમાં જાશે વિનાશ
બાજી ફળી મળશે આશ. નિકંદન હમ હાથે ખાસ,
મલ્યો આજે આવકાશ !——
અંધ રાત્રીનો ઉજાસ ! કરમો બુરાં ઢાંક ખાસ !
શાંતિ માહાલે ચોપાસ.——

કાલીંદી—(મનસે) અરે ! કાવત્રાં! કાવત્રાં! જ્યારે બદકારી અત્યંત નિરંકૂશ હોયછે, એવી અંધકાર રાત્રે પણ ત્હારૂં ભયંકર કપાળ બતાવતાં તું શરમાય છે! ત્યારે દિવસે તો ત્હારી રાક્ષસી આકૃતિને છુપાવે એવી અંધારી ગુહા ત્હને ક્યાંથી મળશે ? (વિચારી) કાવત્રાં ! કાવત્રાં ! એવી ગુહાને તું શોધીશ પણ નહિ ! સ્મિત હાસ્ય ! અને સભ્યતામાં ત્હેને સંતાડજે ! કારણકે જો તું ત્હારી સ્વાભાવિક આકૃતિમાં રહીશતો પછી તુને છુપાવી શકે એવો નર્કકુંડ પોતેપણ અંધકારમય નથી. (સ્વગત વિચારી) રાયસિંહ તમે શું એમ ધારોછો કે પંજામાં સપડાયલા શેકારને જતો મેળીશ ? પણ ભૂલોછો ! ત્હેને અમો સેહેલાઇથી છટકવા દઇશું નહિ ! હરણ જેમ પાણીથી છેતરા-

ય છે ! રીંછ કાચથી ! હાથી ખાડાથી ! સિંહ જાળથી અને માનવી મીઠાં વચનોથી છેતરાય છે ! તેમ હું તમો સર્વેને આજ રાત્રીમાં મારા કરતુકથી છેતરી શકીશ.

[જૈત્રપાળ દોડતો આવે છે.)

જૈત્રપાળ—સરદાર, શેકાર લાગમાં છે ! બાજી આપણા હાથમાં છે.

કાલીંદી—ક્યાં છે ? બંધુ દોડ જલ્દી, તેને ઘેરી લઇશું. નહિ તો આપણી હાર થશે, વેરીપર કાનો લેવાનો લાગ જશે.

જૈત્રપાળ—દીવાન પોતાના ઘોડાપર બેશી આજ તરફ આવતો જણાયછે.

કાલીંદી—ત્યારે આપણી જાળ આ માર્ગપર પાંથરી દે. ઘોડાનો પગ માહે ફસતાં સવાર અને ઘોડો બન્ને પછડાતાં શિકાર તાબે થશે.

જૈત્રપાળ—ત્હેની સર્વ સામગ્રી તૈયાર છે. માત્ર દોરડું ખેંચવાની વાર છે.

[બન્ને જણા મોહડું છુપાવે છે. પાંદડા ઘાસથી બનાવેલી જાળી પાંથરે છે. કેકોબાદનાં ઘોડાનો પગ જાળીમાં ફસાતાં ખેંચે છે. ઘોડા સાથે સવાર પછડાય છે. કેકોબાદ થપકાયલો લંગડાતો દોડી આવે છે.]

કેકોબાદ—ઓહ: ! આય દુ:ખપર ડહામ ? હવે કેમ કરૂં ? મારો ઘોડો તો તુટી પડયોછ. સહવારૂં ઓય થઇ જશે ! રૂસ્તમ ફેકટમાં માર્યો જશે ! મારે માથે કલંક રેહેશે.

[જૈત્રપાળ પાછળથી આવી દગાથી કેદ કરે છે, તેને કાલીંદી સામી તરફથી મદદ કરે છે. કેકોબાદ હુમલા સામે જોર કરે છે પણ પગ લંગડાતો હોવાથી જેર થાય છે.]

કેકોબાદ—ઓ દગલબાજ ! દગો ! આ તમારો દગો ?

કાલીંદી—ત્હારો પ્રાણ ને ઈમાન હવે હમારા હાથમાં છે.

કેકોબાદ—અરે દગલબાજો મ્હને ના રોકો, હું મોતથી ડરતો નથી ! કેમકે સહવારે મ્હારૂં મોત નકકી છે; પણ મ્હારે ખાતર

મારો દોસ્ત નાહક માર્યો જશે! મ્હને કલંક લાગશે! ખુની જેવો મારો હાલ થશે! ખુદા ખાતર મને ના રોકો! છોડી દો!

કાલીંદી—જહેના જુલ્મ અને કાવત્રાંથી હમારો હક્ક લુટાયો? હમારા બંધુઓનું નીકંદન કાઢયું! અને હમારાં સુખી સંસારમાં ઝેર ભેળયાં! તે ત્હારા હાથ પગમાં હવે હમે બેડી પેહેરાવી અત્રે નામોશીમાં રીબાવી મારશું.

કૈકોબાદ—અય ઇનસાની રૂપના ખવીસ, ત્હારો ચેહેરો બતલાવ કે હું જવાબ દઉં!

જૈત્રપાળ—ચેહેરો જોવાની કશી જરૂર નથી. હમુનેતો હમારૂં કરતબ્ય બજાવવું છે.

કૈકોબાદ—મ્હારે માટે મોતતો ખડું છે. હમણા નહી! બે કલાક પછી જરૂર મોત આવશે. જેની મ્હને સેહેજબી બીહીક નથી. ફકત મારા દોસ્ત રૂસ્તમને વફાદાર રહી બચાવવાની ઉમેદ છે! મારી ફરજ છે! તે બજાવવા છોડી દો.

કાલીંદી—હવે પીંજરામાં સપડાયનો સીંહ કેવી કાકલુદી કરી રહયોછ? પણ હમુને તો ત્હારા માટે હૈયામાં દયાનો અંશ નથી કેમકે હમારા હકકનો તુંજ લુટારો મદદગાર છે.

કૈકોબાદ—મે મ્હારા રાજાની સેવામાં પ્રાણ અર્પણ કીધા છે. તેના વાજબી કામ માટે જો જાન જાય તેની મને પરવા નથી. પણ અંહી તો બીજાનો જાન બચાવવા માટેની કાકલુદી છે.

કાલીંદી—બાપુ, એને ખેંચીજા. એને બુરજ માહે વધસ્થંભ સાથે બંદથી સદા માટે બાંધી નાખ.

કૈકોબાદ—(કમકમી)ઓ બદમાશો? ત્હમો કાળાદૈત્ય છો! દૈત્યથી પણ ભયંકર કાળા નાગ છો!

જૈત્રપાળ—ચુપ થા નહિતો આ ખંજર ઘોંચી મારીશ.

(બન્ને જણા મુશકેલીથી બુરજના બારણામાં ખેંચી જઇ ઘાસપર પછાડે છે. ફાનસને સામું ધરે છે:

કુકોબાદ—શયતાનો મ્હારૂં શું કરવા ધારો છો ?

કાલીંદી—દીવાન કૈકોબાદ! હું જો વાઘ બન્યો હતે તો ત્હારાં હાડકાં મ્હારી દાઢવડે કડાકડ ભાંજ્યા હતે! હું જો રીંછ બન્યો હતે તો તુજ જેવા હકડુઆઉપર જંગલ માહેલાં તમામ રીંછોને એકત્ર કરી છોડી મેલ્યાં હતે! મ્હને જો નદી તલાવોમાં ઝેર ભેળતાં આવડતે તો ઠીક થતે! કેમકે તેથી તહમારા રાણાના દેશના દરેક કુવાનું પાણી ઝેરી બનાવી ત્હમો પાપીઓને એકદમ ઠાર કર્યા હતે.

કુકોબાદ—અય ઘાતકી શયતાન, ત્હારો ચ્હેરો કાં છુપાવેછ ?

કાલીંદી--હવે તું હમારાથી કેવો ડરે છે ?

કુકોબાદ—મોતના પંજામાંથી કોઈ છટકી શકયું નથી. કોઈ નરમ બિછાનાપર મરણ પામે છે, કોઇ રણમાં ગાજી દેહ તજેછે! અને કોઈ ફાંસીને માચડે ચઢી! પ્રાણ ગુમાવે છે! એમાંના એકાદ મ્હોતે હું મરવાનો છું! ત્યારે ધ્રુજું શા માટે ?

જૈત્રપળ--વખત વાતમાં વહી જશે, આપણને આપણા કામે લાગી જવું જોઇએ. એને અંહી મરવાદો રીબી રીબી તરફડીને મારો લાગશે ?

કુકોબાદ--અરે દયાહીણો મ્હને મારવો હોય તો મારીઉપર ઘા કરો. બેજાન બનાવો! પણ મ્હને રાયસિંહના ગઢમાં પોંહચાડી પછી ગમે તેમ જબેહ કરો! મારા હાલહવાલ કરી તમારૂં વેર લો.

કાલીંદી—દીવાનજી! હવે અંહી તહમારૂં રાજ છે. અંહી તમારી ચતુરાઇ જોઇએ? કેવી ચલાવી શકોછ?

જૈત્રપાળ—આય સ્થંભ સાથે માથુફોડી ગમે તો મરી જજે.

કુકોબાદ—અય હીચકારા? તું ખરો રજપુત બચ્ચો નથી. રજપુત નામને એબ લગાડે એવું આ તારૂં કામ છે. તું ખરો રજપુત વીર હતે તો ખુલ્લે ચેહેરે લઢતે, મ્હને મારતે.

કાલીંદી—હમે કોણ છીયે તે જાણુવું છે? જેઓ મોતથી ડરતા કે ડગમગતા નથી, જેઓ સંકટોને પાળેલા સાંપ પ્રમાણે પોતાની આસપાસ લપેટાવા દે છે! જેમને જીંદગી કરતાં સ્વતંત્રતાની વધારે કીમત જણાય છે! અને ગરીબ તથા સંકટમાં પડેલા લોકોને લોકપ્રીય થઇ પડી, જુલ્મી રાણાને પોતાના કામે ને નામે ધ્રુજાવે છે! એવા હમે ખરા રજપુત બચ્ચા છીયે.

કેકોબાદ—તમે હીચકારા! નીચમાં નીચ હયવાન છો! ક્રુર છો.

કાલીંદી—(લપડાક લગાવી) ચુપ કુતરા. હવે તું બુમો તો શું પણ શ્વાસ વધીક લઈ શકીશ નહી!

[કેકોબાદને બને જણા થાંભલા સાથે બાંધે છે. તે મદદ માટે પુકાર કરે છે.]

કેકોબાદ—ઓ ખુદા હું દગલબાજોનાં દગાથી નામોશીમાં પડયો છું! જો મ્હોતે મરૂંછ! ખુદા ત્હારી આશા ધરૂંચ?

[દુરથી દારાંનો ગાવાનો અવાજ આવે છે.]

ગાયન.

દારાં—જગ બધી અંધકારમાં છે, આશ હમારી નાશમાં છે,
લાગ દુશમન હાથમાં છે, તે ખુદા સંગ સાચનાં છે.

કાલીંદી—આય કોઇનો અવાજ આવે છે? બંધુ બહાર ચાલ.

કેકોબાદ—ખુદા તું મદદ કર? મુશકીલ આસાનકર! રહમકર!

જૈત્રપાળ—ચુપ નાપાક! ત્હારૂં મ્હોનું પણ હવે બંધ થશે.

(બન્ને જણા કેકોબાદના મ્હોનામાં રૂમાલ દાબે છે. ને ધીમેથી બહાર નહાશી જાય છે.)

કાલીંદી—બંધુ નાહાસ! આપણું કામ પાર પડયું છે. હવે થોભવામાં લાભ નથી.

(જૈત્રપાળ બહારથી બારણાને તાળું મારે છે.)

દારાં—(આસપાસ જોતો આવે છે) અજબ જેવું છે કેકોબાદજીનું

હજી ઠેકાણું મળે નહીં ? તેમનો ઘોડો તો અંહી ચરતો ફરે છે. ખુદા ખયર કરે ! કાંઈ માઠા બનાવતો નથી બન્યો ?

કેકોબાદ—કોઇ મદદ ! કોઈ મદદ ! મદદ કરો !

દારાબ—અંહી કોઇનો ગુંગળાતા દમનો અવાજ આવે છે ! (બારણું બંધ જોઈ) અંદર જવાનો રસ્તો બંધ છે ! ખુદા તું મદદ કર ! દુખીપર દયા કર !

(દારાબ આસપાસ રસ્તો શોધતો ફરે છે.)

દારાં—હાહા, પેલી બારીપર આય ઝાડને આશરે ચઢી જોઉં, અંદર જવાનો રસ્તો જણાશે.

કેકોબાદ—ઓ આસમાનપરથી વરસતા બારાન ત્હમો ગર્જના સાથે વસો ! સમુદ્ર તું પણ ગર્જના કરવા માંડ ! તું ત્હારૂં ભયંકર જડબું ફેલાવ ! અંધકાર ઃ ! તમામ આકાશપર છવાઇજા ! કાલનો દિવસ ત્હમો ત્રણે શકિતઓ ઉગવા નાદો. આફતાબને તમારાં વાદળાંરૂપી ચેહેરામાં છુપાવીદો. મને મ્હારા દોસ્તના કલંકથી બચાવો. (ગુઠનેપડી આસમાન ભણી મ્હો કરી કરગરે છે) અય ખુદાવંદ ! વેરાન બીયાબાનમાં ! પ્રચંડ પહાડમાં ! ઉંડી ખાઇમાં ! ભયંકર ગુફામાં તમારો મુકામ છે. ઓ સત્તા ! તુફાન, પવન, અને પ્રચંડ મોજાઓ સઘળાં તારા શેકારી કુતરા છે ! તો તેમને હોકમ કર ! મારી ઇજજતનું તું રક્ષણ કર.

(દારાબ ઝાડપર ચઢી બારીમા દાખલ થઇ માહે કુદી પડે છે.)

દારાબ—(સામે આવી ફાનસ સામે ઉંચકી જોયછે) કોણ મારા મુરબી ? આય તમારો કેવો હાલ ?

કેકોબાદ—ઓ ખુદાવંદ તેં આખરે દાદ લીધી ખરી ?

દારાં—કેકોબાદજી ના ડરો. હવે તમે જલ્દી છુટા થશો. (છોડવે છે)

કેકોબાદ—મને જલ્દી રેહા કર ! નહિતો રૂસ્તમ બીનરોકટ માર્યો જશે.

દારાં—મારા મુરબ્બી, આય તમારો હાલ કોણ કીધો ? (હાથ ચુમે છે)

કેકોબાદ--દારાબ નહાસ ! નહિતો પેલા મુજીઓ આપણો સંસારો જાણતાં મને નામોશીમાં નાખશે, તને ફોકટ મારી નાખશે, રૂસ્તમનો જાન જશે.

દારાબ—તમે કેટલા ભલા છેવ ? મોતના ડાચામાં જતાં જતાં પણ બીજાના જીવનો ખિયાલ ? ઓ જુલજલાલ એવા નેકપર ત્હારો કેવો ગજબ ?

કેકોબાદ—હવે વાત કરવામાં સાર નથી ! જીવ લઇને નહાસવું જોઇએ.

દારાં--તમે કેમ નહોસસો ? બહારથી દરવાજો બંધ છે, દેવાલની આય બારીની ચઢણુ ઉંચી છે.

કેકોબાદ--કોશેષ કરશું તો મવલા આસન કરશે.

[તેઓ નહાસવાની તૈયારી કરે છે. કે તેટલાં જૈત્ર-પાળ સાથે કાલંદી પાછા આવે છે, દારાબ ને કેકોબાદ નાહીમત બની સ્થબ્ધ બને છે, દરવાજાની ફાટમાંથી જુવે છે.]

કાલીંદી—બંધુ ચાલ દોડી આવ ! આય જીવંત પુરેલા સાપને તરફડીયા મારતો જીવંત રાખવો ઠીક નથી. કદાચ પ્રાણ જલ્દી ન પણ જાય, તો જતા આવતા વટે માર્ગુને સંસારો જણાતા કામ બગડશે.

જૈત્રપાળ—ત્યારે શું હું તેનું ખુન કરૂં ?

કાલીંદી—હા ! એકજ ઘા ! ને સદાનો વીદાકર.

જૈત્રપાળ—કોઇને કદાચ જાણ થઇ તો ?

કાલીંદી--આપણું આ કર્મ ઇશ્વર વીના કોઇ જોતું નથી, કે જાણવાનું નથી. આ દીવાન પારસીપર મ્હને વર્ષોનો કેહેર છે, તેથી આ વેર છે. એને જીવંત રહેલો હું જોઇ શકીશ નહી !

જૈત્રપાળ--બંધુ હીમ્મતરાખ ત્હારી ઇચ્છા અનુસાર કામ બજાવીશ.

દારાં—(કેકોબાદને) કેકોબાદજી હવે બચવું મહાલ છે. ખુદા હમારી લાજ તારે હાથ છે.

કેકોબાદ—તું નાહીમ્મત ના થા. ચાલ તું ઘાસમાં ઉંધો સુઇ જા, બંધાયલો હોઉં તેમ ઉભો રેહુંનશ, બન્નેપર આપણે સામટા તુટી પડશું.

દારાં—યજદાન તારી મદદ!

[દારાબ ઘાસપર ઉંધો પડે છે, કેકોબાદ મ્હોનામાં રૂમાલ પકડી બને હાથ થાંભલા પાછળ વાળી બંધાયલો હોય તેવો ઢોંગ કરે છે. કાલીંદી બહાર બારણું તપાસવા ઉભો રહી જૈત્રપાળને માહે મોકલે છે, જૈત્રપાળ ખુલ્લું ખંજર હાથમાં લઇ મારવા ધસે છે. કે તુરત દારાં ઘાસમાંથી ઉઠી તેનો હાથ પકડે છે. સામી તરફથી કેકોબાદ તેનું ગળું પકડી મ્હોમાં રૂમાલ દાબે છે. ને જૈત્રપાળનો દ્રેસ કાઢી પોતે પેહેરી દુર થાય છે.]

જૈત્રપાળ—જય માતા!

દારા—(ધીમે) ચુપ નાપાક! એક બોલ બોલીશ નહી!

કેકોબાદ—નહિ તો દમ રૂંધાઇ જશે! બીન મ્હોતે માર્યો જશે (ગળું દાબે છે.)

દારાબ—તમે એનો ઝભો ને વેશ પેહેરી લેવ! ને નહાસો, મ્હોનું છુપાવજો એની નકલ કરજો!

કેકોબાદ—દયાના દાતાર આય ત્હારી કેવી મદદ! સત્યતા આય ત્હારો કેવો પ્રભાવ?

[ગુઠને પડી ઉપર હાથ ઉઠાવે છે. મોહોનું છુપાવી બહાર આવે છે. દારાબ જૈત્રપાળ સામે ખંજર ધરી ખુણામાં તેને દાબે છે.]

કાલીંદી—(વગર ઓળખવે) બંધુ કામ સફળ થયું !

કેકોબાદ—(સાધ બદલે છે) કાલી માતાની જય છે ! બંધુ નહાસ !

કાલીંદી—તું આ બીજે માર્ગે દોડી જજે. કોઇને આ કર્તુકની ખબર પડે નહી તે સંભાળજે.

કેકોબાદ—જેવી આજ્ઞા ! (કાલીંદી ડરતો નહાશે છે. કેકોબાદ બારણું ખોલે છે) દારાબ હવે તુંબી નહાસ, પેલો હીચકારો બદમાશ નહાઠો છે.

દારાબ—કેકોબાદજી તમારો ઘોડો અંહીઆજ ચરેછે. જાવો તેપર બેસીને નહાશી જાવો, હું એની સાથનો હીસાબ ચુકતે કરૂં છું, ભેદને ખોલું છું.

કેકોબાદ—મ્હારા દેશ અને રાજા ખાતર જરૂર નહાસશ ! મારા દોસ્તને મરતો બચાવશ ! વચનને સાચ્ચો નીવડશ.

(ઘોડે સ્વાર થઇ નહાશે છે. જેત્રપાળ નહાસવા માગે છે. દારાબ સામું ખંજર તેની છાતીપર ધરતાં તે ધ્રુજી નીચે ધ્રુજતો દબી જાય છે.)

ટેબલો.

અંક ૩ જો--પ્રવેશ ૨ જો.

સ્થળ-રસ્તો.

(ફ્રરામ ને હોમી દાખલ થાય છે.)

ફ્રરામ—કેમ દોસ્ત કંઇ મને બોલાવ્યો ? સારા સમાચારતો છેની ?

હોમી—હા કંઇ તેમ છે ખરૂં ? તું ઠીક વખતસર આવી પુગો. હમણા પેલો તારો હરીફ શાપુર સેમ્પલ આવી લાગશે. આજે સોલીશા કાકા ઉપર તેલીગ્રાફ આયોછ કે એ આવનાર છે. તેથી સ્ટેશન ઉપર લેવા કોઇને મોકલજો.

ફ્રરામ—ત્યારે શું તારા કાકા લેવા ગીયાછ કે ?

હોમી—નહીં, તેવણુને તો કંઇ ઘણુંજ અગતનું કામ નીકળી આયુંછ તેથી બહાર ગીયાછ, તેવણુને આવતાં વીલંબ લાગશે; જતાં જતાં મને કહી ગીયાછ કે મારે સ્ટેશન ઉપર તેને લેવા જવું અને ઘણુા આદરમાનથી લાવી તેની માવજત કરવી.

ફ્રરામ—ત્યારે દોસ્ત તુંજ કંઇ ઉપાય કર. કંઈ એવું કર કે એ જેવો આયોછ તેવોજ લીલું નાલીએર લઇ પાછો ફરે.

હોમી—વારૂં વારૂં સૌ વખત વારે થયા કરશે. અરે પણ જો જો સામેથી કોઇ આવેછ, મને લાગેછ કે તેજ હોશે.

(બન્ને જણા દુર થાય છે. શાપુર સેમપલ અપટુડેટ ડ્રેસમાં કુલી સાથે દાખલ થાય છે.)

શાપુર—તદન ગાવદી મુવોછ, પુંછુંછ શું ને જવાબ શું આપી મરેછ ?

કુલી—અરે પણ શેઠ મારીપર શાના ગુસ્સે થાઓછ ? તમે શોધોછ તે

ઘેર આય ગામમાં કેથે હોવું જોઇએ. જયારે તમે અંહી આયાછ ત્યારે તો ઘેર તમુને મલવુંજ જોઇએ.

શાપુર—મુવો તું ઓડાણી. એની સાથે કોણનું માથું લાવે ?

હોમી—સાહેબજી શેઠ, કોણનું ઘેર પુછોછ ? તમારૂં નામ શું ? સેવક આ ગામથી માહીતગાર છે, મને કહેશો તો તુરત બતલાવશ.

શાપુર—મેહેરબાન, મારૂં નામ શાપુરજી સપલશા સેમપલ છે. હું મુંબઇથી આયોછ, ને અહીના રેહેવાસી સોલીશા બેહેલીશાને ત્યાં ઉતરો લેનાર છું. પણ મને તેવણના ઘેરનું ઠેકાણું કહેશો તો મેહેરબાની થશે.

હોમી—અરરરર સાહેબ તમે ઘણાજ ખોટે રસ્તે આયાછ. તેવણનું મકાન તો છેક અંહીથી ચાર કલાકના રસ્તા ઉપર આવેલું છે.

ફરામ—(બાજુ) અરે એમ શું બકેછ ? ઘેરની પાસેજ ઉભેલા છઇએ ને ચાર કલાકનો રસ્તો શાનો બતલાવેછ ?

હોમી—(બાજુ દાબીને) ઉહું હું હું છબરડો ના કરની તો ? હું જે કરૂંછ તે જોયાકર, ને હાજી હાજી કર્યા કર. (મોટે) મંજલ બહુ લાંબી છે. ને ત્રેનની મુસાફરીથી તમે થાકેલા છેઓ. માટે જો તમુને આશાયશ લેવી હોય તો આ પાસેના હોટલમાં બે કલાક ઉતારો લેવો, હમો પણ અહીંજ ઉતરેલા છઇએ.

ફરામ--(બાજુ) અરે હોમી તું મારા કાકાના ઘેરનેજ હોટલ બનાવેછ કે ? એ શું ભુલ કરેછ ?

હોમી—(બાજુ) અરરર તું મુગો નથી મરતો ? મને લાગેછ કે તું જરૂર આટો બાફવાનો ને કામ બગાડવાનો. તું તારે ગુપચુપ મુગો મરી રેહની ?

શાપુર--જયારે તમે લોગબી આયજ હોટલમાં ઉતરેલા છેઓ, ત્યારે તો ઘણુંજ સારૂં. બે કલાક જતાં કંઇ વાર નહિ લાગશે. બપોર અહીંજ ગુજાર શું, પણ એ હોટલનો ધણી કોણ છે ?

હોમી—હોટલનો ધણી પારસી છે, અને એનું નામબી સોલીસાહજ છે. પણ તેને શેઠીયામાં ખપવાનો ઘણોજ અભખરો છે. વળી સર જમશેદજી ને સર પીટીટ ખાનદાનવાલાઓને પોતાના સગાં તરીકેજ ઓળખાવેછે. માબાજનો કડક ને ઘણીજ હલકી રીતભાતનો છે. એની એકપુરી દીકરી છે તેબી તદન વેગરટછે. એ બુઢાને એવી ખરાબ આદત ઉડી ગઇછે કે કોઇ ચીચોરાવાલો પેસેન્જર જોએછે તો તેનેજ પોતાનો જમાઇ ઠોકી બેશાડેછે. માટે તમે પણ સંભાળજો, કારણ કે તમારીબી પૂઠ એ છોડશે નહિ. પણ એને બનાવવામાં તમુને તો બહુજ મજાહ પડશે. (ફુલી હસેછ) (બાજુ) અરે હસીના મર, નહિતો કામ બગડશે ને જરાંને ખોશે (મોટે) તમે હોટલ તરફ પધારો હમે ફરીને આવીએછ.

શાપુર—થેંકયુ. તમોએ આપેલી ખબર માટે ઉપકારી છેઉં.

(શાપુર જાય છે અને ખુશી થાય છે.)

હોમી—હવે જોવાની મજાહ પડશે.

ફરામ—અરે ઘેરે કહાં જઇ મરેછ? પેલો ઇડીયટ એદુ હજી ગામમાંથી પટયો નથી. તેને ઠેઠ કાલે પાણી પોહચાડવો જોઇએ, કે તારૂં કામ આસાન પારપડે.

હોમી—અરે યાર આપરા નસીબમાં હજી ઢકેલા બાકી છે; ત્યારે તો ચાલ આજે છેલ્લો લટકો ફટકો કરી પરવારી જઇએ, ને ઇનામ જીતી લઇએ.

(બન્ને જાય છે.)

અંક ૩ જો—પ્રવેશ ૩ જો.

સ્થળ--સોલીશાહનું મકાન.

[સોલીશાહનું મકાન. ખુરસી ટેબલ વગેરે ગોઠવેલા છે. શાપુર સેમ્પલ એક નોકર સાથે દાખલ થાય છે.]

નોકર—આવો સાબ બેહો મારા હેઠને જઈ તમારા આવવાની ખબર આપતો છું.

(નોકર જાય છે.)

શાપુર—ચાલો, આજનેકાલતો અંહી ઠર પડયાછે. (સોલીશાહને આવતાં જોઈ) અરે પણ સામેથી કોઈ ધાંખરો આવેછે. પેલા ગ્રહસ્થોએ જણાવેલો હોટલનો માલેક જ હોશે. ચાલો, એ ઈડીયટ સાથે ઠીક વખત પસાર થશે.

(સોલીશાહ આવેછે)

સોલીશા--સાહેબજી બીરાદર (સેકહેંડ કરવા જાયછે શાપુર હાથ છટકાવેછે, સોલીશાહ અજબ થાયછે) તમુને અત્રે આવેલાં જોઈ મને બેહદ ખુશહાલી ઉપજેછે.

શાપુર—(મનસે) ચીચોરાવાલા પેસેનજરને જોઇને કાંય નહીં ખુશહાલી ઉપજે ? સત્યાનાસનો ગીયો લુહારવાડે સોય વેચાવેછ.

સોલીશા--મી૦ શાપુરજી તમો સાથે મુલાકાત થવાથી હું ઘણોજ ખુશી છું.

શાપુર—થવુંજ જોઇએ. અમારા જેવા ગબ્બરને જોઈને ખુશી થવુંજ જોઇએ. (બાજુ) અરે પણ એને મારૂં નામ કેમ જાણ્યું ? કદાચ પેલા ગ્રહસ્થો એને રસ્તામાં મળ્યા હોશે ને કહ્યું હોશે

સોલીશા—આ મકાન તમારૂંજ સમજજો, મનમાં જરાબી જુદઇ ના રાખતા જોઇતી દરેક ચીજ માંગી લેજો

શાપુર—ચાલો કાકા માથું ના ખાવો. હું ઘણોજ થાકેલો છેઉં. પેહેલાં જરા મારે વાસ્તે બબ્બો મોકલી આપો.

સોલીશા—(અચરત થઇને) શું કહ્યું? તમુને દારૂ જોઈએછ?

શાપુર—હા કાકા હા. જાણે બાપ જનમમાં આજેજ દારૂનું નામ સાંભળીયું હોય તેમ શું કરોછ? હાઇયવ. (લાકડી મારેછ.)

સોલીશા—(બાજુ) આ કેવી ગેર સલુકાઇ? કેવી બેઅદબી? જાણે હું પીઠાવાલો હોઉં તેમ હોકમ ફરમાવેછ.

શાપુર—નાઉ કમ ઓન, લુકશાર્પ, ઓલ્ડ ચેપ, જોવ જરા મજાનો જેવો વીસ્કીજ લાવો તેજ ઠીક પડશે.

સોલીશા—વારૂં. મારા માણુસ પાસે મોકલુંછ.

શાપુર—(પીઠપર મારી) મારા સાહેબ તમેજ લાવોની, વળી માનસ સોડે સાનો મોકલોછ?

સોલીશા—(તાજુબ થતો) શું હું જઇને લઈ આઉં? તાજુબી? એ કંઇ મારૂં કામ છે? મારો નોકર લાવશે.

શાપુર—તમે ને તમારા માનસો મારે મનસે બધાં સરખાં છે.

(સોલીસા એક નોકરને બોલાવેછ)

સોલીશા—રામલા ઓ રામલા (માનસ આવેછ) જા જઇને અંદરથી વ્હીસ્કી સોડાની બાટલી ને બે ગલાસ લઇ આવ.

શાપુર—(બાજુ) એ બે ગલાસ વળી કોણુને વરે મંગાવી મરતો હશે? (નોકર વીસ્કીની બાટલી ગલાસ ટ્રેમાં લાવે છે.)

સોલીશા—(ગલાસ આપતાં) લેઓ આય વીસ્કી તમુને જરૂરજ ગમશે. મારી દીકરાનેબી આએજ વીસ્કી ઘણોજ ગમેછ. તેથી હું ધારૂંછું કે તમુનેબી ગમસે. (ગલાસમાં નામે છે) લેઓ આજ પછી આપરા વચે સંબંધ મજબુત જોડાય એવી હું આશા રાખું છું.

શાપુર—(બાજુ) અરરર પેલાઓએ કહ્યું તે ખરૂંજ પડયું; તદન ઘસેલો છે. પોતાની વૅગરટ દીકરીની ટોક મારે ગળે ઓળવવા માગેછ કે ? એ સમજી શું મરેછ ? વૉટ શુગર ઇટ ઇનાકીઝ માવુથ ?

સોલીશા—(બ્હીરકીથી ભરી) ચાલો લેવો નોશ કરો.

શાપુર—નૉન સન્સ, કેટલો બધો નામી મરોછ ? (બાજુ) પારકે પૈસે તદન ધાસલેટ થઇ મરેછ.

સોલીશા—(બાજુ) એ મને સમજેછ શું ?

શાપુર—વૅલ ઓલ્ડ મેન ! (છાપટ મારે છે) બપાવા તમુને ગાયનનો શોખ ખરો કે ?

સોલીશા--એ શું બકોચ ?

શાપુર--અરે ગીત, ગાયન ! સરોદે ચમન સમજ્યા ? બપાવા કંઇ ગાશો કે ?

સોલીશા—નહીબા આપુને તે કંઈ આવડે નહી ! બાકી મારી દીકરી, ભાણેજ પ્યાનાપર વજાડી કંઇ રાગડા તો તાનેછ.

શાપુર—હં હં ! તેઓ પોપટજી તળવાનાં પેનાપર વજાડી ગાયછ કે ? (બાજુ) બાપ જનમમાં પીયાનો શું તે જોયો વડીક નહી હોશે હો.

સોલીશા--અમારા જમાનાની વાત શું કરીએ ? તે સુનેરી જમાનો વહી ગીયો, આહા જયારે નરોજ ને પતેતી ટાંકણે ડકપર કલગી તુરાવાલાનાં ગીતો આમન સામન ચાલતા ને ખુદાઇ ગીતો ગવાતાં, તેના મેહેમારનું પુછવું શું ?

શાપુર—(છાપટ મારી) બસ ! બપાવા તેવુંજ કંઇ ગાવો.

સોલીશા—હેં હું તે ગાઉં ?

શાપુર—બસ તમેજ ગાવો. ચાલો વૅકા હું તાલ લેવશ.

સોલીશા--લેવોબા, તમે રાજી થાવો. પણ જોજો હસતાના. એવો અમારા અસલી વખતના અસલી રાહનું ગીત છે તે ગાઉંછ.

ગાયન.

લોહી કીયાની, ખરી જુવાની, બતાવે હર એક જગે ખરી,
નેકી નીતીમાં, હરેક રીતીમાં, તજે નહી તે ખમીર જરી.
થયાંછ મશહુર, કદીમ ઇરાની, અકલ હોશ ને હુનર હરેક,
જોરેમંદ ને, દયા વંત બની, કીધાંછ કામો ભલાં અનેક.
દીન ધરમને, યકીનદારી, પ્યારી ગણી ભલી રાહ રસમ,
વચન એકપર જાન લુટાવે, કરે બુરા નહીં કદી કરમ.

જોરેમંદ ને કદે કદાવર,
નેક નજરના ખરા દીલાવર.
કરે ધરમ હર તરફ સરાસર
યકીનદારી ધરે ધરમપર

સાચ્ચા ધરમી, પાકકા ઇલમી, લોહી કીયાની સદા રહો,
નીત્ય નેક દીનદાર બનીને, સદા સુખી આબાદ રહો.

શાપુર—શાબાસ હવે નકરા કલગી તુરા વાલાના જેવા શોભોછ ખરા. (પીઠ ઠોકી) વૅલ બુઢા હવે કકડીને પેટમાં ભુખ લાગીછ, આજે શું શું પકાવ્યુંછ બોલ જોઉં ?

સોલીશા—તાજુબી (બાજુ) તદન સેમ્પલ દેખું. ભવિષના સસરાને ત્યાં પરોણા તરીકે ઉતરી ત્યાં ખાવાનું શું શું પકાવ્યુંછ એમ પુછતાં ગધેડાને લાજ શરમ નથી આવતી ?

શાપુર—(ખભું પકડી હીલવેછ) કાકા વિચાર શાનો કરોછ ? ખાવાનું એટલે ઝોખરવાનું, હોજરૂં ભરવાનું સમજ્યા ? મને તો ઘણી જ કકડીને ભુખ લાગીછ, તેથી તમે જોજો તો ખરા કે ખાણાને કેવા જસ્તીસ આપુંછ અને તમુને કેવા ગજવે તર બનાકુંછ ?

સોલીશા—(અજાયબીથી મનસે) તદન વાહીયાત મુવોછ. મારી જરાંનો વર થવાને બીલકુલ લાયક નથી; પણ હજુબી જોઉં, તપાસું તો ખરો ? (મોટે) ખાનું શું પકાવવું ને શું નહીં તેમાં હું કદીજ માથું મારતો નથી. એ કામ મારી છોકરીઓની તકેદારી તળે થાયછ.

શાપુર—પણ કાકા આજે તો મારી વરદી લઇનેજ એ તમારી પોટીઓ અરે નહીરે બાવરચણોને બધી ખાવાની ગોઠવણ કરવા કેહેજો.

સોલીશા—(બાજુ) હવે તો એકદમજ ફાસ ચાલ્યો, કેથો અકલનો દુશમન મુવોછ. (માનસને હાંક મારેછ તે આવેછ) જોરે આજે શું શું પકાવ્યુંછ તેની યાદી લખાવી લાવ. (નોકર જાય છે). લેઓની આ એક પેગ વધારે આલશે (ગલાસ આપવા જાયછ, શાપુર ઝુટવી લઈ પોતે રેડેછ.)

શાપુર—તે મારૂં કામ છે. (બાજુ) નખોદગીયાનું વળી નાક સુકાયું હોશે તે મને બોંહોંસ કરેછ (સોલીશાને દારૂ લેતાં અટકાવે છે) બપાવા એમ શું કરોછ? એમતો બાટલી નીચવઈ જશે તો હું મોઢું જોતો રહી જયશ. બાવા મારા-એનીપર તમારો કવરો દોરો રાખો ને મીઠો ગારો મુકો.

સોલીશા—(મનસે) બસ હવે હદ થઈ ગઇ, હવે મારો મીજાસ હું કાબુમાં રાખી શકવાનો નથી. (નોકર ખાણાની યાદી લાવેછે.)

શાપુર—તમો પણ મારા એક દોસ્તની પેઠે રાજા માણુસની કાની દારૂ પીતા દેખું.

નોકર—સેવો હાબ આ ખાવાનું લીહોટ.

(શાપુર તેના હાથમાંથી ઝુંટવી લેછે.)

શાપુર—એએએ આએ કેટલું બધું લાંબુ પીજન. પાંચ પચીસ માણુસો જેમરે તેટલી વાણીઓ લખીછ લેઓ ઓલ્ડમેન તમેજ મોટેથી વાંચો.

(સોલીશા વાંચેછ શાપુર પેનરા કરેછ.)

સોલીશા—ટરટલ સુપ ને રોસ્ટ કીધેલું હાંસ.

શાપુર—એ હાંસને જહાનમમાં ફાંસ. આગળ ચલાવ.

સોલીશા—(ડાળા ધુરકતો વાંચે છે) ખુરમો જો ભેજાના કટલેસ, વગેરે વગેરે.

શાપુર—(બાજુ) બુઢો બીજામાં કાતર જબરી મુકવાનો (મોટે) માલે-તોજાર નવલખીને ત્યાં એવું ખાનું રંધાય તેવું કંઇ તમુને છાજે? ને તમુને આવા દુકાળીના વખતમાં પોસાયબી કે?

સોલીશા—મારે ત્યાંની આવી ખાણાની ચેડેજ મેહેજ તમોને પસંદ નથી પડતી એ જાણી સેવક ઘણોજ દલગીર છે.

શાપુર—મોટાબાવા મારૂં સુવાનું બિછાનું નરમ અને માકડ ચાંચડ વગરનું છે કે? તેની બરાબર તપાસ રાખજો.

સોલીશા—(બાજુ) હવે આવું ઇનસલ્ટ નથી ખમાતું (શાપુરને) તમે મુંબઇના છેવ પણ એટીકેટમાં હમારી તરફના એક ગરીબ ગામડીયાથીબી ઉતરતા છેઓ.

શાપુર—ડીપકવાએટ, ફીાકવાએટ, ડોન્ટ બોધર! લેવો મારો આય ઓવરકોટ ને કેપ ખુંટીપર ટાંગી આવો ને આય મારી લાકડી કેથે પમ નહિ થઇ જાય સંભાળજો. 'મારા કોટના ગજવા કતરાઇ નહિ જાય તેની તપાસ રાખજો, ને મારા બુટને પોલીશ કરાવી મુકજો.

સોલીશા—(ગુસ્સે થતાં ગલચી પકડે છે) નીચ ગુલામ, આટલો વખત થયો તારી શરમ કરી તામોશ કરી ગીયો પણ હવે એનો સવાદ તુને બરાબર દેખાડુંછ.

(શાપુરને પકડેછ, તે બુમ પાડેછ જર, નોકરો દોડી આવેછ. જરાં તેને નહસાડવાનું કરેછ)

જરા—શું છે? શું છે કાકાજી શું છે?

સોલીશા—અરે આય બદમાસને કોઇ એકદમ બહાર કાઢો! નહી તો હુ એને રંગી નાખશ.

જરાં—(બાજુ) આય કારસ્તાન કેથો ફૂલીને હોમીના લાગેછ, બીચારો અંજાણો કેસરી જમી માર્યો જશે.

શાપુર—અએ ભલી બાનો મને બચાવો. આય બુઢો તદન દીવાનો થયોછ, તેથી મારૂં ખુન ઝુન કરશે.

જરાં—(બાજુ) તમે મુગા મુગા વંજો માપો નહીતો એવણુ ચીડના ઝનુનમાં તમુને મારી નાખશે જો.

શાપુર—અરે પણ હું શું જાણું કે આ પોંહોંચખાનાવાલો એટલો બધો કાતર્યાનો ઘસેલો હોશે ?

સોલીશા—શું હું પોંહોંચખાનાવાલો ? શું હું કાતર્યાનો ઘસેલો ? અરે જોયા શું કરોછ ? આય એઅદબને લાત મારી બહાર કાઢો. નહીતો હું ઉચકીને એને ગબડાવી ગટર મપાવસ.

(સોલીશા મારવા જાય છે તે નહાસનો પેતરા ભરે છે.)

જરાં—અરે કાકા સેમ્પલ નહાસો નહાસો, નહી તો એમનો ટેમ્પર ગીએલોછે તેમાં માર્યા જશો.

શાપુર—અરે તારા ટેમ્પરને શું કહું ! ભોગ લાગા કે અંહી ઢકેલા ખાતો આયો. નહાસરે મારા બાપ.

[નહાસી જાય છે, સોલીશા ગુસામાં હાંફે છે, જરાં મગન થાય છે. તેટલાં એક છોકરો નોકર છુપાતો ઢોંગ કરતો કાગળ સાથે આવે છે]

છોકરો—શેઠ સોલીશાહની દીકરી બાઇ દીનબઇ કયાં છે ?

સોલીશા—એમ આવરે જોઉં એ કાગળ કોણનું છે ?

૧ છોકરો—એ તમારૂં નથી, ને કોઇ માટીડાને આપવું પણ નથી. બધાની હરૂસેથી બાઇ દીનબઇને પોંહચાડવુંછ. જો દીનબઇનો ઉજમખ બાપ જાણે તો મારી નાખે, ને મેહેનતનો એક રૂપીયો નહી મળે બા.

જરાં—(ધપો મારી) ચુપ મુવા ચોર, જો તો નથી એવણુજ સોલીશા શેઠ છે.

૧ છોકરો—અરે બાપરે મે તો તમુને પેલા ચકરમ શેઠની સુજે ગાલઓ આપી, બાપા માફ કરો ને મને છોડો.

સોલીશા—(ઝુટવી) લાવ ચોર! આય બેટાં કારાંબીરા ઘેરમાં શું શું થાયછે તે જોઉં તો ખરો? (ધક્કો મારી) જા! બ્હાર જા! ફરીથી લાહેરી કરતો આયોછ તો ગબડાવી નાખશ. (છોકરો હસતો દોડી જાય છે) મારી દીકરી દીના ઉપર આય વળી છુપાછુપ કાગળ કોણે મોકલ્યું હોશે? (કાગળ ઉઘાડી વાંચે છે) "મારી વ્હાલી દિલબર દીના"? હેં એ કોણ મુજી બચો છે?" વારૂં આગળ તો વાંચું. (વાંચે છે) "મારી વ્હાલી, તારો ઢાંખરો મને તારો હાથ આપવા રાજી નથી તો ખબર, જ્યારે તુંજ મારા હુસ્નપર ફીદા છે તો હું તારા ચાહનો કદરદાન છેઉં, માટે એ તારા ચસકેલ ઓરાંગ ઉટાંગની જરાબી દરકાર ના કર," (ચીરડાઈ) એ વળી કોણ નાપાક મુવોછ કે મારે માટે એવું ઉંચું મત ધરાવેછ? (વાંચે છે) "આય મારૂં કાગળ મલ્યા પેહેલાં જો તને મારો પેહેલો સંધેસો પુગો નહિ હોય તો આય કાગળ વાંચતાં પાછલે બારણેથી પસાર થજે કે હું પુલનીકાની ગાડીમાં નાંખી લઇ જવશ, ચાર ચોખા છંટાવી તને મારી કરશ, બુઢાને ધૂળ ફકાડશ. લખતન તારો વ્હાલામાં વ્હાલો જાનો જીગર એદુ ગોટલો." (મોટે) હરામખોર, અશરમચોર, પાજી રહી રહીને મારી બેટી સાથે આવા સલુક કરેછ?

જરાં—(ઢોંગથી) ઓ માયરે હવે શું કરીએ? એતો મુવો દીનાને ભંભેરી નસાડી જશે મરેરે જોઉં તો ખરી દીના કહાં છે? (જાય છે.)

સોલીશા—જરાં દીકરી જા, દોડી જા, ને એ દુકતીને અહીં ઘસડી લાવ.

(ફરામ ઢોંગ કરતો આવે છે.)

ફરામ—અરે ખુદા આય બુઢાપામાં કેવી નામોશી? (સોલીશા ગભરાય છે) આય થએલી ફજેતીને કેમ ઢાંકશું? આય નાક કપાઇ ચાલ્યું તે કેમ સંધાસે?

સોલીશા—ભાઇ ફરામ તું કેહવા શું માગેછ? હું ધારૂંછ તેજ થયું કે?

ફરામ—મારાં ને તમો મુરબીના કિસમત ફુટા હવે શું કરશું?

સોલીશા--હું આખરે દગો આપ્યો કે ?

ફરામ--હારે કાકાજી. આ તમારા બુઢ્ઢાપાને ડાગ લગાડી તમારી બેટી દીનાને ઉપાડી મુંબઇ લઇ ગીયો.

સોલીશા—અરે અરે ત્યારે આખરે દીકરીએ મને નામોશી લગાડી ખરી કે ?

ફરામ—(જુઠો રડતો) કાકાજી હવે વાતમાં શકજ શું રહયો ? મારા ખુદાય એકતો તે બએ જુદદીન ઓરતોનો ધણી હતો, ને હવે આય ત્રીજી નિર્દોષ ગુલછડીને ઉઠાવી ગીયો. કાકાજી એતો કોઈ બંગાલી જાદુગર હોસે; નહિ તો એકીવેળા ત્રણ ઓરતોને બનાવીજ કેમ શકે ? માનીજ કેમ શકાય ?

સોલીશા—હવે હું તેના જાદુબાદુને જોતો ખરો કેવું કરી બતાઉંછ ?

(હોમી દીનાને ધસડતો આવે છે. ફરામ આંખની ઇશારાથી જણાવે છે.)

હોમી—(ઇશારા કર્યા કરતો) ચાલ, ચાલ બેશરમ છોકરી, જરા તો ખાનદાનની હયા કરવી હતી ? બુજરેગની ઇજજતની શરમ કરવી હતી ? (ફરામને બાજુ) તમે તમારા પરાક્રમ ચાલુજ રાખજો. (મોટે) મુરબીજી લેવો તમારી દીકરીને સંભાલો. એવણુને પેલા બદમાશ એદુ ગોટલા સાથે નહાશી જતી પકડી પાડી. માનતા હોવ તો માનો, મને તમારી અને તમારા આલ ઓલાદની, ખાનદાનની યાદ એવી તો થઈ આવી કે જીવપર આવી એમની પુઠે દોડી નાપાક એદુને એમ પકડી (ફરામપર દાવ અજમાવે છે) એવી તો કેસરી ઝીલાવી કે જનમે જનમ યાદ કરતો મરશે.

ફરામ—(બુમ પાડતો) બાપ મરે મારીપર એકડીંગ સાની અજમાવેછ ?

સોલીશા—દીકરા હોમી નારો તો મારીપર ઘણોજ ઉપકાર છે જો. આએ છોકરીએ તો મારા અસીલ ખાનદાનને નીચું લગાડી-યુંછ, બુઢ્ઢાપામાં કાળું કરાવ્યુંછ.

દીના—(ઢોંગથી) હું હું હું હૂં શું કરૂં? તમે તમારી પસંદગીનો ધણી શોધી કાઢયો, તેને જોતા સમેતજ મને ઘણો ગમ્યો.

સોલીશા—અરે નાદાન તે તો કોઇ મુંબઇગરો ઉઠાઉગીર હતો, લુચો હતો, નાટકી હતો.

દીના—(ઢોંગથી) બાવાજી એમના બોલો. તેવણ તો ઘણાજ નેક, અશરાફ, ઇજ્જતદાર છે જો. તેવણને બેહેકાવી ફસાવનાર આય બન્ને સંગાંઓ છે જો.

હોમી—જોયું ભલાઇનીબી કોઇ દુનીયા છે? આપણે જોયું કે કોઇની ઇજ્જત રહે! કોઈનું કામ થાય! કોઇની મુરાદ ફળે ને આપણું નામ થાય!

ફરામ—બરાબર છે, પણ આય એકગજી માથાખાનામાં અકકલ હોય ત્યારે તારા જેવાની કદર બુજેની!

સોલીશા—દીકરી તુને હોમીએ ખાડામાં પડતી બચાવી તેથી એમનો ઉપકાર માનવો જોઇએ.

દીના—બાવાજી જો જો હું ખરૂં કેહુંછ. એ તો બીચારો નીર્દોશ છે, મને તેનીજ સાથે પરણાવો.

હોમી—જોયું પેલા નાપાકે કેવું જાદુ ચલાવ્યુંછ? હજી એમના ભેજામાંથી એ ઉજબખનો ખ્યાલ જતો નથી, શીદાગીરી કમ થતી નથી.

દીના—બાવાંજી તમે તમારી પોતાની પસંદગીનો ધણી શોધી કાઢીયો તે મનેબી ઘણો ગમ્યો, હવે તેમાં મારો શું વાંક?

સોલીશા—પણ હું તો બધી તપાસ કરી ગોઠવણ કરનાર હુતોની!

દીના—મેં તમુને તપાસ કરવા જેટલી તસ્દી આપવા ચાહી નહિ તેથી એકદમ કબુલ કીધું, તાબેદાર દીકરી તરીકે મને પુરવાર કીધી ત્યારે સામા મનેજ બધાં બોલ બોલ કરોછ કે? હું મુઇ? હું મુઇ (ઢોંગથી રડે છે.)

જરાં—(દોડીઆવી) ઓ દીનું તું આવી કે? ચાલ ના રડ મરે બલીયા આપરાં નસીબ. આપરાં નસીબ સારાં હોતે તો તારા માય

કાંય મરતે ? ને મારા માયબાવા કાંય ગુજરતે ? ત્યારે તો એમ આપરે હારમાર થઇએછની !

હોમી—અરરરર કેવી બિચારી નિર્દોષ ગોધીઓ છેજને ?

ફરામ—હારે, મારા તારા જેવી. જાણે જીવ અકકરવકકરમાં પડયોછ કે કયારે બધું પતે ને તું અહીંથી સટે.

હોમી—સોલીશા શેઠ હવે હું રજા લેવશ, સાહેબજી.

ફરામ—ચાલ જા બા હવે તારૂં અંહી કામ શું છે ?

સોલીશા--જરા બાપુ થોભની ? હું તદ્દન ઘભરાઈ ગયોછ (વિચારી)

જરાં--કેમ કાકાજી તમારા સોધેલા જમાઇને જોયા કે ? કેમ કોણ સરસ મારી પસંદગીનો ફરામ કે તમારી પસંદગીનો સોધેલો સેમ્પલ ?

સોલીશા—અરે મુવો સેમ્પલ. ટુંકમાજ તેનું સેમ્પલપણું જણાયું તો સારૂં થયું કે જેથી હવે નવું આરંભેલું કામ પાર પડશે.

હોમી—(જરાંને ચીડવી) યાને તમારી પસંગીનો ભરથાર ફરામ તમુને મળશે, ત્યારે તો સાહેબજી.

સોલીશા--અરે બાપુ ધીરો પડ. મનેબી તુને કાંઇ કહેઉંછ.

હોમી—(બાજુ બીજાઓને) બુઢો ઠેકાણે આવવા માંડયોછ હો (મોટે) ચાલો જલ્દી બોલી દેવો. આ મારૂં કામકાજનું ચકકર એકદમ અટકી પડશે.

સોલીશા--હોમી તેં મારી દીકરી દીનાના હાથની માંગણી કીધી, પણ હુંજ લોભી બની મારી કમઅકલે તારા જેવા લાયક જમાઇની કદર નહિ કીધી, તેથી એવી બેઇજજતી થઇ.

હોમી—બનવાનું બન્યું, આબરૂ જવાની હતી તે જઇ ચુકી, કેમ ફરામ ખરૂંની ?

ફરામ--તેમાં શું પુછવું ? બિચારં કાકાજી તો ઘણાજ નેક છેજને ? પણ આવ બેસમજ છોકરીઓને લીધે હારમાર થાયછ.

હોમી—સોલીશા શેઠ હું નાચાર છું (અખડીને) એક વખત એવો હતો કે હું તમારી દીકરીને ચાહતો હતો, પણ હવે તમામ વાત બદલાઇ ગેઇછે.

દીના—અને હુંબી એત્રણુનો હાથ જીવતાં જીવત કબુલ કરવાની નથી.

સોલીશા—અરે અરે દુકતી મુગી બેસ.

હોમી—કેમ ફ્રલીઆ શું ધાર્યું ? આપ દીનબાનુ જયારે એની હટીલાઇ પકડેછ ને સોરાબશાહ શેઠ માગણી કરેછ ત્યારે તારો શું વીચાર ?

ફ્રરામ—મારો વીચાર શાનો પુછેછ ? પરણનાર તું છે, હું કંઇ પરણવાનો છેઉં !

હોમી—ઓડાણી, તે તો હું જાણુંછ. પણ સમજ કે મારે બદલે સોલીશાહ તુને જમાઇ બનાવે તો?

જરાં—ફોકટ લાહેરી કરી વખત બરબાદ ના કરો. ગરજ હોય તો હા બોલો નહી તો પેંડા લેવો.

હોમી—હં હં હં ? ધીરા પડો. એતો જનમની પાળ બાંધવીછ, બધાને ઠેકાણે લાવવાછ; સુખના બાંધીઆ અરે સાંધીઆ સાંધવાંછ, તેમાં સલાહ ને વીચારની જરૂર છે. કેમ બોલ્યો નહી બાપ? (ફ્રરામને મારે છે.)

દીના—હું મરતાં નથી પરણવાની, પગે લાગશે તોબી નહી અને નહી.

હોમી—ત્યારે તો તમારી બોહોંશપર હું જરૂર પરણુશ સોલીશાબાવા હું મારો જાતી ભોગ આપી તમારી દીકરીને કબુલ કરૂંછ. નહી તો એવી હટીલી અંટાલ છોકરીને પરણેબી કોણ ?

ફ્રરામ—તારા જેવો ચકરબતીજ તો.

સોલીશા—કેવી મેહેરબાની ? દીકરા હોમી હું તારો તો ઘણો આભારી છેઉં. દીના આ લાયક ધણીનો હાથ મંજુર રાખ.

દીના—(છણકો કરી) જયારે તમારી એવીજ મરજી છે તો મનેબી એવણુ કબુલ છે. છોકરીની જાત ગાય જેવી હોય છે, તેના

હાથ પકડી જયાં આપશો ત્યાં તે જવાની, પણ તેના સારા માઠાં ઠેકાણાનો વિચાર માયબાપને કરવો જોઇએ.

(શાપુર ને એદુ બગલમાં હાથ લઇ દાખલ થાયછે)

શાપુર—દીકરા અદી તારા જેવો સમજુ મલી ગીયો તો ઠીક થયું, હવે કેમ શું કરીયે ?

એદુ—અરે દીકરી તારા જેવો ચતૂર મલ્યો તો બધી વાત જણાઈ ગેઇ. દારૂગોળો ફુટી ગયો.

હોમી—લેવો બન્ને સેમ્પલો ફરી ફુટી નીકળીયાછ. કેમ શું માગોછ બપાવા ?

બન્ને—હમારી બૈરી ?

એદુ—કાકા હવે હમે હમારી બૈરી લીધા વગર નથી જવાનાં.

સોલીશા—અરે એ બદમાશોને કોઇ કાઢો., નહિ તો ફરી મારા ઘેરમાં ભૂતખાનું જગાડી મેલશે.

શાપુર—હાજતો, ભૂત જગાડશું, ડાકણ જગાડશું. છેક મુંબઇ વેરથી બઇરી સોધવા આયા તે કાંઇ ખાલી હાથે જવાય? કેમ બોલ્યા નહી ?

એદુ—અરે યાર-અબે યાર ! જોતો ખરો હવે આપરે બને મળી દુનીયા ઉંધી ચતી કરી મુકશું.

હોમી—(ધોલ મારી) જોની એઇ ઉલ્લુ, મુગો મુગો વંજે માપ, નહિ તો માથાનાં થોડા બાલ પણ ખરી જશે.

સોલીશા—અરે બાપુ એ બન્ને ચાંદઘરણુને સમજાવી પટાવો.

ફરામ—દીકરાઓ હવે તમે સધાવો. હમે તો હવે ગોઠવઇ ચુકાંછ. દીના આય હોમીની ને જરાં ફરામની થઇ ચુકી.

સાપુર—શું હમારી બૈરીને તમોએ પચાવી ! બાપના સમ કદી નહિ બને. હમે લડશું, પ્રિવી કૈંનસીલમાં જઇશું, પાર્લામેંટ બોલાવશું, કદી નહિ છોડશું.

એદુ—અરે હમારી હાય પડશે હાય. કોઇની બૈરી પચાવવી એ અજીમ ગુન્હા છે! મરગર જાન ગુન્હાછે.

દીના—ભલા માણુસ હવે જેવા આયા તેવા પાછા સધાવો ને કોઇના રાંધેલા સીધેલામાં ફરી માથુ મારવા કદી નીકળો ના પડતા, નહિ તો એમજ બોર વેચાશે.

સોલીશા—એ તો બનવાનું બન્યુ; મને ઉંધુ સુજયું તેથી સઘળાં હાડમાર થયા હોશો. બાપુ હવે મને માફ કરો ને પાછા ફરો.

એદુ--હેં? માપ બાપ હમે જાણુતા નથી. સીધે સીધે મારી બૈરી આપી દેવ.

સાપુર—નહિ તો પોલીસને તેડાવશ, રાજાને જગાડશ, ધુમ મચાવશ.

હોમી—એઓ એમ નથી સમજવાના (ગલચી પકડી) એમ નહિ તો એમ બારીએથીજ રસ્તો જોશો. (ધકેલા મારી કાઢેછે)

ફરામ—ને બચ્ચા... તુનેબી રસ્તો તેજ જોઇતો હશે (મારેછે.)

દાનુ—અરે જવા દેવ. બીચારાઓ પોતાની કોતાહ અક્કલ મુજબ ચાલ્યા તેથી હાડમાર થયાછ.

સોલીશા—હા બા જવા દેવ. ખુદાએ આખરે સઘળાને સારૂં સુઝ પાડીયું તેથી બચીયાં મુરાદ પામ્યા.

[સર્વે સાથે જતાં જતાં જરાં ખુશાહાલીનું ગાયન ગાયછે.]

ગાયન

જરાં—

શુભ ઘડી ભલી આજની,
જીગર મળી જોડાયાં જોડાં, સમાય નહિ ખુશહાલી.—
મલે મલે સુખનો, સ્વપનો, દિલનો.—

અંક ૩ જો—પ્રવેશ ૪ થો.

સ્થળ—કિલ્લા માંહેલું ચોગાન.

[ચોગાનની દેવાલના કંગુરા ઉપરથી દૂરના ખેતરો નજરે પડેછે. સહવારનો અંધકાર ફેલાયલો હોવાથી સેપાહો બળતી મશાલ લઇ ઉભાછે. જમણી તરફથી કિલ્લામાં દાખલ થવાનો દરવાજો છે. ડાબી તરફના બુરજમાંથી બંદીખાનાનું ખુલતું બારણું છે. ધીમે ધીમે પોહોર ફાટેછે, પક્ષીઓ ઉડી જતા જણાય છે. રાયસિંહ સાથે આતુર ચિંતાતુર ચેહેરે ગુલ, તેહેમીના ને શિયાવક્ષ ફરતા જણાયછે. રાયસિંહ પોતાની કન્યા સરોજીની સાથે છે. તે તેમને દીલાસો દેછે. ગુલ, તેહેમીના આતુરતાથી આસપાસ નજર દોડાવતા ફરેછે.]

રાયસિંહ—આ કુદરત કેવી ખીલવા માંડી છે ? આ સૂર્યપ્રકાશને નિતિનો ઉપદેશ કરવાની ચિંતા નથી. આ પર્વતોના ઉંચા શિખરો કશું બોલતા નથી. ઝીણી ધાંટરડી જેવો અવાજ કરી વહેતા ઝરા કશો નિતિ બોધ આપ્યા વિના મંદ મંદ ગતીથી વહેતાં ફરેછે! પણ ત્હેની ચાલુ ગતિમાં મોટા મોટા નિયમો જણાઇ આવેછે! કવિને તો પથ્થરમાંથી બોધ મળેછે! અને વહેતા ઝરામાં મોટાં મોટાં ગ્રંથો જણાયછે. જગ લીલાનો કર્તા ત્હમારી સામે છે? જુઓ તે કેટલો સ્વચ્છ, નેક અને પવિત્ર છે?

ગુલ—રાયસિંહજી તમો હમારા મનનું સમાધાન કરવા જુદી જુદી વાતોપર

ધ્યાન ખેંચ્યો છે ? પણ હમારા વ્હાલા માટેની ઇંતેજારી કમતર થતી નથી.

તેહેમી—કેકોબાદ હજી કેમ નથી આયા ? મ્હારો રૂસી હવે જરૂર માર્યો જશે.

શિયાવક્ષ—મારા પપા, પોતાનું વચન પુરૂં કરવા કદી છુપાઇ રહેવાના નથી. તેવણ જરૂર આવશે ને આપુને હસતા કરશે.

રાયસિંહ—આશ્ચર્ય ! મ્હને દીવાનજીના વચનપર પૂર્ણ વિશ્વાસ છે ! પણ હજી તેમનો થાગ નથી ! આ ઘડી સુર્યનારાયણના દર્શન થતાં હું મારા વચનથી મુકત થઇશ. મ્હારા બંધુઓ હવે શું કરશે તે હું અટકાવી શકીશ નહિ !

ગુલ—રાયસિંહજી ! મેહેતલમાં રહેજ વધારો કરો. મારો ધણી વચનનો કદી ભંગ કરે તેવા નથી. તેવણને ન ધારી અડચણ નડી હોવી જોઇએ.

તેહેમી—ઓ ખુદા ! કેકોબાદ જો નહિ આવી પોંહચશે તો હમારી કોશીસથી મળેલી મારી ધુળ થશે ! બન્ને જણા મોતના શિકાર થશે ? હમારો નાશ થશે !

[તેહેમીના અધીરી ઇંતેજારીથી આસપાસ જોતી ફરેછે, દુખથી હાથ મસળે છે. બુરજનું બારણું ખુલેછે. અંદરથી કાલીંદી, બહાદુર અને બીજા સેપાહીઓના પાહરા તળે રૂસ્તમનું દાખલ થવું.]

કાલીંદી—રાયજી ! બંધુઓ ! આપણા ન્યાયી કામની ઘડી આવી પોંહચી છે !

[ગુલ તેહેમીનું રૂસીને જોતાં કલપાંત કરવું. તેહેમીના સામી ધસી રૂસ્તમને વળગી પડે છે, તે કચવાયછે.]

તેહેમી—ઓ મ્હારા રૂસ્તમ ! રૂસ્તમ ! આય કેવી આફ્ત ?

રૂસ્તમ—(મજબુત મન કરેછે) તેહેમી! ... તમો લોક અહી કાંય આયાં?

તેહેમી—મારા વ્હાલા! હમો તમુને બચાવવા આયા, તોપણ ખુદા હમોપર રૂઠોછે.

કાલીંદી—દગલબાજ કૈકોબાદે વચનનો ભંગ કીધોછે, હવે ત્હારે માટે મોતછે.

રૂસ્તમ—તે કદી દગો કરશે નહિ! વચનથી ફરશે નહિ!

ગુલ—કૈકોબાદ મધરાતનાં આ તરફ રવાના થઇ ચુકાછ! પણ ખુદા જાણે કયાં ગુમ થયાછ!

તેહેમી—ઓ ગુલાં? મ્હારો વ્હાલો તારા ધણીની ગફલતીથી માર્યો જાયછ! મને મારી જાયછ! (રડેછે)

શિયાવક્ષ—(બાજુથી આવી રાયસીંહનો હાથ પકડી ગુડને પડેછે) સરદાર! હમારીપર રહમ કરો! મારા બાપની આબરૂને કલંકથી બચાવો.

રાયસિંહ—બેટા ચૂપ થા. અત્રે જે થાયછે તે ન્યાયસર થાયછે, અન્યાય થતો નથી ત્હારો પિતા હજી આયો નથી તેથી આને મરવું જોઇએ.

શિયાવક્ષ—ઓ! તમો કઠોર ના બનો! રહમ કરો! દવા કરો! મને મારા બાપની આબરૂ જાળવવા ખાતર મારી નાખો! તેમને કલંકની નામોશીમાંથી છોડવો.

ગુલ—(રડી પડતાં પેટમાં દાબેછે) દીકરા, દીકરા તું હજી નાદાન છે!

શિયાવક્ષ—મમા! હું સઘળું સમજી શકુંચ! મારા પપા ખાતર નિરદોશ રૂસ્તમ માર્યો જશે, તો મારા બાવા પણ તેજ હાલતે પોંહચશે! આપણી આબરૂને કલંક લાગશે! કદાચ એઓ તેમને મારી નાખશે! તેથી બાવા ખાતર મને મારી નાખવા આય સરદારને સમજાવો!

કાલીંદી—છોકરા મુગો બેસ ! મ્હાને મ્હોને ઝાઝુ બોલીએ નહિ. રાયજી હુકમ આપો ! પોહોર ફાટી ચુકું છે !

રાયસિંહ—હજી થોડો વખત બાકી છે, સુર્ય નારાયણનાં હજી પુર્ણ દર્શન થયાં નથી.

તેહેમી—(આસમાન તરફ હાથ ઉઠાવે છે) ઓ ખુદા ! હું ત્હારી પાસે શું માગું ? (જનુનમાં આવી) તું સાંભળી નથી શકતો ? મ્હારો વ્હાલો ત્હારી કુદરત ખીલતાં મરી જશે, તેને બચાવવા ત્હારા આફતાબની રોશનીને બુઝાવી નાખ ! બુઝાવી નાખ ! નહિ તો આય જાન બુઝાઇ જશે ' મ્હારો વ્હાલો મરી જશે !

રૂસ્તમ—(કલપાંતથી કંટાળી) મારા અઝીઝો ! મારે થકી રૂદન ના કરો, મારી હિમ્મતને કમકુવત ના બનાવો ! મોત પેહેલાં કાયર મરદોને મારે છે ! બહાદુર નરતો મોતનો સ્વાદ એકજ વખત ચાખે છે ! કેમકે આખરીનો રસ્તો સર્વે માટે મોત છે ! તે તો જ્યારે આવવાનું હશે ત્યારે આવશે.

ગુલ—હવે રડી તતરીને મારા જીવને હૈયામાંથી કેમ કાઢું ? આ તમારા હથીયારો છે, અને આ મ્હારૂં સામું બદન છે ! તેમાં સુન્ના કરતાં પણ કિમતી અને કહારૂનના ખજાના કરતાં વધારે બેમુલ જીગર છે. તેને મારા ધણીની આબરૂ માટે રહેંસી નાખો. તેવણ દગાથી અવતા અટકી ગીઆ હશે ! તો હું મારૂં જીગર મોતને સોંપું છું, રૂસ્તમ પર જે શ્વા કરશો તે મારીપર કરો.

કાલીંદી—(કઠોરતાથી) આ બાઇઓનો કલપાંત ફોકટનો છે ! બંધુઓ એમને દુર કરો ! આપણું કામ પાર પાડો.

રૂસ્તમ—વ્હાલાંઓ ખુદા તમારો નિગેહબાન થાવો ! હું મરીશ તો ફરજ બતાવતાં મુવો એમ સમજી મરીશ ! ઘનઘોર વેરાનમાં હિમ્મતથી જાન તજીશ ! આનંદ અને ઉલટ સાથે પ્રાણ ખોઇશ !

(આફતાબ પુર તેજથી પ્રકાશે છે.)